بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧/માર્ચ/૨૦૧૮**

જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ

હિજરી સન : ૧૪૩૯

વર્ષ : ૧૫, અંક : ૦૩, સળંગ અંક : ૧૭૧



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી





## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہનો નસીહતભર્યો મુબારક પત્ર | 02 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 06 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 10 |
| 04 | હદાઈકે બખ્શિશ | 13 |
| 05 | વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم | 17 |
| 06 | સીરતે રસૂલે મુખ્તાર صلی اللہ علیہ وسلم | 19 |
| 07 | તઝકેરતુલ અવલિયા | 20 |
| 08 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 21 |
| 09 | કાનૂને શરીઅત | 24 |
| 10 | ગુનાહોનો ઈલાજ | 28 |
| 11 | ઈમામે આ'ઝમ મુહદ્દિષો તથા ફકીહોની નજરમાં | 30 |
| 12 | ખુદા વ રસૂલથી સંબંધ મજબૂત કર્યા વિના કામયાબી શક્ય નથી ! | 33 |
| 13 | રોહિંગ્યા મુસલમાનોની દર્દભરી દાસ્તાન ! | 35 |
| 14 | નહૂસત તથા અપશુકન : ઈસ્લામી દષ્ટિએ | 40 |
| 15 | ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની કરામતો | 43 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


**ખ્વાજા જી દિલ મેં મેરે કયા ગુલ ખિલાયા આપને**

ખ્વાજા જી દિલ મેં મેરે કયા ગુલ ખિલાયા આપને
ઝુલ્મતોં મેં નૂર કા દીપક જલાયા આપને
સુન્નતે ગૌષુલવરા કો આપને જારી રખા
મકરે શૈતાં સે મુરીદોં કો બચાયા આપને
થા જો એક ઉજળા હુવા સા શહરે રેગિસ્તાન કા
ઉસ કો અજમેરે મુકદ્દસ કહેલવાયા આપને
તાકે યે બન જાએ વલિયોં સૂફિયોં કી સરઝમીં
ઈસ લિયે ભારતમેં હી ડેરા લગાયા આપને
રહનુમાઈ આપ કી હૈ બાઈસે રહ઼મત હમેં
રાહે હક્ક઼ પર ગુલામોં કો ચલાયા આપને
જબ મુરીદોંને મુસીબતમેં પુકારા આપ કો
ડૂબતી કશ્તી કો સાહિલ સે લગાયા આપને
બુત પરસ્તી મેં જો સદિયોં સે રહે થે મુબ્તલા
ઉનકો અપને ખુલ્ક઼ સે મુસ્લિમ બનાયા આપને
ફૈઝે ખ્વાજાસે ચલા હૈ આજ 'નઝમી' કા ક઼લમ
મુઝ કો લિખને કે ક઼ાબિલ બનાયા આપને



# ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ નો નસીહતભર્યો મુબારક પત્ર

તંત્રી લેખ..

બુઝુર્ગોને દીનની મેહફિલોમાં હમેશાં અલ્લાહ વ રસૂલની, શરીઅતની, દીનની, ખૌફે ખુદાની, ફિક્રે આખેરતની, ખિદમતે ખલ્કની વગેરે ભલાઈની જ વાતો થતી હોય છે. આપની નસીહતોમાં દુનિયા તથા આખેરતની ભલાઈ હોય છે અને તેના પર ચાલનાર દુનિયાની મોહમાયાથી દૂર ભાગીને આખેરતની ફિક્રમાં લાગી જતો હોય છે. અતાએ રસૂલ, સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ હઝરત મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہની ઝાતે બાબરકતે હિંદુસ્તાનમાં લોકોને કુફ્રો શિર્કની ગુમરાહીથી છોડાવી એક અલ્લાહની તૌહીદમાં માનનારા તથા તેની જ ઈબાદત કરનારા બનાવી ઈસ્લામની વસંત ફેલાવી દીધી. જેની બરકતથી જ આજે હિંદમાં ઈસ્લામની બોલબાલા છે. આપની નસીહતોથી સોહબતથી અનેક લોકો સીધો માર્ગ પામ્યા છે. કિતાબોના અભ્યાસ પરથી જણાય છે કે આપ આપના મુરીદો ચાહકોને એવા નસીહતભર્યા પત્રો લખતા જે તેમના દિલની દુનિયામાં ઈન્કિલાબ પેદા કરી દેતા હતા. એવો જ એક પત્ર આપે હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની ઉપર લખ્યો છે જે આપણા સૌના માટે પણ ખૂબ જ નસીહત આમેઝ અને દુનિયા વ આખેરતની ભલાઈ પ્રેરતો છે. તો આવો ! એનો અભ્યાસ કરીએ અને બુઝુર્ગોની સૂચવેલી રાહ પર ચાલવા કોશિશ કરીએ કે જેમાં આપણી બંને જહાનની નજાત સમાયેલી છે.

ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ લખે છે : بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ વાસિલોના બરગુઝીદા, રબ્બુલ આલમીનના આશિક, મારા ભાઈ ખ્વાજા કુત્બુદ્દીન દહેલ્વી ! (મઅબૂદે હકીકીની પનાહમાં રહીને સલામત રહો.)

**દુનિયાની મહોબ્બત તમામ ગુનાહોનું મૂળ** : એક દિવસે આ દુઆગો ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર હતો એવામાં એક શખ્સે આવીને અરજ કરી, શયખ સાહબ ! મેં વિવિધ ઈલ્મો હાંસલ કર્યા, ખૂબ જ ઝુહદ કર્યો, પરંતુ મકસદ નથી પામ્યો. ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, તમારે કેવળ એક વાત પર અમલ કરવો જોઈએ તો આલિમ પણ થઈ જશો અને ઝાહિદ પણ થઈ જશો. તે એ કે જનાબ રસૂલે મકબૂલ ﷺએ ફર્માવ્યું છે : ترک الدنیا راس کل عبادۃ وحب الدنیا راس کل خطیئۃ **દુનિયાને ત્યજવું એ તમામ ઈબાદતનું સર (માથુ) છે** અને **દુનિયાની મહોબ્બત તમામ ખતાઓ (ગુનાહો)નું મૂળ છે.** જો તમે હદીષ પર અમલ કરો તો પછી તમને કોઈ અન્ય ઈલ્મની જરૂરત રહેશે નહીં. એટલે العلم نکتہ ઈલ્મ એક નુકતો છે. પરંતું એને કહી લેવું આસાન છે, પણ એના પર અમલ કરવો મુશ્કેલ છે. તો યકીન જાણો તર્ક (દુનિયાને ત્યજવું) ત્યાં સુધી હાંસલ નથી થઈ શકતુ જ્યાં સુધી મહોબ્બત કમાલના દરજાએ ન પહોંચે. અને મહોબ્બત ત્યારે પેદા થાય છે જ્યારે અલ્લાહ તઆલા હિદાયત કરે. હક તઆલાની હિદાયત તમન્ના (મકસૂદ) વિના હાંસલ નથી થઈ શકતી. من یھد اللہ فھوا المھتد "જેને અલ્લાહ તઆલા હિદાયત આપે તે જ હિદાયત પામી શકે છે."

**રબ સમક્ષ આજિઝી તથા રૂદન અપનાવો** : જેથી માણસ માટે લાઝિમ છે કે અલ્લાહ તઆલાનો

લેહાઝ કરીને પોતાના પ્રિય તથા અમુલ્ય સમયને દુનિયવી ખ્વાહિશોને પૂરી કરવામાં બર્બાદ ન કરે, બલ્કે સમયને ગનીમત સમજીને ફક્રો ફાકા (તંગદસ્તી)માં ઉમર પસાર કરે, આજિઝી તથા ગિર્યાઓ ઝારી (રબની બારગાહમાં રૂદન કાકલૂદી)થી પેશ આવે, ગુનાહોની શર્મિંદગીના કારણે માથુ ઊંચુ ન કરે. દરેક હાલતમાં આજિઝી તથા રૂદન કાકલૂદીથી પેશ આવે, કેમ કે (રબની પ્રતિ) ખેંચાણ, બંદગી તથા ઈબાદત અને સૌથી સારું કામ આ જ આજિઝી તથા નિયાઝમંદી છે.

ત્યારબાદ ખ્વાજા સાહબે પ્રસંગાનુચિત આ હિકાયત વર્ણન કરી કે, હાતિમ અસમ رحمۃ اللہ علیہ ખ્વાજા શફીક બલ્ખી رحمۃ اللہ علیہના શાગિર્દ તથા મુરીદ હતા. એક દિવસે શયખ સાહબે પૂછયું, કેટલા સમયથી તમો મારી મહોબ્બત તથા ખિદમતમાં લાગેલા છો અને મારી વાતો સાંભળવા આવ્યા છો ? અર્ઝ કરી, ત્રીસ વરસથી. પૂછયું, આ અરસામાં શું કાંઈ હાંસલ કર્યું ખરૂ ?! અને કાંઈ ફાયદો પણ મેળવ્યો ? અર્ઝ કરી, આઠ ફાયદા હાંસલ કર્યા. એનાથી વધુની હવે મારે જરૂરત પણ નથી રહી. ફર્માવ્યું, اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ હાતિમ ! મેં આખુ જીવન તારા કામમાં ખર્ચ કરી નાખ્યું, હું પણ નથી ચાહતો કે તું આનાથી વધુ હાંસલ કરે. અર્ઝ કરી, મારા માટે આટલો જ ઈલ્મ પૂરતો છે કેમ કે બંનેવ જહાનની નજાત આ આઠ ફાયદાઓમાં આવી જાય છે. ફર્માવ્યું, સારું ! એને વર્ણન કરો !

**કોને મહબૂબ બનાવવો જોઈએ ?! :** ફર્માવ્યું, ઉસ્તાદ સાહબ ! **પ્રથમ** એ છે કે જ્યારે મેં ખલ્કત (લોકો)ને ધ્યાનપૂર્વક જોયી તો જાણવા મળ્યું કે દરેક શખ્સે કોઈ ન કોઈને પોતાનો મહબૂબ તથા મઅશૂક ઠરાવી રાખેલ છે. એ મહબૂબ તથા મઅશૂક એ પ્રકારના છે કે અમુક મૃત્યુ શૈયા સુધી તેની સાથે રહે છે, અમુક મરતાં સુધી, અમુક કબ્રના છેડા સુધી સાથે રહે છે, એના પછી કોઈ પણ સાથે નથી જતુ. કોઈ એવું નથી કે માણસની સાથે કબરમાં જઈને તેનો ગમખ્વાર અને તેની કબ્રનો ચિરાગ બની શકે. આ જોઈને મેં મારા દિલમાં વિચાર્યું કે મહબૂબ તે જ સારો જે માણસની સાથે કબ્રમાં જાય, અને ત્યાં તેનો ગમખ્વાર (ગમ દૂર કરનાર) તથા ચિરાગ બને, કયામતની મંઝિલો પાર કરાવે. મને જાણવા મળ્યું કે આ ખૂબીઓથી સજ્જ મહબૂબ તો કેવળ નેક અમલો જ છે. જેથી મેં તેમને મારા મહબૂબ બનાવ્યા અને તેમને પોતાના માટે મોહિબ્બ બનાવી લીધા, જેથી કબ્રમાં પણ મારી ગમખ્વારી કરે અને મારા માટે ચિરાગ સાબિત થાય અને તે ઉપરાંત દરેક મંઝિલમાં તે મારી સાથે રહે અને મને છોડીને ન જાય. ખ્વાજા શફીક બલ્ખી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હાતિમ ! તેં ખૂબ સરસ સમજ્યું !

**નફસના વિરોધીનું ઠેકાણુ જન્નત છે ! : (બીજો)** : એ કે જ્યારે મેં લોકોને ધ્યાનપૂર્વક જોયા તો જાણવા મળ્યું કે તમામે તમામ લાલચ તથા હવસની પૈરવી કરવાવાળા બન્યા છે અને નફસના કહ્યાનુસાર ચાલે છે. પછી મેં આ આયતે કરીમા પર વિચારણા કરી : وَ اَمَّا مَنْ خَافَ مَقَامَ رَبِّہٖ وَ نَہَی النَّفْسَ عَنِ الْہَوٰی ﴿۴۰﴾ فَاِنَّ الْجَنَّۃَ ہِیَ الْمَاْوٰی ﴿۴۱﴾ "જેણે અલ્લાહ તઆલાથી ડરીને નફસની ખ્વાહિશોને રોકી તેનું ઠેકાણુ જન્નત છે." *(સૂ. નાઝિઆત, ૭૯/૪૦, ૪૧)* તો યકીન થઈ ગયું કે કુર્આન શરીફ સાચુ છે. એટલા માટે હું નફસનો વિરોધ કરવા તૈયાર થઈ ગયો અને તેને મુજાહિદાની કઠણાઈઓમાં રાખી દીધો. તેની એક આરઝૂ પણ પૂરી ન કરી. હવે કેવળ અલ્લાહ તઆલાની ફર્માંબરદારીથી મને આરામ (સૂકૂન) હાંસલ થાય છે. ખ્વાજા શફીક બલ્ખી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા તને એમાં બરકત આપે, તેં ઘણુ જ સરસ સમજ્યું અને સારું કર્યું.

**તમે જમા કરેલું ખત્મ થઈ જશે, રબને ત્યાંનું બાકી રહેશે : (ત્રીજો)** : એ કે જ્યારે લોકોની હાલતોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું તો સ્પષ્ટ થયું કે દરેક વ્યક્તિ દુનિયાના માટે કોશિશ કરે છે, રંજ તથા મુસીબતો વેઠે છે ત્યારે જઈને ક્યાંક દુનિયવી હાકિમોથી હાંસલ કરે છે અને પછી એના પર ઘણો ખુશો ખુર્રમ રહે છે, ત્યારબાદ મેં આ આયત પર વિચારણા કરી : مَا عِنْدَكُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ "જે કાંઈ તમારી પાસે છે તે ખત્મ થઈ જનારું છે અને જે અલ્લાહ તઆલાના ત્યાં છે તે બાકી રહેનારું છે." *(સૂ. નહલ, ૧૬/૯૬)* તો જે કાંઈ પણ મેં જમા કર્યું હતું સર્વ રાહે ખુદામાં મેં ખર્ચી નાખ્યું અને પોતે પોતાને અલ્લાહ તઆલાને સોંપી આપ્યો જેથી મારી પૂંજી બારગાહે ઈલાહીમાં બાકી રહે, અને આખેરતમાં મારુ ભાથુ બને. ખ્વાજા શફીક઼ બલ્ખી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા તને બરકત આપે ! તેં ઘણુ જ સારું કર્યું.

**સૌથી અધિક ઈજ્જતદાર કોણ ? : (ચોથો)** : એ કે જ્યારે મેં લોકોને ધ્યાનપૂર્વક જોયા તો જાણવા મળ્યું કે અમુક લોકોએ માણસની ઈજ્જત તથા મહાનતા તથા તેની બુઝુર્ગી (પોતાની આસપાસ) અધિક પબ્લિકને સમજી રાખેલ છે અને એના પર તેમને ફખ્ર છે. અમુકે સમજી રાખ્યું છે કે માલ તથા ઔલાદ(ની અધિકતા) પર ઈજ્જતનો દારોમદાર છે અને તેને ફખ્રની પૂંજી સમજે છે. ત્યારબાદ મેં આ આયતે કરીમા પર વિચારણા કરી : اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ "બેશક ! અલ્લાહને ત્યાં તમારામાં અધિક ઈજ્જતવાળો તે છે જે તમારામાં અધિક પરહેઝગાર છે." *(સૂ. હુજુરાત, ૪૯/૧૩)* તો જાણવા મળ્યું કે બસ, આ જ દુરુસ્ત તથા હક્ક઼ છે અને જે કાંઈ લોકોએ ખયાલ કરી રાખેલ છે એ સરાસર ગલત છે. જેથી મેં તક઼વો (ખુદાનો ડર) અપનાવ્યો કે જેથી હું પણ બારગાહે ઈલાહીનો મુકર્રમ (ઈજ્જતવાળો) બની જઉં. ખ્વાજા શફીક઼ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, તેં સારી રીતે હક્ક઼ને સમજ્યું અને સહીહ માર્ગ અપનાવ્યો.

**હસદ તથા ઈર્ષા કરવી નિરર્થક છે : (પાંચમો)** : એ કે જ્યારે મેં લોકોની હાલતો ધ્યાનપૂર્વક જોઈ તો જાણવા મળ્યું કે એકબીજાને હસદ (ઈર્ષા)ને કારણે બુરાઈ વડે યાદ કરે છે અને હસદ પણ માલ, મર્તબા તથા ઈલ્મનો કરે છે. પછી મેં આ આયત પર વિચારણા કરી : قَسَمْنَا بَيْنَهُمْ مَّعِيْشَتَهُمْ فِي الْحَيٰوةِ الدُّنْيَا "અમે એમનામાં દુનિયવી જિંદગીના માટે રોજી વગેરેની વહેંચણી કરી." *(સૂ. ઝુખ્રફ, ૪૩/૩૨)* જાણવા મળ્યું અઝલ (દુનિયાના પહેલા દિવસ)થી એમના હિસ્સામાં આ ચીજો આવી ચૂકી છે અને કોઈનો એમાં ઈખ્તિયાર નથી, તો પછી ઈર્ષા નિરર્થક છે. ત્યારથી મેં હસદ છોડી આપ્યો અને દરેક સાથે સુલહ અપનાવી લીધી. ખ્વાજા શફીક઼ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, આ પણ તેં ઘણુ જ સારું કર્યું અને હક્ક઼ સારી રીતે સમજ્યું.

**આપણો ઉઘાડો દુશ્મન કોણ ? શૈતાન ! : (છઠ્ઠો)** : એ કે જ્યારે દુનિયાને ધ્યાનપૂર્વક જોઈ તો જાણવા મળ્યું કે કેટલાક લોકો આપસમાં દુશ્મની રાખે છે અને કોઈ ખાસ કામના માટે એકબીજાની દુશ્મનાવટ કરે છે. પછી મેં આ આયત પર વિચારણા કરી : اِنَّ الشَّيْطٰنَ لَكُمَا عَدُوٌّ مُّبِيْنٌ "શૈતાન તમારો ખુલ્લો દુશ્મન છે." *(સૂરએ અઅરાફ, ૭/૨૨)* તો મને જાણ થઈ ગઈ કે અલ્લાહ તઆલાનું કલામ એકદમ સાચુ છે. ખરેખર આપણો દુશ્મન તો શૈતાન જ છે, જેથી શૈતાનની પયરવી (અનુસરણ) ન કરવી જોઈએ.

ત્યારથી હું શૈતાનને મારો દુશ્મન સમજુ છું, ન તેનું અનુસરણ કરું છું અને ન તો આજ્ઞાપાલન, બલ્કે એનાથી

વિરુદ્ધ અલ્લાહ તઆલાના હુકમોને બજાવતો રહું છું, તેની બુઝુર્ગી વર્ણવું છું અને દુરુસ્ત પણ એ જ છે. જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :

اَلَمْ اَعْهَدْ اِلَیْكُمْ یٰبَنِیْۤ اٰدَمَ اَنْ لَّا تَعْبُدُوا الشَّیْطٰنَ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِیْنٌ ﴿۶۰﴾ وَّ اَنِ اعْبُدُوْنِیْ هٰذَا صِرَاطٌ مُّسْتَقِیْمٌ ﴿۶۱﴾

"હે આદમની ઔલાદ ! શું મેં તમારાથી વચન નથી લીધું કે તમે શૈતાનની પયરવી તથા પરસ્તિશ ન કરશો, કેમ કે તે તમારો ઉઘાડો દુશ્મન છે. જો તમે મારી પરસ્તિશ (ઈબાદત) કરો તો એ સીધો માર્ગ છે." *(સૂરએ યાસીન, ૩૬/૬૦, ૬૧)* ખ્વાજા શફીક઼ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે તેં સહી માર્ગ અપનાવ્યો અને સારી પેઠે સમજ્યો.

**હરામથી બચો ! રોજીનો જામિન અલ્લાહ છે : (સાતમો)** : એ કે જ્યારે મેં લોકોને ધ્યાનપૂર્વક જોયા તો જાણવા મળ્યું કે દરેક શખ્સ પોતાની રોજી રોજગાર માટે તનતોડ કોશિશ કરી રહ્યો છે અને એના કારણે હરામ તથા શંકાસ્પદ ચીજોમાં પડી જાય છે અને પોતાને ઝલીલ (બેઈજ્જત) કરે છે. પછી મેં આ આયત પર વિચારણા કરી : وَ مَا مِنْ دَآبَّةٍ فِی الْاَرْضِ اِلَّا عَلَی اللّٰهِ رِزْقُهَا "અને જમીન પર ચાલનાર કોઈ હયવાન એવું નથી જેની રોજી અલ્લાહના કરમના જિમ્મે ન હોય." *(સૂરએ હૂદ, ૧૧/૬)* એનાથી એ વાત સમજમાં આવી ગઈ કે તેનું ફર્માન હક્ક઼ છે. હું પણ એક હયવાન (પ્રાણી) છું ! ત્યારથી અલ્લાહ તઆલાની ખિદમતમાં મશગૂલ થઈ ગયો અને મને યક઼ીન થઈ ગયું કે મારી રોજી તે જરૂરથી મારા સુધી પહોંચાડશે, જ્યારે કે તે એ વાતનો જામિન છે. ખ્વાજા શફીક઼ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, તેં ઘણુ જ સરસ વિચાર્યું અને સમજ્યું.

**અલ્લાહ પર ભરોસો કરનાર માટે તે પૂરતો છે : (આઠમો)** : એ કે જ્યારે મેં લોકોને ધ્યાનપૂર્વક જોયા તો જાણવા મળ્યું કે દરેક શખ્સને કોઈ ન કોઈ ચીજ પર ભરોસો છે. અમુકને સોના ચાંદી પર, અમુકને જમીન જાયદાદ પર ભરોસો છે. પછી મેં આ આયતનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો : وَ مَنْ یَّتَوَكَّلْ عَلَی اللّٰهِ فَهُوَ حَسْبُهٗ "અને જો અલ્લાહ પર ભરોસો કરે તો તે તેના માટે પૂરતો છે." *(સૂરએ તલાક઼, ૬૫/૩)* ત્યારથી મેં અલ્લાહ તઆલા પર તવક્કુલ કર્યો અને મેં તેને પૂરતો પામ્યો, અને તે મારો અતિ ઉમદા વકીલ છે.

ખ્વાજા શફીક઼ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હાતિમ ! અલ્લાહ તઆલા તમને આ વાતોની તૌફીક઼ આપે. મેં તૌરાત, ઈન્જીલ, ઝબૂર અને કુર્આનનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો અને મને આ ચારેવ આસ્માની કિતાબોમાંથી એ જ આઠ વાતો હાંસલ થઈ. જે એના પર અમલ કરે છે તો સમજો તે ચારેવ કિતાબો પર અમલ કરે છે. આ હિકાયતથી તને માલૂમ થઈ ગયું કે ઈન્સાનને અધિક ઈલ્મની નહીં પણ અમલની જરૂરત છે. વસ્સલામ.

*–[હવાલો : (કિતાબ) તાજદારે અજમેર, સંપાદક : હાજી અન્વર અલી, પેજ : ૧૧૬ થી ૧૨૩)]*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ ઉપરોક્ત પત્રને વારંવાર ગંભીરતાથી વાંચો અને એના પર અમલ કરવાની કોશિશ કરો તો તમારી દુનિયા તથા આખેરત બંનેવ સંવરી જશે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં તમને, મને, સૌને અમલની તૌફીક઼ આપે. ખ્વાજા સાહબ તેમજ અન્ય બુઝુર્ગોની ચાહતના કેવળ દાવા કરવાની નહીં પણ તેમણે ફર્માવેલી વાતો પર મજબૂતીથી ચાલવાની તૌફીક઼ બખ્શે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

وَدَّتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ يُضِلُّوْنَكُمْ ؕ وَ مَا يُضِلُّوْنَ اِلَّاۤ اَنْفُسَهُمْ وَ مَا يَشْعُرُوْنَ ﴿۶۹﴾ يٰۤاَهْلَ الْكِتٰبِ لِمَ تَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَ اَنْتُمْ تَشْهَدُوْنَ ﴿۷۰﴾ يٰۤاَهْلَ الْكِتٰبِ لِمَ تَلْبِسُوْنَ الْحَقَّ بِالْبَاطِلِ وَ تَكْتُمُوْنَ الْحَقَّ وَ اَنْتُمْ تَعْلَمُوْنَ ﴿۷۱﴾ وَ قَالَتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ اٰمِنُوْا بِالَّذِیْۤ اُنْزِلَ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَجْهَ النَّهَارِ وَ اكْفُرُوْۤا اٰخِرَهٗ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿۷۲﴾ۚۖ وَ لَا تُؤْمِنُوْۤا اِلَّا لِمَنْ تَبِعَ دِيْنَكُمْ ؕ قُلْ اِنَّ الْهُدٰى هُدَى اللّٰهِ ۙ اَنْ يُّؤْتٰۤى اَحَدٌ مِّثْلَ مَاۤ اُوْتِيْتُمْ اَوْ يُحَآجُّوْكُمْ عِنْدَ رَبِّكُمْ ؕ قُلْ اِنَّ الْفَضْلَ بِيَدِ اللّٰهِ ۚ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ؕ وَ اللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿۷۳﴾ۚۙ يَّخْتَصُّ بِرَحْمَتِهٖ مَنْ يَّشَآءُ ؕ وَ اللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿۷۴﴾ وَ مِنْ اَهْلِ الْكِتٰبِ مَنْ اِنْ تَاْمَنْهُ بِقِنْطَارٍ يُّؤَدِّهٖۤ اِلَيْكَ ۚ وَ مِنْهُمْ مَّنْ اِنْ تَاْمَنْهُ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

કિતાબવાળાઓનું એક જુથ દિલથી ઈચ્છે છે કે કોઈ રીતે તમને ભટકાવી દે. અને તેઓ પોતાને ભટકાવે છે અને તેઓને સમજ નથી[૨૪૧] (૬૯) હે કિતાબવાળાઓ ! અલ્લાહની આયતોથી કુફ્ર કેમ કરો છો[૨૪૨] તમે પોતે ગવાહ હોવા છતાં[૨૪૩] (૭૦) હે કિતાબવાળાઓ ! સત્યમાં અસત્ય શા માટે ભેળવો છો ? અને તમને ખબર હોવા છતાં સત્યને કેમ છુપાવો છો (૭૧) અને કિતાબવાળાઓનું એક જુથ બોલ્યું[૨૪૪] પેલું જે ઈમાનવાળાઓ પર ઉતર્યુ[૨૪૫] સવારમાં તેના પર ઈમાન લાવો અને સાંજે મુન્કિર બની જાવ, કદાચ તેઓ ફરી જાય[૨૪૬] (૭૨) અને તમારા દીનના અનુયાયી સિવાય (બીજા પર) યક़ીન ન લાવો, તમે ફર્માવી દો કે અલ્લાહની હિદાયત જ હિદાયત છે[૨૪૭] (યક़ીન કઈ બાબતનો ન લાવો) એનો કે કોઈને મળે[૨૪૮] (એવું) જેવું તમને મળ્યું અથવા તમારા પરવરદિગાર પાસે કોઈ તમારી હુજ્જત લાવે,[૨૪૯] તમે ફર્માવી દો કે ફઝ્લ તો અલ્લાહના જ હાથમાં છે, જેને ઈચ્છે (તેને) આપે, અને અલ્લાહ છૂટછાટવાળો ઈલ્મવાળો છે (૭૩) પોતાની રહમતથી[૨૫૦] જેને ઈચ્છે (તેને) ખાસ કરે છે[૨૫૧] અને અલ્લાહ મોટો ફઝ્લવાળો છે (૭૪) અને કિતાબવાળાઓમાં કોઈ તે છે કે જો તેની પાસે એક ઢગલો મૂકે તો

بِدِيْنَارٍ لَّا يُؤَدِّهٖۤ اِلَيْكَ اِلَّا مَا دُمْتَ عَلَيْهِ قَآئِمًا ؕ
ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَيْسَ عَلَيْنَا فِى الْاُمِّيّٖنَ سَبِيْلٌ ۚ
وَ يَقُوْلُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ وَ هُمْ يَعْلَمُوْنَ ﴿٧٥﴾ بَلٰى
مَنْ اَوْفٰى بِعَهْدِهٖ وَ اتَّقٰى فَاِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ ﴿٧٦﴾
اِنَّ الَّذِيْنَ يَشْتَرُوْنَ بِعَهْدِ اللّٰهِ وَ اَيْمَانِهِمْ ثَمَنًا
قَلِيْلًا اُولٰٓئِكَ لَا خَلَاقَ لَهُمْ فِى الْاٰخِرَةِ وَ لَا
يُكَلِّمُهُمُ اللّٰهُ وَ لَا يَنْظُرُ اِلَيْهِمْ يَوْمَ الْقِيٰمَةِ وَ لَا
يُزَكِّيْهِمْ ۠ وَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٧٧﴾ وَ اِنَّ مِنْهُمْ
لَفَرِيْقًا يَّلْوٗنَ اَلْسِنَتَهُمْ بِالْكِتٰبِ لِتَحْسَبُوْهُ مِنَ
الْكِتٰبِ وَ مَا هُوَ مِنَ الْكِتٰبِ ۚ وَ يَقُوْلُوْنَ هُوَ مِنْ
عِنْدِ اللّٰهِ وَ مَا هُوَ مِنْ عِنْدِ اللّٰهِ ۚ وَ يَقُوْلُوْنَ عَلَى
اللّٰهِ الْكَذِبَ وَ هُمْ يَعْلَمُوْنَ ﴿٧٨﴾ مَا كَانَ لِبَشَرٍ اَنْ
يُّؤْتِيَهُ اللّٰهُ الْكِتٰبَ وَ الْحُكْمَ وَ النُّبُوَّةَ ثُمَّ يَقُوْلَ
لِلنَّاسِ كُوْنُوْا عِبَادًا لِّىْ مِنْ دُوْنِ اللّٰهِ وَ لٰكِنْ كُوْنُوْا
رَبّٰنِيّٖنَ بِمَا كُنْتُمْ تُعَلِّمُوْنَ الْكِتٰبَ وَ بِمَا كُنْتُمْ
تَدْرُسُوْنَ ﴿٧٩﴾ وَ لَا يَاْمُرَكُمْ اَنْ تَتَّخِذُوا الْمَلٰٓئِكَةَ وَ
النَّبِيّٖنَ اَرْبَابًا ؕ اَيَاْمُرُكُمْ بِالْكُفْرِ بَعْدَ اِذْ اَنْتُمْ
مُّسْلِمُوْنَ ﴿٨٠﴾

તે તને પાછી સોંપી દેશે[૨૫૨] અને તેઓમાં કોઈ તે છે કે જો તું એક અશરફી તેના પાસે અમાનત મૂકે તો તેને પરત નહીં કરે પણ જ્યાં સુધી (કે) તું તેના માથા પર ઉભો રહે[૨૫૩] આ એટલા માટે કે તેઓ કહે છે કે અભણો[૨૫૪] ના વિષયમાં અમારા પર કોઈ પકડ નથી, અને અલ્લાહ પર જાણી જોઈને જૂઠ લગાડે છે[૨૫૫] (૭૫) હા ! કેમ નહીં જેણે પોતાનો વાયદો પૂરો કર્યો અને પરહેઝગારી (ધારણ) કરી, અને બેશક ! પરહેઝગાર અલ્લાહને ગમે છે (૭૬) તેઓ જે અલ્લાહના વાયદા અને પોતાની ક઼સમોના બદલે તુચ્છ કિંમત લે છે[૨૫૬] આખિરતમાં તેમનો કશો હિસ્સો નથી, અને અલ્લાહ ન તો તેઓ સાથે વાત કરે, અને ન તેઓ તરફ નજર ફર્માવે ક઼યામતના દિવસે, અને ન તેમને પાક કરે, અને તેમના માટે દુઃખદાયક અઝાબ છે[૨૫૭] (૭૭) અને તેઓમાં અમુક તે છે જે જીભ વાળીને કિતાબમાં ભેળસેળ કરે છે કે (જેથી) તમે એવું સમજો કે આ (ભેળવેલું) પણ કિતાબમાં છે, અને (સત્ય એ છે કે) તે કિતાબમાં નથી. અને તેઓ કહે છે આ અલ્લાહ પાસેથી છે, અને તે અલ્લાહ પાસેથી નથી. અને અલ્લાહ પર જાણી જોઈને જૂઠ લગાડે છે[૨૫૮] (૭૮) કોઈ આદમીનો એ હક઼ નથી કે અલ્લાહ તેને કિતાબ અને પૈગમ્બરી અને હુકમ આપે[૨૫૯] પછી તે લોકોને કહે કે અલ્લાહને છોડીને મારા બંદા બની જાવ[૨૬૦] હા! આવું કહેશે કે થઈ જાવ અલ્લાહવાળા[૨૬૧] એ કારણે કે તમે કિતાબ શિખવાડો છો. (૭૯) અને એટલા માટે કે તમે સબક઼ આપો છો[૨૬૨] અને ન તમને એ હુકમ આપશે[૨૬૩] કે ફરિશ્તાઓ અને પૈગમ્બરોને ખુદા ઠેરવી લો. શું તમને તમે પોતે મુસલમાન થઈ ગયા પછી કુફ્રનો હુકમ આપશે ?[૨૬૪] (૮૦) અને યાદ કરો જ્યારે અલ્લાહે પૈગમ્બરો પાસેથી એમનું વચન લીધું[૨૬૫]

**૨૪૧ : શાને નુઝૂલ :** આ આયત હઝરત મુઆઝ બિન જબલ અને હુઝૈફા બિન યમાન અને અમ્માર બિન યાસિર વિશે ઉતરી, જેઓને યહૂદીઓ પોતાના ધર્મમાં લાવવાના પ્રયત્નો કરતા હતા, અને એમને યહૂદિય્યત સ્વીકારવાનું આમંત્રણ આપતા રહેતા હતા. આમાં બતાવવામાં આવ્યું કે આ તેઓની ખોટી ધારણા છે અને તેઓ એમને ભટકાવી શકવાના નથી.

**૨૪૨ :** અને તમારી કિતાબોમાં હઝૂર ﷺનાં વખાણ અને ગુણો મૌજૂદ છે. અને તમે જાણો છો કે આપ બરહક઼ (સાચા) નબી છે અને આપનો ધર્મ સાચો છે.

**૨૪૩ :** પોતાની કિતાબોમાં ફેરફાર કરીને.

**૨૪૪ :** અને તેઓએ અંદરો અંદર મશ્વરો કરીને આવી દગાબાજી કરવાનું વિચાર્યું કે,

**૨૪૫ :** એટલે કે કુર્આન શરીફ.

**૨૪૬ : શાને નુઝૂલ :** યહૂદીઓ ઈસ્લામના વિરોધમાં રાત દિવસ નવા નવા પ્રપંચોના વિચારો કરતા હતા. ખૈબરના યહૂદી મુલ્લાઓના ૧૨ માણસોએ અંદરો અંદર ચર્ચા વિચારણા કરીને એક આ પ્રપંચ વિચાર્યો કે તેમનામાંનું એક જુથ સવારમાં ઈસ્લામનો સ્વીકાર કરે અને સાંજે ફરી જાય, અને લોકોમાં એવો પ્રચાર કરે કે અમે પોતાની કિતાબોમાં આખરી જમાનાના રસૂલની જે નિશાનીઓ જોઈ હતી તે હુઝૂર ﷺમાં નથી. જેથી આના કારણે મુસલમાનોને પોતાના દીનમાં શંકા જન્મે, પરંતુ અલ્લાહ પાકે આ આયત ઉતારીને તેમનો એ ભેદ ખુલ્લો પાડી દીધો, અને તેઓનો આ પ્રપંચ નિષ્ફળ ગયો. મુસલમાનો પહેલેથી જ સાવચેત બની ગયા.

**૨૪૭ :** અને એના સિવાય જે કાંઈ છે અસત્ય અને ગુમરાહી છે.

**૨૪૮ :** દીન અને હિદાયત કિતાબ અને હિકમત, તેમજ બુઝુર્ગી અને શ્રેષ્ઠતા.

**૨૪૯ :** ક઼યામતના દિવસે

**૨૫૦ :** નબુવ્વત અને રિસાલત દ્વારા.

**૨૫૧ : મસ્અલો :** આનાથી પુરવાર થાય છે કે જે કોઈને પણ નુબુવ્વત મળે છે તે અલ્લાહના ફઝ્લ માત્રથી મળે છે, એમાં કોઈનો હક઼ દાવો લાગતો નથી.

**૨૫૨ : શાને નુઝૂલ :** આ આયત એહલે કિતાબ વિશે ઉતરી, અને એમાં જાહેર કરવામાં આવ્યું કે એમનામાં બે પ્રકારના લોકો છે, અનામત પાછી સોંપી દેનાર અને અનામત હજમ કરી જનારા. અમુક તો એવા છે કે ગમે તેટલો માલ તેમને અમાનત તરીકે સોંપવામાં આવે તો જરા પણ વધઘટ કર્યા વગર પાછો સોંપી દેશે, જેવી રીતે કે અબ્દુલ્લાહ બિન સલામ, જેમની પાસે એક કુરૈશીએ ૧૨૦૦ અવકિયા સોનુ અમાનત તરીકે મૂકયું હતું, આપે તેને પાછુ સોંપી દીધું. અને એમનામાં અમુક એવી બદદાનતવાળાઓ છે કે એક થોડી વસ્તુ પર પણ તેમની નિય્યત બગડે છે, જેમ કે ફહહાસ બિન આઝુરા, જેના પાસે કોઈએ એક અશરફી અમાનત મૂકી હતી તે માગણી વખતે ફરી ગયો.

**૨૫૩ :** અને આપનાર ખસે કે તરત જ તે અમાનતનો માલ પચાવી જાય છે.

**૨૫૪ :** એટલે કે બિન કિતાબીઓ

**૨૫૫ :** કે તેણે પોતાની કિતાબોમાં પરધર્મીઓનું માલ હજમ કરી જવાનો હુકમ આપ્યો છે, જો કે તેઓ સારી રીતે જાણે છે કે તેની કિતાબોમાં આવો કોઈ હુકમ નથી.

**૨૫૬ : શાને નુઝૂલ :** આ આયત યહૂદીઓના ધર્મગુરૂઓ અને આગેવાનો અબૂ રાફેઅ, કનાના, કઅબ બિન અશરફ અને દહયા બિન અખતબ વિશે ઉતરી જેઓએ અલ્લાહ તઆલાનો તે વાયદો છુપાવ્યો કે જે તવરાતમાં અલ્લાહ પાકે હુઝૂર ﷺ પર ઈમાન લાવવા વિશે લીધો હતો. એમણે તેને બદલી નાખ્યો અને તેની જગ્યાએ પોતાના હાથો

વડે કંઈનું કંઈ લખી નાખ્યું. અને જૂઠી કસમ ખાધી કે આ અલ્લાહ તરફથી જ છે, અને આ બધુ તેઓએ પોતાના ધર્મના અજ્ઞાનો પાસેથી લાંચ અને ધન મેળવવા માટે કર્યું.

**૨૫૭ :** મુસ્લિમ શરીફની હદીષમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ત્રણ માણસો એવા છે કે કયામતના દિવસે તેમની સાથે અલ્લાહ તઆલા ન વાત ફર્માવશે ન તો તમને રહમતની નઝરથી જોશે, તેમજ તેમને ગુનાહોથી પાક નહીં કરે, આ તેમના માટે દુઃખદાયક અઝાબ છે. ત્યાર પછી હુઝૂર ﷺએ આ આયત ત્રણ વાર તિલાવત ફર્માવી. હઝરત અબૂ દરદા رضی اللہ عنہએ કહ્યું, તેઓ ખોટમાં રહ્યા. યા અલ્લાહ ! તે કોણ લોકો છે ? આપે જવાબ આપ્યો, પાયજામાને ઘૂંટીથી નીચે સુધી લટકાવનાર, ઉપકાર કરીને કહી સંભળાવનાર અને પોતાના વેપારના માલને જૂઠી કસમો ખાઈને કાઢનાર. હઝરત અબૂ અમામા رضی اللہ عنہની રિવાયતમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **જે કોઈ મુસલમાનનો હક્ક મારવા જૂઠી કસમ ખાશે અલ્લાહ તઆલા તેના પર જન્નત હરામ કરી દેશે, અને તેના માટે દોઝખ અનિવાર્ય કરી દેશે. સહાબાએ વિનંતી કરી કે યા રસૂલલ્લાહ ! થોડી સરખી વસ્તુ હોય તો ? આપે જવાબ આપ્યો ભલે ને બાવળની ડાળખી જેટલી વસ્તુ હોય !**

**૨૫૮ : શાને નુઝૂલ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ ફર્માવ્યું, કે આ આયત યહૂદી અને નસરાની બન્નેના વિશે ઉતરી, જેમણે તવરાત અને ઈન્જીલમાં ફેરફાર કરીને પોતાની મરજી મુજબ ઉમેરો કર્યો.

**૨૫૯ :** એટલે કે કમાલ દરજ્જાનું ઈલ્મ અને અમલ આપે. અને ગુનાહોથી માસૂમ કરે.

**૨૬૦ :** અંબિયા علیہم السلام આવું કહે એ અશક્ય છે. અને આ કથનને તેમનું કથન કહેવું એ આક્ષેપ છે.

**શાને નુઝૂલ :** નજરાનના ખ્રિસ્તીઓએ કહ્યું કે અમને હઝરત ઈસા علیہ السلامએ હુકમ આપ્યો છે કે અમે તેઓને ખુદા માનીએ. આ આયતમાં અલ્લાહ તઆલાએ તેમની આ વાતને જૂઠી જાહેર કરી, અને બતાવ્યું કે અંબિયાની શાન એવી છે કે તે આ મુજબ કહી શકે જ નહીં.

આ આયતના શાને નુઝૂલમાં બીજુ એક મંતવ્ય આ મુજબનું છે કે, રફીઅ નામના યહૂદી અને સૈયદ નામના નસરાનીએ હુઝૂર ﷺને કહ્યું કે હે મુહમ્મદ ! (ﷺ) શું તમે એવું ઈચ્છો છો કે અમે તમારી ઈબાદત કરીએ ? અને તમને પરવરદિગાર માનીએ ? હુઝૂર ﷺ એ જવાબ આપ્યો કે અલ્લાહની પનાહ કે હું તમને અલ્લાહ સિવાય અન્યની ઈબાદત કરવાનું કહું, ન તો મને અલ્લાહે એવો હુકમ આપ્યો છે અને ન તો મને એટલા માટે મોકલ્યો છે.

**૨૬૧ :** રબ્બાનીનો અર્થ જાણકાર આલિમ અને બાઅમલ આલિમ થાય છે.

**૨૬૨ :** આનાથી સાબિત થયું કે **ઈલ્મ અને તાલીમનું પરિણામ એ હોવું જોઈએ કે માણસ અલ્લાહવાળો બની જાય, જેને ઈલ્મથી આ ફાયદો ન થાય તેનું ઈલ્મ બેકાર છે.**

**૨૬૩ :** અલ્લાહ તઆલા અથવા તેનો કોઈ નબી.

**૨૬૪ :** આવું કોઈ રીતે બની શકે જ નહીં.

**૨૬૫ :** હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, કે અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلام અને એમના પછી જેને નબુવ્વત આપી તે બધા પાસેથી હુઝૂર ﷺ વિશે વચન લીધું, અને એ નબીઓએ પોતાની કોમો પાસેથી વચન લીધાં કે જો તેમની હયાતમાં હુઝૂર ﷺની નુબુવ્વત જાહેર થાય તો આપના પર ઈમાન લાવજો અને આપની મદદ કરજો, આનાથી સાબિત થયું કે હુઝૂર ﷺ બધા અંબિયામાં સહુથી શ્રેષ્ઠ છે.

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

***હદીષ*** : *રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમો નબી صلی اللہ علیہ وسلم ની સાથે મગરિબની નમાઝ પઢતા હતા તો અમારામાં એક તે સમયે પરત થતો જ્યારે પોતાના તીરને પડવાની જગાને જોઈ લેતો[૧]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે સહાબીઓ ઈશાની નમાઝ સફેદી ગાયબ થવાથી લઈને રાતના આગલા ત્રીજા ભાગના દરમ્યાન પઢતા હતા[૨]. (મુસ્લિમ, બુખારી)*

*એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે નબી علیہ الصلوۃ والسلام ફજર પઢતા હતા પછી સ્ત્રીઓ પોતાની ચાદરોમાં લપેટાયેલી પરત થઈ જતી હતી, અંધારાના કારણે ઓળખાય શકતી ન હતી[૩]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત કતાદા[૪] رضی اللہ عنہ થી રિવાયત છે. તે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે નબી صلی اللہ علیہ وسلم અને ઝયદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہ એ સહરી ખાધી. જ્યારે ફારિગ થયા તો નબી صلی اللہ علیہ وسلم નમાઝની તરફ ઉઠયા અને નમાઝ પઢી લીધી. અમે હઝરત અનસ رضی اللہ عنہ ને કહ્યું કે એ બુઝુર્ગોના સહરીથી ફરાગત તથા નમાઝની મશગૂલિયતમાં કેટલું અંતર હતું ? ફર્માવ્યું, એટલા પ્રમાણમાં કે કોઈ શખ્સ પચાસ આયતો પઢી લે[૫]. (બુખારી)*

*અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત છે કે મને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, એ વખતે તમારો શો હાલ થશે જ્યારે તમારા પર એવા હાકિમો લાગુ થશે જેઓ નમાઝોને છોડી દીધા કરશે અથવા એના સમયોથી લેટ કરી દીધા કરશે[૬]. મેં અર્ઝ કરી કે મને આપ શો હુકમ આપો છો ? ફર્માવ્યું કે નમાઝ એના સમયમાં પઢી લીધા કરજો ભલે તેમની સાથે મેળવી લો તો પણ પઢી લેજો કે તે તમારા નફલ થશે[૭]. (મુસ્લિમ)*

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે સૂરજ નીકળવાથી પહેલાં ફજરની એક રકાત મેળવી લે તેણે ફજર પામી લીધી, અને જે સૂરજ ડૂબવાથી પહેલાં અસરની એક રકાત મેળવી લે તેણે અસર મેળવી લીધી[૮]. (મુસ્લિમ, બુખારી)*

*એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ સૂરજ ડૂબવાથી પહેલાં અસરની એક રકાત મેળવી લે તે પોતાની નમાઝ પૂરી કરે[૯]. (બુખારી)*

### :: સમજૂતી ::

**૧.** એટલે કે મગરિબથી ફારિગ થઈને એટલુ અજવાળુ રહેતુ હતુ કે કમાનથી ફેંકેલુ તીર જ્યાં પડતુ તે નજર આવતુ. તમામ ઉલમાની એના પર એકમતિ છે કે મગરિબની નમાઝ હમેશાં શરૂ સમયમાં પઢવી જોઈએ.

**૨.** જો જલ્દી પઢતા તો શફક (સફેદી) ગાયબ થયા બાદ પઢતા કે એનાથી પહેલાં ઈશાનો સમય

થતો જ નથી. અને જેથી આ હદીષ હદીષે મરફૂઅના હુકમમાં છે.

**૩.** એ અંધારુ ક્યાં તો મસ્જિદનું હોતુ હતુ, કેમ કે મસ્જિદે નબવી ઘણી જ ગહરી હતી, અથવા સમયનું. કેમ કે સરકાર ﷺ ફજરની નમાઝ શરૂ સમયમાં અદા કરતા હતા એ નમાઝી સ્ત્રીઓના કારણે, જેથી તેણીઓ અંધારામાં જ પોતાના ઘરે ચાલી જતી. પછી સ્ત્રીઓને મસ્જિદમાં આવવાથી રોકી દેવામાં આવી, ત્યારે એ હુકમ પણ બદલાય ગયો. પહેલી સ્થિતિમાં આ હદીષ મોહકમ અને આપણા માટે અમલને પાત્ર છે. બીજી સ્થિતિમાં આ અમલ એ સમયના લેહાઝથી છે અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની વિશિષ્ટતાઓમાંથી છે. અમે સ્પષ્ટતા એટલા માટે કરી કે આગળ ફજર અજવાળામાં પઢવાનો હુકમ આવી રહ્યો છે. આ સ્પષ્ટતાના કારણે આ ફેઅલી હદીષ તે કૌલી હદીષના વિરુદ્ધ થશે નહીં. લગભગ સ્ત્રીઓ સલામ ફેરવતાં જ દુઆથી પહેલાં ચાલી જતી હતી. જેમ કે فَيَنْصَرِفُના فથી માલૂમ પડી રહ્યું છે અને પુરૂષો દુઆ પછી જતા હતા જેથી સ્ત્રીઓ તથા પુરૂષોમાં ભેળસેળ ન થાય. યાદ રાખશો કે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ સ્ત્રીઓને મસ્જિદોએથી રોકી દીધી. હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاએ એનું સમર્થન કર્યું અને ફર્માવ્યું કે જો હુઝૂરે અન્વર ﷺ પણ આજના સંજોગો જોતા તો સ્ત્રીઓને મસ્જિદે આવવાથી રોકી દેતા. અફસોસ એ લોકો પર જેઓ આ દૌરમાં પણ સ્ત્રીઓને બેપર્દા સીનેમા ઘરો, પાર્કો અને બજારોમાં મોકલે છે.

**૪.** આપ મશહૂર તાબઈનમાંથી છે. બેહતરીન હાફિઝ તથા મુફસ્સિર હતા. ગઝબની યાદશક્તિ ધરાવતા હતા. કબીલએ સદૂસથી હતા. બસરામાં વસવાટ કર્યો હતો. હિ.સ. ૧૧૭માં વફાત પામ્યા. આપનાથી ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ જેવાએ રિવાયત લીધી.

**૫.** એટલે કે સહરી તદ્દન છેલ્લા સમયમાં ખાધી અને ફજર તદ્દન શરૂ સમયમાં પઢી. મિર્કાતે ફર્માવ્યું કે સહરી તથા ફજરની નમાઝ વચ્ચે કેવળ એટલુ અંતર એ હુઝૂરે અન્વર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે. કેમ કે આપ દીનમાં ખતાથી માસૂમ હતા. હુઝૂર علیہ الصلوٰۃ والسلامને સહરી તથા નમાઝના સમયોનો યકીની ઈલ્મ હતો. આપણને કેવળ એટલા અંતર પર ફજર જાઈઝ નથી, કેમ કે શક્ય છે કે આપણે સમયની ઓળખમાં ગલતી કરીને અથવા સહરી સમયના બાદ ખાય લઈએ અથવા નમાઝ સમયથી પહેલાં પઢી લઈએ. યાદ રાખશો કે ફજર જલ્દી પઢવાની અમલી હદીષો છે, પરંતુ કૌલી હદીષ એક પણ નથી, પણ મોડેથી ફજર પઢવાની કૌલી હદીષો ઘણી મૌજૂદ છે. જેથી હનફી મઝહબ ઘણો જ કવી (મજબૂત) છે.

**૬.** એના પરથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને ગયબના ઈલ્મો આપ્યા. જુઓ, હુઝૂર ﷺએ આ જગાએ હઝરત અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہની લાંબી ઉમરની પણ ખબર આપી અને ભાવિમાં બેપરવા હાકિમોના સવાર થવાની પણ ખબર આપી. એટલે કે હે અબૂઝર ! ખુલફાએ રાશિદીન رضوان اللہ تعالیٰ علیہم اجمعینના પછી તમે જીવતા રહેશો અને એવા બેપરવા તથા જાલિમ હાકિમોનો જમાનો પામશો કે તમે તેમને નમાઝ પણ સહીહ સમયે પઢાવી શકશો નહીં.

**૭.** આ વાકયથી ઘણા બધા ફિકહી મસાઈલ જાણવા મળ્યા. એક એ કે જમાઅતની લાલચમાં નમાઝ મુસ્તહબ સમયથી ન હટાવવામાં આવે, બલ્કે એકલા પઢી લેવામાં આવે. બીજુ એ કે જો હાકિમ સહીહ સમયે જમાઅત ન થવા દે તો મસ્જિદમાં અથવા ઘરમાં પોતાની નમાઝ અલગથી પઢી લે. જેમ કે આજે હાજીઓને નજદી હાકિમોના કારણે પરિસ્થિતિ ઉભી થાય છે. ત્રીજુ એ કે જો જાલિમ

હાકિમની સામે મજબૂરન કલમાએ હક્ક઼ (હક્ક઼ વાત) ન કરી શકે તો ગુનેહગાર નથી. ચોથુ એ કે નમાઝ પઢી ચૂક્યા બાદ જો જમાઅત મળે તો નફ્લની નિય્યતે એમાં શરીક થઈ જાય, પણ આ હુકમ કેવળ ઝોહર તથા ઈશામાં છે. કેમ કે ફજર તથા અસર બાદ નફ્લ મકરૂહ છે, અને મગરિબની ત્રણ રકાતો છે. પાંચમું એ કે જો જાલિમ હાકિમની સાથે નમાઝ ન પઢવામાં ઈજા તથા તકલીફ પહોંચી જવાનો અંદેશો હોય તો મજબૂરન તેમની પાછળ નમાઝ પઢી લે, પણ નમાઝ દોહરાવી લે. જેમ કે આજકાલ અહલે સુન્નતને હરમૈન શરીફૈનમાં આ પરિસ્થિતિ ઉભી થાય છે. *(જો કે તેમની પાછળ નમાઝ ન પઢે, ઉઠક બેઠક પણ નહીં એમાં જ બેહતરી છે. એમની નમાઝ થઈ ગયા બાદ જ મસ્જિદે હરામમાં પહોંચે એવી ગોઠવણી કરે. **–અનુવાદક**)* છઠ્ઠુ એ કે નફલવાળાની નમાઝ ફર્ઝવાળા પાછળ જાઈઝ છે. સાતમુ એ કે જો બાદશાહનો નિયુક્ત કરેલો ઈમામ બદ્‌મઝહબ હોય અને કોઈ સાચો મુસલમાન એમની જમાઅતના વખતે ત્યાં ફસાય જાય તો લાચારીની હાલતમાં એવું જ કરે.

૮. એટલે કે જો ફજરની નમાઝ દરમ્યાનમાં સૂરજ નીકળી આવે અથવા અસરની નમાઝ પઢતા દરમ્યાન સૂર્ય આથમી જાય તો નમાઝ થઈ જશે. એની તેહક઼ીક઼ આગલી હદીષમાં આવી રહી છે.

૯. કેમ કે એણે નમાઝનો સમય પામી લીધો અને તેની એ નમાઝ અદા થશે, ન કે ક઼ઝા. યાદ રાખશો કે આના બારામાં હદીષોમાં વિરોધાભાસ છે. આ હદીષથી તો જાણવા મળ્યું કે તુલૂઅ તથા ગુરૂબના સમયે નમાઝ સહીહ છે. પણ બીજી રિવાયતમાં આવ્યું છે કે નબી કરીમ علیہ الصلوۃ والسلامએ એ સમયોમાં નમાઝ પઢવાથી સખ્ત મના ફર્માવ્યું. જેથી શરઈ ક઼યાસની જરૂરત પડી જે એ બંનેવમાંથી એક હદીષને અગ્રતા આપે. ફૈયાઝે હુકમ આપ્યો કે **આ સ્થિતિમાં અસર દુરુસ્ત થશે અને ફજર ફાસિદ થઈ જશે**, કેમ કે અસર સૂર્ય ડૂબતા પહેલાં મકરૂહ સમય પણ આવે છે એટલે સૂરજનું પીળા પડવું. જેથી એ શરૂ પણ નાકિસ થઈ અને ખત્મ પણ નાકિસ થઈ. પરંતુ ફજરમાં છેવટ સુધી કામિલ સમય છે, એ સ્થિતિમાં નમાઝ શરૂ તો કામિલ થઈ પણ ખત્મ નાકિસ. જેથી અસરમાં આ હદીષ પર અમલ છે અને ફજરમાં મનાવાળી હદીષ પર. એની વધુ તેહક઼ીક઼ અમારી કિતાબ *જાઅલ હક઼્ક઼ (ભાગ–૨)*માં જુઓ. સારાંશ કે સૂર્ય નીકળતી વખતે કોઈ નમાઝ દુરુસ્ત નથી અને સૂરજ ડૂબતી વખતે એ દિવસની અસર જાઈઝ છે, જો કે મકરૂહ છે, (પણ અદા થશે ક઼ઝા નહીં.)

પેજ 20 નું ચાલુ..

મારી પાસે રકમ નથી. તેણે અર્ઝ કરી કે ઉધાર લઈ લો. ફર્માવ્યું કે પ્રથમ હું મારા નફ્સને ઉધારની મોહલત પર તો રાજી કરી લઉં. તેણે કહ્યું કે આ ગમમાં આપ સૂકાય ગયા અને હાડકાં નીકળી આવ્યાં. ફર્માવ્યું કે તેમ છતાં પણ હું કબરના કીડાઓ માટે પૂરતો છું.

એક બુઝુર્ગ હજ્જનો ઈરાદો કરીને બગદાદમાં અબૂ હાઝિમથી મુલાકાતના માટે પહોંચ્યા તો આપ આરામ કરી રહ્યા હતા. જેથી થોડીકવાર રાહ જોયા બાદ જ્યારે આપ જાગ્યા તો ફર્માવ્યું કે હું ખ્વાબમાં હુઝૂર علیہ الصلوۃ والسلامની ઝિયારતથી મુશર્રફ થયો અને હુઝૂર ﷺએ આપના સુધી એક પૈગામ પહોંચાડવાનો હુકમ આપ્યો છે કે **આપ આપનાં વાલિદાના હક઼્કો઼થી આંખ આડા કાન ન કરો, કેમ કે એ હજ્જ કરવા કરતાંય કેટલાય અંશે અધિક બેહતર છે.** જેથી પરત જાવ અને વાલિદાની ખુશીનો ખયાલ રાખો. જેથી તે હજ્જનો ઈરાદો ત્યજીને પરત ચાલ્યા ગયા.

# હદાઇકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**સામના કહર કા હૈ દફતર આમાલ કે હૈં પેશ-ડર રહા હૈ કે ખુદા હુકમ સુનાતા ક્યા હૈ**

*(કહર = ગઝબ, દફતર = રજીસ્ટરો)*

**અર્થાત :** (ફરિશ્તા વધુમાં કહેશે કે) આ બાજુ ખુદાના કહરો ગઝબને જોઈ રહ્યો છે અને આ બાજુ પોતાનું આમાલનામુ ગુનાહોથી ભરેલુ પણ એની નજરો સમક્ષ છે, અને ડરી રહ્યો છે કે મારા બારામાં ખબર નહીં અલ્લાહ તઆલા શું હુકમ સંભળાવે છે ! (એટલા માટે બેકરાર થઈને દુહાઈ આપી રહ્યો છે કે)

*ગમ કે મારોં કી લાજ રખ લીજીયે-બેનવાં પર ભી કરમ કીજીયે*
*ગમ કા મારા હૂં યા રસૂલલ્લાહ ! ﷺ-બેસહારા હૂં યા રસૂલલ્લાહ ! ﷺ*

**આપસે કરતા હૈ ફર્યાદ કે યા શાહે રુસૂલ-બંદા બેકસ હૈ શહા રહમમેં વકફા ક્યા હૈ**

**અર્થાત :** (ફરિશ્તાઓનો જવાબ સાંભળીને હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની બારગાહના ખિદમતગાર આવીને અર્ઝ કરે) હુઝૂર ! આપનો ગુનેહગાર ઉમ્મતી છે અને પોતાના હિસાબથી ભયભીત થઈને આપનાથી ફરિયાદ કરી રહ્યો છે અને આકા ! અને ખરેખર બંદો ઘણો જ મજબૂર તથા બેકસ છે, એની મદદ કરવામાં મોડુ ન થવું જોઈએ.

**અબ કોઈ દમમેં ગિરફતારે બલા હોતા હૂં-આપ આ જાએં તો ક્યા ખૌફ હૈ ખટકા ક્યા હૈ**

**અર્થાત :** (હુઝૂર ! તે આ પ્રમાણે અર્ઝ કરી રહ્યો છે) હે મારા પ્યારા આકા ! ﷺ જો આપ એક ક્ષણ સુધીમાં મારી મદદે નહીં પહોંચો તો અઝાબમાં સપડાય જઈશ, અને આપ જો તશરીફ લઈ આવ્યા તો પછી મને કોઈ ગમ નહીં થાય.

કેમ કે :– *દોઝખમેં મૈં તો ક્યા મેરા સાયા ન જાએગા-ક્યૂં કે મેરે હુઝૂરસે દેખા ન જાએગા*

**સુન કે યહ અર્ઝ મેરી બહરે કરમ જોશમેં આયે-યૂં મલાઈક કો હો ઈર્શાદ ઠહરના, ક્યા હૈ !**

**અર્થાત :** મારી ફરિયાદ સાંભળીને હુઝૂર ﷺનો કરમનો દરિયો જોશમાં આવી ગયો અને આપ તશરીફ લઈ આવ્યા. આપે આવતાં જ ફરિશ્તાઓને ફર્માવ્યું, પાછા હટો ! પ્રથમ મને બતાવો કે શું છે ?! અને પછી મને પણ હોસલો મળી જશે અને હું પણ કહીશ, હે ફરિશ્તાઓ ! થોભો ! પ્રથમ જુઓ મારા આકા علیہ الصلوٰۃ والسلام નો ઈરાદો શું છે ?

**કિસકો મૂરિદે આફ઼ાત કિયા ચાહતે હો-હમ ભી તો આ કે ઝરા દેખેં તમાશા ક્યા હૈ**

**અર્થાત :** (હુઝૂર ﷺ ફર્માવશે) હે ફરિશ્તાઓ ! આ તમે કોને પરેશાન કરી રાખેલ છે ? આ શું તમાશો છે ? તમે શું ચાહો છો ? અમને પણ તો બતાવો કે મામલો શું છે ? આ ગરીબને શા માટે ઘસેડી રહ્યા છો ? બસ, અહીં જ રોકાય જાવ અને પ્રથમ મૂળ વાત બતાવો ! (અહીં રોકાયને જરા દેવબંદી પેશવા મોલ્વી કાસિમ નાનોત્વીની પોકાર પણ સાંભળો ! શું દેવબંદીઓ એને શિર્કનો ફત્વો મારે છે ?!)

*યહ હૈ ઈજાબતે હક્ક઼ કો તેરી દુઆ કા લિહાઝ-ક઼ઝાએ મુબરમ વ મશરૂત કી સુનેં ન પુકાર*
*મદદ કર ! અય કરમે અહમદી ! કે તેરે સિવા-નહીં હૈ ક઼ાસિમે બેકસ કા કોઈ હામીએ કાર*

**ઉનકી આવાઝપે કર ઉઠું મૈં બે સાખ્તા-ઔર તળપકર યહ કહું અબ મુઝે પરવા ક્યા હૈ**

**અર્થાત :** અપને આક઼ા કરીમ ﷺનો અવાજ સાંભળીને હું તરત ઉભો થઈ જઈશ અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દામને કરમનો સહારો લઈને ફરિશ્તાઓથી અર્ઝ કરીશ, હે ફરિશ્તાઓ ! હવે મને કોઈ પરવા નથી કેમ કે મને બખ્શાવનાર આવી ગયા !

વાહ ! આ'લા હઝરત (رضی اللہ عنہ) તમારા હોસલા પર કુર્બાન ! તમારી અઝમત પર નિછાવર થઈએ ! અમને દરે હબીબ ﷺથી માગવાનો સલીક઼ો શીખવી દીધો. તમે અમને આક઼ા ﷺની રહમતનો અમારા તરફ ધ્યાનિત કરવાનો તરીક઼ો બતાવી આપ્યો.

**લો વો આયા મેરા હામી મેરા ગમખ્વારે ઉમમ-આ ગઈ જાં તને બે જાંમેં યહ આના ક્યા હૈ !**

**અર્થાત :** બસ, પછી શું થશે ?! મારા મુર્દા શરીરમાં જાન પડી જશે. હુઝૂર શું આવ્યા કે ખુદ જન્નત ચાલીને મારી પાસે આવી ગઈ અને મેં ઝુમીને અર્ઝ કરી :-

*યહ કહાં નસીબ મેરે કે વો આપ ચલકે આએં-કોઈ જઝબએ મહ઼બ્બત મેરે કામ આ ગયા હૈ*

જેથી હું ફરિશ્તાઓને અર્ઝ કરીશ, હે ફરિશ્તાઓ ! હવે શું કહો છો ? જોતા નથી કે મારો મદદગાર, મારો સહારો તથા ગમખ્વાર, સર્વ નબીઓનો સરદાર મારી દસ્તગીરી કરવા આવી ગયો છે !

**ફિર મુઝે દામને અક઼દસમેં છુપા લેં સરવર-ઔર ફર્માએં, હટો ! ઈસપે તક઼ાઝા ક્યા હૈ**

**અર્થાત :** (ત્યારબાદ શું થશે ? એ જ થશે જે ખુદાને મંઝૂર હશે, પણ ખુદાને એ જ મંઝૂર હશે જે મુસ્તફા ﷺને મંઝૂર હશે !) પછી મારા આક઼ા ﷺ મને પોતાના દામને અક઼દસમાં છુપાવી લેશે અને ફરિશ્તાઓને ઈર્શાદ ફર્માવશે, હા ! હવે બતાવો, શું વાત છે ?

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની બારગાહે નબુવ્વતમાં અર્ઝ ગુઝારીની સાથોસાથ આપણો અક઼ીદો ગૈરો (શિર્ક શિર્કની બૂમો પાડનારાઓ)ની ઝબાની પણ સાંભળતા ચાલો ! જાદૂ તેને કહેવાય જે માથા પર ચઢીને બોલે ! માજી મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ, ક઼ારી તૈયબના બે શેઅર આ પ્રમાણે છે :-

*શિકસ્તા કશ્તી હૈ, તેઝ ધારા, નઝરસે રૂ પોશ હૈ કનારા—નહીં કોઈ નાખુદા હમારા, ખબર તો આલી મક઼ામ લે લો*
*યહ કૈસી મંઝિલ પે આ ગયે હૈં, ન કોઈ અપના ન હમ કિસી કે—તુમ અપને દામનમેં આજ આક઼ા, તમામ અપને ગુલામ લે લો !*
*—(માહનામા અર્શીદ, નઅત નં. ૧૦૩૯)*

કુર્બાન જાવ ! કોઈ દામને રહમતમાં જવાની ભીખ માગી રહ્યું છે અને આપણો ઈમામ દામને રહમતમાં છુપાયેલ છે. *યહ મર્તબા બુલંદ મિલા જિસકો મિલ ગયા—હર બુલ હવસ કે વાસ્તે દારો રસન કહાં ?!*

**બંદા આઝાદ શુદા હૈ યહ હમારે દર કા—કૈસા લેતે હો હિસાબ ઈસપે તુમ્હારા ક્યા હૈ**

**અર્થાત :** (હુઝૂર ﷺ મને દામને રહમતમાં છુપાવીને ફરિશ્તાઓને ફર્માવશે) શું તમો નથી જાણતા કે (આ અહમદ રઝા, ગદાએ ખૈરુલવરા છે એટલે) અમારો પોતાનો જ આઝાદ કરેલો ગુલામ છે, હવે બતાવો એનાથી શું હિસાબ લેવો છે ?! હું તમને એનો હિસાબ કિતાબ ચૂકાવું છું ! સુબ્હાનલ્લાહ !

આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلام ને અર્ઝ ન કરીએ તો કોને કહીએ કે હ઼બીબી યા રસૂલલ્લાહ ! ﷺ

*ભરા હૈ મેરા સીના ભી ગુનાહોં કી સિયાહીસે—મેરે સીને કે દાગોં કો મિટા દો યા રસૂલલ્લાહ ! ﷺ*
*ગુનાહોં કી સિયાહી ખા ગઈ હુસ્ને તખૈયુલ કો—મેરા હુસ્ને તખૈયુલ જગમગા દો યા રસૂલલ્લાહ ! ﷺ*
*ભંવરમેં ફંસ ચુકી હૈ ઉસ્કો તુફ઼ાનને ઘીરા હૈ—મેરી નૈયા કિનારે પર લગા દો યા રસૂલલ્લાહ ! ﷺ*

**છોળકર મુઝ કો ફરિશ્તે કહેં મહકૂમ હૈં હમ—હુકમેવાલા કી ન તઅમીલ હો ઝહરા ક્યા હૈ**

*(મહકૂમ = હુકમના પાબંદ, વાલા = બુલંદોબાલા, ઝહરા = તાક઼ત)*

**અર્થાત :** હુઝૂર ﷺનો આ હુકમ સાંભળીને ફરિશ્તા મારો પીછો છોડી દેશે અને આક઼ા કરીમ ﷺની બારગાહમાં અર્ઝ કરશે, યા રસૂલલ્લાહ ! ﷺ અમે તો આપના જ હુકમના પાબંદ છીએ, કેમ કે આપ અલ્લાહના મહબૂબ છો અને આપના આ ગદાએ કહ્યું છે કે : *ગોયા મહબૂબો મુહિબ્બિમેં નહીં મેરા તેરા !* જ્યારે અમારા સરદાર જિબ્રઈલે અમીન علیہ السلام આપના ક઼દમોના બોસા લઈને અર્ઝ કરે છે :—

*ન જન્નત ન જન્નત કી કલિયોંમેં દેખા—મઝા જો મુહમ્મદ ﷺ કે તલ્વોંમેં દેખા*

એ આપનો હુકમ નથી ટાળી શકતા તો અમારી શું મજાલ છે કે આપના ફર્માન પર અમલ ન કરીએ !

**યહ સમાં દેખ કે મેહશરમેં ઉઠે શોર કે વાહ—ચશ્મે બદ્ દૂર હો, ક્યા શાન હૈ, રુત્બા ક્યા હૈ**

*(સમાં = મન્ઝર, ચશ્મે બદ્ દૂર = અલ્લાહ બુરી નજરવાળાઓથી બચાવે)*

**અર્થાત :** (મારી નજાતનો) આ મન્ઝર જોઈને મેહશરવાળાઓ પોકારી ઉઠશે, વાહ ભાઈ વાહ ! શું વાત છે ! ખુદા નઝરે બદથી બચાવે. બખ્શિશનો અંદાઝ તો જુઓ કે ખુદ શાફ઼એ મહશર પોતાના (અહમદ રઝા) ગુલામને ફરિશ્તાઓના હાથોથી છોડાવીને લઈ જઈ રહ્યા છે. તો હું અર્ઝ કરીશ, હે મેહશરવાળાઓ ! મારી શું શાન થવાની છે, આ સૌ આ શાનવાળાની શાન છે, અને કેમ ન હોય કે :—

*અલ્લાહ કી સર તા બક઼દમ શાન હૈં યહ—ઈનસા નહીં ઈન્સાન વો ઈન્સાન હંય યહ*
*કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં—ઈમાન યહ કહતા હૈ મેરી જાન હૈં યહ*

**સદકે ઈસ રહમ કે ઈસ સાયએ દામન પે નિષાર–અપને બંદે કો મુસીબતસે બચાયા ક્યા હૈ**

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! ﷺ હું આપની રહમત પર કુર્બાન જાઉં અને આપના દામને કરમની ઠંડી ઠંડી છાંવ પર નિછાવર થઈ જાઉં ! આપે આપના બેદામ બંદા (અહમદ રઝા)ને કેવી સખત મુશ્કેલીથી, કેવા સખત સ્થળે ખુદ જઈને બચાવ્યો અને પોતાના કરમથી પછી તેને પોતાની સાથે પણ લઈ આવ્યા છો !

હે પ્યારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام જેવી રીતે પોતાની ગુનેહગાર ઉમ્મત પર કરમ ફર્માવીને આખેરતના મુશ્કેલ સ્થાનોએથી એમને છૂટકારો અપાવશો, નિગાહે કરમ ફર્માવો અને ઉમ્મતની આ દુનિયાની મુશ્કેલીઓના હલના માટે પણ અલ્લાહની બારગાહમાં સિફારિશ કરી આપો ! આજે યહૂદી તથા ઈસાઈ અરબસ્તાનની ભૂમિ પર જુલ્મ વરસાવી રહ્યા છે, અને કિ઼બ્લએ અવ્વલ તો યહૂદીઓના નાપાક કબજામાં ચાલ્યો ગયો છે, કિ઼બ્લએ ષાની તો એમના ક઼બજાથી બચેલો રહે. નજદી હાકિમો તો એમના તાબા હેઠળ આવી ગયા છે, તો આ મુક઼દ્દસ સ્થળો તો એમના હાથ નીચે આવવાથી બચેલાં રહે.

**અય 'રઝા' ! જાને અનાદિલ તેરે નગ્મોંપે નિષાર–બુલબુલે બાગે મદીના તેરા કહના ક્યા હૈ**

**અર્થાત** : હે (ષનાખ્વાને મુસ્તફા) અહમદ રઝા ! તારું તો શું કહેવું ! જે અંદાઝથી તેં પોતાના આક઼ા ﷺની તારીફમાં નગ્મા સરાઈ કરી છે કે બાગની બુલબુલો પણ તારી નઅતગોઈ પર ઝુમીઝુમીને જાનો કુર્બાન કરી રહી છે ! તું ખરેખર બુલબુલે ચમનિસ્તાને મદીના છે. તેં ખરેખર નાઈબે હસ્સાન હોવાનો હક઼્ક઼ અદા કરી આપ્યો છે. એમાં શંકા નથી કે મહબૂબે ખુદાની પ્રશંસા કરવા માટે અહમદ રઝાનો અંદાઝ જોઈએ, કેમ કે તારો ક઼લમ કોઈ દુનિયાદારની પ્રશંસામાં હરકત નથી કરતો. અને જો કોઈ આગ્રહ પણ કરે તો તું ઘણી જ બેપરવાહીથી લખી આપે છે : *મૈં ગદા હૂં અપને કરીમ કા–મેરા દીન પારાએ નાં નહીં !*

તને તો કેવળ પોતાના આક઼ા علیہ الصلوٰۃ والسلامની ગદાઈ જ જોઈએ છે, એટલા માટે ક્યારેક તેમની ઝુલ્ફે વલ્લૈલની વાત કરે છે તો કદી રુખે વદ્દુહાની, અને તારી નઅતો દરબારે રિસાલતમાં એવી મક઼બૂલ થઈ છે કે આખી દુનિયામાં તારી નઅતો તથા સલામની ધૂમ મચી છે. આ યક઼ીનન ! તારા આક઼ા ﷺની ખાસ તવજ્જોહ (ધ્યાન)નું જ પરિણામ હોય શકે છે.

### ★ તલાલા (ગીર)માં જશ્ને ગૌષે આ'ઝમ મનાવાયો ★

**તલાલા (ગીર)** : જિ. સોમનાથ અહીં ફૈઝાને સત્તર યંગ કમિટી દ્વારા હુઝૂર પીરાને પીર સૈયદના શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہની યાદમાં તા. ૧–૧–૨૦૧૮, સોમવારે રાત્રે ઈશાની નમાઝ બાદ રઝા નગર, હુસૈની ચોકમાં પીરે તરીક઼ત, હુઝૂર ગુલઝારે મિલ્લત, હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવી (સજ્જાદાનશીન ખાનક઼ાહે રઝવિય્યહ્ નૂરીય્યહ્–જૂનાગઢ)ની સદારતમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં રાત્રે ઈશાની નમાઝ બાદ ખલીફએ હુઝૂર તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મૌલાના સુલેમાન બરકાતી સાહબ–જામનગર તથા હઝરત મુફતી હસીબુર્રહમાન સાહબ (મુફતીએ દારુલ ઉલુમ અન્વારે મુસ્તફા–જૂનાગઢ)એ શાનદાર તકરીર ફર્માવી હતી. તેમજ બુલબુલે બાગે મદીના હઝરત મૌલાના સૈયદ હામિદ રઝા સાહબ નૂરી રઝવી–જાફરાબાદએ તેમના મધુર કંઠે નઅતે રસૂલ તથા મનક઼બત પેશ કરી હતી. જલ્સો પૂર્ણ થતાં સલાતો સલામ બાદ હુઝૂર ગુલઝારે મિલ્લતે વજદ આફરીન અંદાઝમાં દુઆ કરી હતી. ત્યાર બાદ આમ ન્યાઝ જમાડવામાં આવેલ.

*–ફૈઝાના સત્તર યંગ કમિટી*

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

હપ્તો 5

## પયગમ્બરે ઈસ્લામ ﷺ

રજૂકર્તા : હાફેઝ મૂસા વેમી ઝંઘારવી *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### ★ સ્ત્રીઓના હક્કો ★

ઈસ્લામમાં કુર્આને મજીદ ફુર્કાને હમીદથી સ્ત્રીઓના હક્કો સાબિત છે. જેમ કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાનું ફર્માન છે : "અને સ્ત્રીઓને (પુરૂષો) પર હક્ક છે, જેવો કે પુરૂષોને સ્ત્રીઓ પર છે. ન્યાયિક રીતે અને પુરૂષોનો દરજ્જો એમનાથી (ઊંચો) છે. *–(સૂરએ બક઼રહ, ૨/૨૨૮)*

આ આયતથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રીઓના પુરૂષો પર હક્કો છે જેવા કે પુરૂષોના તેણીઓ ઉપર છે. લગ્નજીવનમાં બંનેને અણબનાવ રહે અને નિભાવ ન થઈ શકે તેમ હોય તો જેમ પુરૂષોને તલાક઼નો હક્ક મળેલો છે તેમ સ્ત્રીઓને ખુલઅનો હક્ક મળેલો છે.

કુર્આને કરીમમાં અલ્લાહ તઆલા ફર્માવે છે :–

"પુરૂષો માટે હિસ્સો છે તેમાંથી જે મા બાપ અને સગા મૂકી ગયા. અને સ્ત્રીઓ માટે હિસ્સો છે તેમાંથી જે મા, બાપ અને સગા મૂકી ગયા. વારસો થોડો હોય કે વધુ હિસ્સો છે અંદાજ કાઢેલો." *(સૂરએ નિસાઅ, ૪/૭)*

આ આયતના ફર્માન મુજબ સ્ત્રીઓ પોતાના મા, બાપ અને નજીકના સગાની વારિસ છે. રહ્મતે આલમ ﷺએ હુજ્જતુલ વિદાઅ (સરકાર علیہ الصلوٰۃ والسلامની છેલ્લી હજ્જ)ના ખુત્બામાં આ પ્રમાણે હુકમ ફર્માવ્યો :–

فَاتَّقُوا اللّٰهَ فِی النِّسَآءِ فَاِنَّكُمْ اَخَذْتُمُوْهُنَّ بِاَمَانِ اللّٰهِ તો ઔરતોની સાથેના વ્યવહારમાં તમે અલ્લાહથી ડરો ! કારણ કે તમે એમને અલ્લાહથી વાયદો વચન આપી સાથે લીધેલી છે.

એક દિવસ સ્ત્રીઓએ આપ علیہ الصلوٰۃ والسلامની સેવામાં અર્ઝ કરી, આપની પાસે પુરૂષોની દરરોજ ભીડ જામેલી રહે છે માટે આપ અમારા માટે કોઈ એક દિવસ ખાસ નક્કી કરી આપો. એટલે આપ ﷺએ એમના માટે એક દિવસ નક્કી કરી આપ્યો અને તેણીઓ તે દિવસે સરકાર ﷺની બારગાહમાં હાજર થતી અને આપ علیہ الصلوٰۃ والسلام એમને વાઈઝ નસીહત ફર્માવતા. *(બુખારી શરીફ, કિતાબુલ ઈલ્મ)*

### ★ યતીમો, મિસ્કીનો, વિધવાઓ પર મહેરબાનીઓ અને રહમ ★

યતીમો તથા ગરીબો પર આપ علیہ الصلوٰۃ والسلام ઘણી મહેરબાની, દયાભાવ રાખતા. જેવું કે યતીમની દેખભાળ કરનારનો અલ્લાહ તઆલાની નજીક માન મર્તબો બતાવવા આપ ﷺએ હાથના અંગૂઠા સાથેની અને વચલી આંગળી વચ્ચે થોડુંક અંતર રાખી ફર્માવ્યું, "હું અને યતીમનુ પાલનપોષણ કરનાર ભલે પછી તે તેનો નજીકનો સગો હોય કે પરાયો હોય જન્નતમાં આ પ્રમાણે હોઈશું."

*–(મિશ્કાત, બુખારી શરીફના હવાલા, બાબે શફકતમાંથી)*

હઝરત અબૂ અમામા رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે માણસ ફક્ત અલ્લાહ તઆલાને રાજી કરવા ખાતર કોઈ યતીમના માથા પર

ફેરવે છે તો તેનો હાથ માથાના જેટલા વાળો પર ફરે છે તેટલી નેકીઓ છે. અને જે કોઈ યતીમ છોકરા કે છોકરી સાથે (જે એની દેખભાળમાં હોય) ભલાઈ કરે છે, હું અને તે જન્નતમાં આ બે આંગળીઓ (અંગૂઠા સાથેની આંગળી તથા વચલી આંગળી બતાવી ઈશારો કર્યો)ની જેમ હોઈશું. *(મિશ્કાત શરીફ બહવાલા અહમદ અને તિર્મિઝી બાબે શફકત)*

એક વ્યક્તિએ આપ علیہ الصلوٰۃ والسلامને ફરિયાદ કરી કે, "યા રસૂલલ્લાહ ! ﷺ મારુ દિલ કઠણ થઈ ગયું છે એનો ઈલાજ શો છે ?

આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "યતીમના માથા પર હાથ ફેરવ્યા કરો અને મિસ્કીનોને ખાવા ખવડાવ્યા કરો." *(મિશ્કાત, બાબે શફકત)*

હઝરત અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہا (હઝરત જઅફર તૈયાર رضی اللہ عنہનાં પત્ની) બયાન કરે છે કે, જે દિવસે હઝરત જઅફર رضی اللہ عنہ શહીદ થયા, રસૂલુલ્લાહ ﷺ મારા ઘરે તશરીફ લઈ આવ્યા. હું તે દિવસે ચાલીસ ચામડાંને પકાવી સાફ કરી ચૂકી હતી અને લોટ દળી, બાળકોને નવડાવી ધોવડાવી તેમના શરીરે તેલ માલિશ કરી તૈયાર કરી ચૂકી હતી કે એટલામાં સરકારે દો આલમ ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, અસ્મા ! જઅફરના બાળકો ક્યાં છે ? મેં બાળકોને હુઝૂર ﷺની ખિદમતમાં હાજર કર્યા. આપ ﷺએ તેઓને છાતી સરસાં ચાંપી લીધાં. પછી આપની આંખોમાંથી આંસૂઓ વહી નીકળ્યાં, આપ રડી પડયા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કદાચ ! આપને જઅફર તરફથી કાંઈક સમાચાર મળ્યા છે ? આપ علیہ الصلوٰۃ والسلامએ કહ્યું, હા ! આજે તેઓ શહીદ થઈ ગયા છે. આ સાંભળી હું જોરજોરથી બૂમો પાડી ઉઠી એ સાંભળી બીજી સ્ત્રીઓ પણ ભેગી થઈ ગઈ. આપ ﷺએ ફર્માવ્યું, હે અસ્મા ! બેકાર નકામા શબ્દો ન બોલો અને છાતી ન કૂટો ! પછી આપ હઝરત ફાતિમા ઝ્હરા رضی اللہ عنہاના ઘરે તશરીફ લઈ ગયા. હઝરત ફાતિમા رضی اللہ عنہا ખબર સાંભળી બોલી ઉઠયા, હાય ! મારા કાકા ! આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જઅફર જેવા માણસ પર સ્ત્રીઓએ રડવું જોઈએ. *(તિબકાત ઈબ્ને સઅદ, ભાગ : ૨, પેજ : ૧)*

વિધવાઓ અને મિસ્કીનોની દેખભાળ કરવાનો સવાબ બતાવતાં આપ ﷺએ આ મુજબ ફર્માવ્યું કે, વિધવા અને મિસ્કીન પર ખર્ચ કરનાર અલ્લાહના રસ્તા (જેહાદ અને હજ્જ)માં ખર્ચ કરનારની જેવો છે. *(મિશ્કાત શરીફ, સહીહૈનના હવાલાથી બાબે શફકત)*

હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે એક દિવસે રસૂલુલ્લાહ ﷺએ આ પ્રમાણે દુઆ કરી :–

اَللّٰھُمَّ اَحْیِنِیْ مِسْکِیْنًا وَّ اَمِتْنِیْ مِسْکِیْنًا وَّ احْشُرْنِیْ فِیْ زُمْرَۃِ الْمَسَاکِیْنَ یَوْمَ الْقِیٰمَۃِ

**અર્થાત** : "હે અલ્લાહ ! મને મિસ્કીનમાં હયાત રાખ, અને મિસ્કીનીની હાલતમાં મને મૌત આપજે, અને ગરીબો (મિસ્કીનો)ના સમૂહમાં મને કયામતમાં ઉઠાવજે."

આ સાંભળીને હઝરત સૈયદા આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આવું શા માટે ?! આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, એ લોકો, માલદારો કરતાં ચાલીસ વર્ષ પહેલાં જન્નતમાં જશે. હે આઈશા ! કોઈ ગરીબ (મિસ્કીન)ને તમારા દરવાજાઓથી ખાલી હાથ જવા ન દેશો. ભલે પછી એક અડધી ખારેક પણ કેમ ન હોય. (મતલબ એ કે અલ્લાહ જે તૌફીક અને સગવડ આપે તે મુજબ કાંઈને કાંઈ આપવું.) ઉપરાંત હે આઈશા ! ગરીબોથી મહોબ્બત કર અને પોતાનાથી એમને નજીક કર, અલ્લાહ તઆલા તને કયામતના દિવસે નજીક કરશે. *(તિર્મિઝી શરીફ)*





❑ લેખક ❑
**મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**
❑ અનુવાદકો ❑
**હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


## ગઝવએ બનૂ કુરૈઝા

### *(ઝી કઅદા હિ.સ. ૫)*

રસૂલે અકરમ ﷺ ગઝવએ અહઝાબથી ફારિગ થઈને પોતાના ઘરે તશરીફ લઈ ગયા. હથિયાર ઉતારીને ગુસ્લ કર્યું. હજી ઈત્મિનાનનો શ્વાસ પણ લીધો ન હતો એવામાં હઝરત જિબ્રઈલ علیہ السلام ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે હથિયાર ઉતારી દીધાં અને અમે ફરિશ્તાઓએ હજી હથિયાર નથી ઉતાર્યાં. અલ્લાહ તઆલાનો હુકમ છે કે હમણા આપ બનૂ કુરૈઝાની તરફ ચાલો કે એ લોકોએ ગઝવએ અહઝાબમાં કરાર ભંગ કરીને ઉઘાડે છોગે કાફિરોનો સાથ આપ્યો હતો.

જેથી અલ્લાહ તઆલાના હબીબ ﷺએ એલાન કરી આપ્યું કે મુસલમાનો હમણા હથિયાર ન ઉતારે અને બનૂ કુરૈઝાની તરફ રવાના થઈ જાય. નબીએ મોઅઝમ ﷺએ પણ હથિયાર શરીર પર સજાવી દીધાં અને લુહૈબ નામના ઘોડા પર સવાર થઈને લશ્કરની સાથે ચાલી નીકળ્યા અને બનૂ કુરૈઝાના એક કૂવાની પાસે રોકાયા.

પેલી બાજુ બનૂ કુરૈઝા જંગના માટે બિલ્કુલ તૈયાર હતા. જ્યારે હઝરત અલી رضی اللہ عنہ એમના કિલ્લાઓની પાસે પહોંચ્યા તો બની કુરૈઝાએ રસૂલે અકરમ ﷺની શાનમાં ગુસ્તાખીઓ કરી. રસૂલુલ્લાહ ﷺએ એમના કિલ્લાઓનો ઘેરાવ કર્યો અને આ ઘેરાવ લગભગ એક મહિના સુધી રહ્યો. આ ઘેરાવમાં યહૂદી ઘણા જ પરેશાન થયા. તંગ આવીને એ દરખાસ્ત કરી કે હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہ અમારા હક્કમાં જે ફેંસલો કરી આપે એને અમો માની લઈશું. હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہ જંગે ખંદકમાં ખૂબ જ અધિક ઝખ્મી થઈ ગયા હતા, પરંતુ એ જ હાલતમાં બની કુરૈઝા ગયા અને એ ફેંસલો ફર્માવ્યો કે જે લડવાના પાત્ર છે તેમને કત્લ કરી દેવામાં આવે, સ્ત્રીઓ તથા બાળકોને કેદી બનાવી લેવામાં આવે, અને તેમનો સઘળો સામાન માલે ગનીમત બનાવીને મુજાહિદોમાં વહેંચી કાઢવામાં આવે.

રસૂલે અકરમ ﷺએ આ ફેંસલો સાંભળીને ઈર્શાદ ફર્માવ્યો કે હે સઅદ ! યકીનન ! તમે તે જ ફેંસલો કર્યો છે જે અલ્લાહ તઆલાનો ફેંસલો છે. એ ફેંસલા પર અમલ કરવામાં આવ્યો જેના કારણે મુસલમાન એમની શરારતોથી સુરક્ષિત થઈ ગયા.

યહૂદીઓનો સરદાર હુય્ય બિન અખ્તબ જ્યારે કત્લના માટે લાવવામાં આવ્યો તો તેણે કત્લ થતા પહેલાં આ પ્રમાણે કહ્યું, હે મુહમ્મદ ! (ﷺ) ખુદાની કસમ ! મને એનો જરા પણ એહસાસ નથી કે મેં શા માટે તમારી સાથે દુશ્મની કરી. હકીકત એ છે કે જે અલ્લાહને છોડી આપે છે તો અલ્લાહ તઆલા પણ તેને છોડી આપે છે. લોકો ! આ પરેશાનીનો મકામ નથી, બનૂ કુરૈઝાનું કત્લ થવું અલ્લાહના તરફથી હતું, એનો હુકમ તૌરાતમાં મૌજૂદ છે. આ એક સજા હતી જે અલ્લાહે બની ઈસ્રાઈલ પર રાખી હતી.

# તઝકેરતુલ અવલિયા
હપ્તો ૧૨

# હઝરત અબૂ હાઝિમ મક્કી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**અઝ** : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

**ઓળખ** : આપ મુખ્લિસ તક્વાવાળાઓમાંથી હતા. મશાઈખના મુક્તદા (પેશવા) અને ફકીરી તથા બેનિયાઝી ધરાવતા હતા. મુજાહિદા તથા મુશાહિદામાં પોતે જ પોતાનું દષ્ટાંત હતા. અને આપની વાતો લોકોના દિલો પર અસર અંદાઝ થતી હતી. લાંબી ઉમરના કારણે ઘણા મશાઈખની ઈક્તેદા કરી. એઓમાં જ હઝરત ઉષ્માન મક્કી رحمۃ اللہ علیہ પણ આપના પ્રશંસકોમાં હતા. આમ તો આપનો ઉલ્લેખ ઘણી બધી કિતાબોમાં છે, પરંતુ અમે સઆદતમંદી પામવા ટૂંકમાં હાલત વર્ણવી આપીએ છીએ. આપને ઘણા બધા સહાબાએ કિરામ ઉપરાંત હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ તથા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી પણ મુલાકાતનો શરફ હાંસલ છે.

**ઈર્શાદો** : હિશામ અબ્દુલ મલિકે આપને એ સવાલ કર્યો કે તે કયો અમલ છે જેના થકી નજાત હાંસલ થઈ શકે ? ફર્માવ્યું કે હલાલ જગ્યાએથી જે માલ હાંસલ થઈ શકે તેને હલાલ જગાએ જ ખર્ચ કરો. તેણે કહ્યું કે આટલુ મુશ્કેલ કામ કોણ કરી શકે છે ? ફર્માવ્યું કે જેને જન્નતની ખ્વાહિશ અને જહન્નમનો ડર રાખવા છતાં રઝાએ ખુદાવંદીની તલબ હશે. આપ ફર્માવ્યા કરતા કે દુનિયાથી દૂર રહો, કેમ કે મેં સાંભળ્યું છે કે જે ઈબાદતગુઝાર દુનિયાને મહબૂબ ખયાલ કરે છે તેને મેહશરના દિવસે ઉભો રાખીને ફરિશ્તા એવું એલાન કરશે કે આ જ તે શખ્સ છે જેણે અલ્લાહ તઆલાની નાપસંદીદા ચીજને પસંદ કરી. ફર્માવ્યું કે દુનિયામાં એવી કોઈ ચીજ નથી જેનો અંજામ ગમ તથા રંજ ન હોય, કેમ કે દુનિયામાં એવી કોઈ ચીજ પેદા કરવામાં નથી આવી જેનો અંજામ દુઃખ તથા રંજ ન હોય. અને દુનિયાની તુચ્છથી તુચ્છ ચીજ પણ માણસને પોતાના પ્રતિ એ રીતે આર્કષી લે છે કે જન્નતની મહાન ચીજ કેવળ બે ચીજો પર આધારિત છે, એક તો તે જે મારા માટે છે અને બીજી તે જે મારા માટે નથી, ભલે હું એ ચીજથી કેટલોય દૂર ભાગુ છતાં તે મારા સુધી પહોંચશે, અને જે અન્યોના માટે છે તેને પ્રાપ્ત કરવામાં ગમે તેટલી કોશિશ કેમ ન કરું પણ તે મને કદાપિ હાંસલ નથી થઈ શકતી. ફર્માવ્યું કે જો હું દુઆ કરવાથી મેહરૂમ થઈ જાઉં તો તેની કુબૂલિયત ન થવાને કારણે મારા પર સખત મુશ્કેલીઓ આવી પડે. ફર્માવ્યું કે હે લોકો ! તમો એવા દૌરની ઉપજ છો જે ફેઅલને છોડીને કૌલ પર રાજી થઈ જવા, અને અમલને ત્યજીને ઈલ્મ પર ખુશ થવાનો દૌર છે, એટલા માટે તમો બદ્તરીન લોકોમાં અને બેહતરીન દૌરમાં છો.

એક શખ્સે જ્યારે હાલ પૂછયા તો ફર્માવ્યું કે મારો હાલ અલ્લાહ તઆલાની ખુશ્નુદી હાંસલ કરવી અને મખ્લૂકથી બેનિયાઝ રહેવું છે. અને જે ખુદા તઆલાથી રાજી થાય છે તે મખ્લૂકથી બેનિયાઝ (બેપરવા) રહે છે. આપની બેનિયાઝીનો આલમ એ હતો કે એક દિવસે કસાઈની દુકાનની તરફથી જેની પાસે ખૂબ જ ઉમદા ગોશ્ત હતો પસાર થયા અને આપની નિગાહ ગોશ્તની તરફ ઉઠી ગઈ. તો કસાઈએ અર્ઝ કરી કે ઘણો જ ઉમદા ગોશ્ત છે ખરીદી લો ! ફર્માવ્યું કે વધુ પેજ 12 પર..

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### કબ્રના અઝાબથી છૂટકારાનો અમલ

ત્યારબાદ કબ્રના ડરના બારામાં ચર્ચા ચાલી તો ફર્માવ્યું કે એક શખ્સે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને એના વિશે પૂછયું તો ફર્માવ્યું કે હું એક એવી ચીજ બતાવું છું કે જો તું કરીશ તો ડરીશ નહીં. ફર્માવ્યું, જે શખ્સ જુમેરાતે બે રકાત નમાઝ અદા કરે અને દરેક રકાતમાં અલ્હમ્દુ શરીફ પછી ૫૦ વાર કુલ્હુવલ્લાહ શરીફ પઢે તો મુન્કર નકીરથી સલામત રહેશે.

ત્યારબાદ ફર્માવ્યું કે તે શખ્સે બે રકાત નમાઝ અદા કરવાની આદત બનાવી લીધી. શરહે અવલિયામાં લખેલું જોયું છે કે જ્યારે તે શખ્સ મરી ગયો તો ખ્વાબમાં તેને પૂછવામાં આવ્યું કે અલ્લાહ તઆલાએ તારી સાથે કેવો વર્તાવ કર્યો ? અને મુન્કર નકીરથી કેવી રીતે છૂટકારો મેળવ્યો ? તેણે કહ્યું, જ્યારે મુન્કર નકીરે આવી મને પૂછયું અને હું જવાબ ન આપી શકયો તો મને અઝાબ કરવા ચાહ્યું. હુકમ થયો કે આ બંદાથી હાથ ઉઠાવી લો ! જેથી મને છોડી મૂક્યો.

ત્યારબાદ ફર્માવ્યું કે એક શખ્સે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછયું કે તમારી પાસે કોઈ એવી ચીજ છે જે કબ્રના અઝાબથી છૂટકારો અપાવે ? ફર્માવ્યું, હા ! જે શખ્સ બે રકાત નમાઝ અદા કરે અને દરેક રકાતમાં અલ્હમ્દુ શરીફ એકવાર અને ઈઝાઝુલ્ઝિલત ૧૫ વાર પઢે, તે અલ્લાહની એનાયતથી કબ્રના અઝાબથી છૂટકારો પામશે.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર હું શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رضی اللہ عنہ ની ખિદમતમાં બેઠો હતો અને ઘણા બધા બુઝુર્ગ તથા મશાઈખ ખિદમતમાં હાજર હતા અને વાત કબ્રના ડરના બારામાં થઈ રહી હતી. મૌલાના શહાબુદ્દીન કુરૈશી પણ હતા જે દિલ્હીના મુફતી હતા. ફર્માવ્યું, જે આ પાંચ સૂરતોને લખીને દરરોજ પઢયા કરે તે કબ્રના અઝાબથી સલામત રહેશે. તે પાંચ સૂરતો આ છે : સૂરએ મુઝ્ઝમ્મિલ, વશ્શમ્સ, વદ્દુહા, વલ્લૈલ તથા અલમ નશ્રહ.

ત્યારબાદ મેં કહ્યું કે ખાનદાને ચિશ્તના એક દરવેશ વિસાલ પામ્યા. જ્યારે તેમને દફન કરવામાં આવ્યા તો એ જ વખતે ફરિશ્તાઓએ આવીને સવાલ કર્યો. એ દરવેશે સહીહ જવાબ આપ્યો. એ જ વખતે એની કબરથી રોશની જાહેર થઈ. તેમને ખ્વાબમાં જોઈને હાલ પૂછયો કે અલ્લાહ તઆલાએ તમારી સાથે કેવો વર્તાવ કર્યો ? કહ્યું, બખ્શી આપ્યો અને ખૂબ જ મહેરબાની કરી કે જેની કોઈ સીમા નથી. હુકમ થયો કે તને આ દુઆ (પાંચ સૂરતો)ના બદલામાં અમે બખ્શી દીધો.

## ત્રણ નેઅમતો અર્પણ થશે

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે હદીષોમાં લખ્યું છે કે જે શખ્સ ફર્ઝ નમાઝ પઢયા બાદ ત્રણવાર સૂરએ ઈખ્લાસ અને ત્રણવાર દુરૂદ શરીફ પઢે. ત્યારબાદ એકવાર આ આયત પઢે :–

وَ مَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا ۙ وَّ يَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ ؕ وَ مَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ ؕ اِنَّ اللّٰهَ بَالِغُ اَمْرِهٖ ؕ قَدْ جَعَلَ اللّٰهُ لِكُلِّ شَيْءٍ قَدْرًا ۝

"અને જે અલ્લાહથી ડરે, અલ્લાહ એના માટે નજાતની રાહ કાઢી આપશે. અને તેને ત્યાંથી રોજી આપશે જ્યાં એનું ગુમાન ન હોય. અને જે અલ્લાહ પર ભરોસો કરે તો તે તેને પૂરતો છે. બેશક ! અલ્લાહ પોતાનું કામ પૂર્ણ કરનાર છે. બેશક ! અલ્લાહે દરેક ચીજનો એક અંદાજો રાખ્યો છે." *(સૂ. તલાક઼, ૬૫/૨,૩)* અને આસ્માનની તરફ ફૂંકે તો હક્ક઼ તઆલા એ બંદાને ત્રણ નેઅમતો અર્પણ કરે છે, એક લાંબી ઉમરની, બીજી માલમાં અધિકતા, ત્રીજી નેકનસીબી કે જન્નતમાં વિના હિસાબે દાખલ થશે.

શયખુલ ઈસ્લામ આ જ હિકાયત વર્ણવી રહ્યા હતા એવામાં નમાઝની અઝાન થઈ. આપ નમાઝમાં મશગૂલ થયા અને હું તથા લોકો પરત ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

આ જ મહિનાની ૨૦ તારીખ હિ.સ. ૬૫૫ના રોજ ક઼દમબોસીનો શરફ હાંસલ થયો. ચાશ્તના સમયે જમાઅતખાનામાં બેઠેલા હતા અને ઘણા દુરવેશો ખિદમતમાં હાજર હતા. હું આદાબ બજાવી લાવ્યો, તો ફર્માવ્યું કે હે ખુદાના દોસ્ત ! બેસી જા ! હું બેસી ગયો. હાજરજનોને સંબોધીને ફર્માવ્યું કે મેં અલ્લાહ તઆલાથી એ ઈલ્તિજા (અરજ) કરી છે કે મૌલાના નિઝામુદીન જે કાંઈ અલ્લાહથી તલબ કરે તે એમને મળી જાય.

## દુરૂદ શરીફના વઝીફાની બરકત

ત્યારબાદ દુરૂદના બારામાં ચર્ચા શરૂ થઈ. ફર્માવ્યું કે આષારે મશાઈખમાં આવ્યું છે અને મેં લખેલુ પણ જોયું છે કે, જે શખ્સ રસૂલે ખુદા ﷺ પર એકવાર દુરૂદ મોકલે છે તે ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે હમણા માના પેટે જનમ્યો અને એક લાખ નેકી એના આમાલનામામાં લખવામાં આવે છે અને તેને અવલિયા અલ્લાહમાંથી પોકારવામાં આવે છે.

## વઝીફો છૂટવા પર અફસોસ !

ત્યારબાદ ફર્માવ્યું કે સહાબા, તાબઈન તથા મશાઈખમાંથી દરેકે એને પોતાનો વઝીફો નિશ્ચિત કર્યો છે. જો કોઈ રાતે એ વઝીફામાં એમનાથી ગેપ થઈ જતી તો પોતાને પોતે મુડદુ ખયાલ કરતા અને પોતાનું માતમ કરતા કે આજે રાતે અમે મુર્દા છીએ ! જો જીવતા હોત તો ખ્વાજાએ કાઈનાત ﷺના દુરૂદમાં ગેપ ન પાડતા.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર ખ્વાજા યહ્યા મઆઝ رضی اللہ عنہથી દુરૂદ શરીફનો વઝીફો છૂટી ગયો. દરરોજ ત્રણ હજાર વખત દુરૂદ શરીફ પઢયા કરતા હતા. દિવસ થયો તો પોતાનું માતમ કર્યું અને જેવી રીતે કોઈ મુડદાના માતમના માટે બેસે છે એ રીતે બેસી ગયા. લોકોએ આવીને હાલત પૂછી કે શું સબબ છે ? ફર્માવ્યું, આજે રાત્રે વઝીફામાં મારાથી ગેપ રહી ગઈ છે, આ એનું જ માતમ છે, કેમ કે હું આ જહાનની સઆદત (નેક નસીબી)થી વંચિત રહી ગયો છું. ખ્વાજા મઆઝ રાઝી رضی اللہ عنہ આ જ વાત કરી રહ્યા હતા એવામાં ગેબી ફરિશ્તાએ અવાજ આપ્યો કે હે યહ્યા ! જેટલા પ્રમાણમાં સવાબ દરરોજ રાત્રે મળ્યા કરતો હતો એનાથી કેટલાક સો ગણો ગઈ રાતે સવાબ આપવામાં આવ્યો ! અને તારું નામ દુરૂદ મોકલનારાઓમાં લખવામાં આવ્યું.

(વિચારવાની વાત છે કે આજે આપણે ગુનાહો

કરીને પણ માતમ (રંજ) નથી કરતા જ્યારે બુઝુર્ગો મુસ્તહબ નેકી છૂટી જવા પર માતમ કરતા હતા ! આપણને સૌને અલ્લાહ નેક તૌફીક઼ આપે. આમીન *–અનુવાદક*)

પછી શૈખુલ ઈસ્લામ રડયા અને ફર્માવ્યું કે ખ્વાજાએ ષાની رضی اللہ عنہએ સરવરે કાઈનાત ﷺને ખ્વાબમાં જોયા કે ખ્વાજા સાહબથી ચેહરો મુબારક છુપાવી લીધો. ખ્વાજા સાહબે દોડીને ક઼દમોનો બોસો લીધો અને અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ મારી જાન આપના પર ફિદા છે ! કયા કારણે ચહેરો મુબારક મારાથી છુપાવી લીધો ? બગલમાં લઈને ફર્માવ્યું કે તેં દુરૂદ શરીફ મોકલીને મારી એટલા પ્રમાણમાં પ્રશંસા કરી કે હવે હું શર્મિંદો છું કે મઅઝેરત કરું ?!

ત્યારબાદ શયખુલ ઈસ્લામ ચોધાર આંસૂએ રડયા અને ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! અલ્લાહ તઆલાના એવા બંદાઓ પણ છે કે જેમનાથી અતિ અધિક પ્રમાણમાં દુરૂદને કારણે સરવરે કાઈનાત ﷺ શર્મિંદા થતા હતા ! તેમની જાન પર હજારો રહમતો વરસે જેઓ આ સવાબને હાંસલ કરે છે અને એ જ હાલતમાં મરે છે, અને એ જ હાલતમાં એમનો હશ્ર થાય છે. (એમની બખ્શિશ નિશ્ચિત છે)

## દુરૂદ શરીફ પઢી ફૂંક મારવાની બરકતો

પછી ફર્માવ્યું કે એકવાર યહૂદીઓનો એક ગિરોહ બેઠો હતો. એક મુસલમાન દુરવેશે આવીને એમની પાસે કાંઈક માગ્યું. તેમણે ઠઠ્ઠો મશ્કરી કરતાં કહ્યું કે હમણા શાહે જવાં મર્દા આવી રહ્યા છે તે તને કાંઈ આપશે ! તેણે આપનો દસ્તે મુબારક પકડીને સલામ કરી અને પોતાની તંગી જાહેર કરી. જ્યારે આપે જોયું તો કાંઈ ન પામ્યું પણ દાનાઈના કારણે સમજી ગયા કે યહૂદીઓએ એને આજમાઈશના માટે મોકલ્યો છે. તેનો હાથ પકડીને તેની હથેળી પર દસવાર દુરૂદ શરીફ પઢીને ફૂંક મારી અને ફર્માવ્યું, મુઠ્ઠી બંધ કરી લે ! જ્યારે તેમની પાસે આવ્યો તો પૂછયું કે શું મળ્યું ? કહ્યું, દસવાર દુરૂદ શરીફ પઢીને મુઠ્ઠી પર ફૂંક મારી. તેમણે કહ્યું, ખોલ ! જ્યારે મુઠ્ઠી ખોલી તો દીનારોથી ભરેલી હતી. એ દિવસે કેટલાય યહૂદી મુસલમાન થઈ ગયા.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર હારૂન રશીદ લગભગ છ મહિના બીમાર રહીને મરવાની અણીએ પહોંચી ગયો. સંજોગોવસાત શયખ અબૂ બક્ર શિબ્લી رضی اللہ عنہ તેની નજીકથી પસાર થયા. જ્યારે તેણે સાંભળ્યું તો કોઈને બોલાવવા મોકલ્યો. જ્યારે આપે આવીને જોયું તો કહ્યું, ઈત્મિનાન રાખો, આજે જ બીમારી દૂર થઈ જશે. એકવાર દુરૂદ શરીફ પઢીને એના પર હાથ ફેરવ્યો તો તરત જ તે સાજો થઈ ગયો. જાણવા મળ્યું કે તંદુરસ્તી એ જ દુરૂદ શરીફની બરકતથી પ્રાપ્ત થઈ. (સંપૂર્ણ)

### ★ દહેગામમાં જશ્ને શોહદાએ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી (દયાદરા) ★

**દહેગામ** : (તા. જંબુસર) ખાતે તા. ૧૧–૨–૨૦૧૮ રવિવારે જનાબ મૌલાના સાદિક઼ સાબરી દહેગામી (મુદર્રિસ : દા.ઉ. નૂરે મુહમ્મદી–દયાદરા) તરફથી શાનદાર જશ્ન તા. ૩૧–૧૨–૨૦૧૭ના રોજ દયાદરા ખાતે રેલ્વે અકસ્માતમાં શહીદ થનાર તેમના નેક ફરઝંદ મર્હૂમ હાફિઝ ગુલામ સાબિર તેમજ અન્ય ૪ હાફિઝ શહીદોની યાદમાં ચહેલૂમના પ્રસંગે મનાવાયો. જેમાં હઝરત સૈયદ ચિશ્તીબાવા–ચોરંદા, હઝરત સૈયદ શૌકત અલીબાવા–જંબુસર તેમજ અનેક ઠેકાણેથી સાદાત, ઉલમા, હુફ્ફાઝ, મુબલ્લિગો ગુજરાતભરમાંથી તશરીફ લાવ્યા હતા. સ્ટેજ ઉપર જ લગભગ ૨૦૦ હઝરાત હશે તેમજ ખુરશીઓ તેમજ ફર્શ પર અનેક લોકો મજમામાં હાજર હતા. નઅત, મન્ક઼બત તથા બયાનો કરી ખિરાજે અક઼ીદત પેશ કરવામાં આવ્યો. સલામ દુઆ બાદ સૌને ન્યાઝ જમાડવામાં આવી. રબ્બે કરીમ મૌલાના સાદિક઼ તેમજ સર્વ શહીદોના વાલિદૈનને સબ્રે જમીલ સાથે નેઅ્મલ બદલ અતા કરે. તેમજ બંને જહાનમાં તેમના સબ્રનો બેહતરીન બદલો આપે. (આમીન) *–તંત્રી*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## તલાક઼નું બયાન

**મસ્અલા** : કાગળના પરચા પર તલાક઼ લખી અને એમ કહે કે મેં તો મશ્કરીના તોર પર લખી છે તો એની વાત ભરોસાપાત્ર ગણાશે નહીં.

*(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : બે પરચાઓ પર એવું લખાણ લખ્યું કે મારું આ લખાણ તને મળે ત્યારે તને તલાક઼ છે અને ઓરતને બન્ને પરચા મળે તો ક઼ાઝી બે તલાક઼નો હુકમ આપશે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : બીજાની પાસે તલાક઼ લખાવીને મોકલી તો તલાક઼ થઈ જશે. લખનારને એવું કહ્યું કે મારી ઓરતને તલાક઼ લખી તો એ ઈકરારી તલાક઼ કહેવાશે એટલે કે તલાક઼ થઈ જશે. ભલે તે ન લખે. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : લેખિત તલાક઼ આપ્યાની સાબિતી માટે જરૂરી છે કે પતિ પોતે કબૂલ કરે કે મેં પોતે લખી છે અથવા લખાવી છે અથવા તો ઓરત આ બાબત પર ગવાહ રજૂ કરે. ફક્ત એના કાગળમાં લખેલા અક્ષરો, સહી કે મોહરને એના જ છે એવું માની લેવું પૂરતુ નથી. હા ! જો પતિને ભરપૂર ખાત્રી હોય કે એનું (પતિનું) જ છે તો એના પર અમલ કરવાની પત્નીને ઈજાઝત છે. પણ જો પતિ ઈન્કાર કરે તો ગવાહ સિવાય બીજો કોઈ રસ્તો નથી. *(ખાનિયા વગેરે)*

**મસ્અલા** : જો કોઈએ પતિને તલાક઼નામુ લખવા માટે મજબૂર કર્યો અને તેણે લખી આપ્યું પરંતુ પોતાના દિલથી ઈરાદો ન હતો અને પોતાની જીભે તલાક઼ના શબ્દો પણ ન બોલ્યો હોય તો તલાક઼ થશે નહીં. મજબૂરીનો અર્થ શરઈ મજબૂરી છે. ફક્ત કોઈના દબાણમાં આવી જઈને કે પછી મોટો છે એની વાત કઈ રીતે તોડી પડાય ? એવું વિચારવાને કરે તો તે મજબૂરી ગણાશે નહીં. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : તલાક઼ના બે પ્રકાર છે : (૧) સરીહ (૨) કિનાયા : **સરીહ** તેને કહે છે જે શબ્દોથી (બોલવાથી) તલાક઼નો ઈરાદો સ્પષ્ટ જાહેર થતો હોય. જાહેર તલાક઼માં મોટેભાગે એનો ઉપયોગ (શબ્દોનો) થતો હોય ભલે પછી તે કોઈ પણ ભાષાના હોય. *(જાહેરા, બહાર વગેરે)*

**મસ્અલા** : જાહેર શબ્દો જેવા કે : (૧) મેં તને તલાક઼ આપી (૨) તને તલાક઼ છે (૩) તું આઝાદ છે (૪) તું તાલીક઼ છે (તલાક઼વાળી) (૫) હું તને તલાક઼ આપું છું (૬) એય મુતલક્ક઼ા (આઝાદ) આ તમામ શબ્દો માટે એવો હુકમ છે કે એક તલાકે રજઈ લાગુ પડશે. ભલે કોઈ નિય્યત કરી હોય કે ન હોય, યા બાઈનની નિય્યત કરી હોય કે એકથી વધારેની નિય્યત કરી હોય અથવા એમ કહે કે હું નથી જાણતો કે તલાક઼ શું છે ? આ બધી બાબતોમાં એક રજઈ તલાક઼ લાગુ પડશે. પરંતુ જો તે તલાક઼ શું તે જાણતો જ ન હતો તો એવી હાલતમાં (ઈમાનદારીપૂર્વક) **દયાનતન** લાગુ નહીં પડે.

*(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : (૭) તલાગ (૮) તલાગ઼ (૯) તલાક (૧૦) તલાખ (૧૨) તલ્લાખ (૧૩) તિલ્લાખ (૧૪) તિલ્લાક઼ (૧૫) તલાક઼ (૧૬) બલ્કે તોતડી જીભે (૧૭) તલાત બોલે, આ બધા સરીહ

પ્રકારના જાહેરના છે. (ગણાશે). આ બધા માટે એક તલાકે રજઈ લાગુ પડશે. ભલે તલાક઼ની નિય્યત કરી હોય કે ન હોય. (૧૮) તોય, લામ, અલિફ, કાફ કહ્યું અને તેમાં તલાક઼ની નિય્યત હતી તો એક રજઈ તલાક઼ ગણાશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઉર્દૂમાં આ પ્રકારના શબ્દો કહે કે 'મૈંને તુઝે છોળા' તો એ સરીહ (જાહેર) પ્રકાર ગણાશે એનાથી એક રજઈ તલાક઼ થશે ભલે કોઈ નિય્યત હોય કે ન હોય. એ જ રીતે જો (૨૧) ફારિગ ખતી (૨૨) ફારખતી (૨૩) ફારખિતી આપી'' તો એ પણ સહીહ (પ્રકારની) ગણાશે. *(બહારે શરીઅત)*

**મસ્અલા** : તલાક઼ શબ્દનો ખોટો ઉપયોગ કરવામાં આલિમ અને જાહિલ એક સરખા ગણાશે. બહરહાલ તલાક઼ થઈ જશે. ભલે એમ કહે કે હું તો ધમકાવવા માટે ખોટી રીતે બોલ્યો હતો. તલાક઼ આપવાનો (મારો) ઈરાદો ન હતો અને જો તલાક઼ આપવાનો ઈરાદો હોત તો હું સ્પષ્ટ રીતે ચોખ્ખે ચોખ્ખું જ બોલત ! હા ! જો એણે પહેલેથી જ લોકોને કહી આપ્યું હોય કે હું ધમકાવવા માટે ખોટી રીતે બોલીશ. તલાક઼ આપવાનો મારો ઈરાદો નથી તો એની વાત માની લેવામાં આવશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : કોઈએ પૂછયું કે તેં તારી ઓરતને તલાક઼ આપી દીધી ? જવાબમાં જો એમ કહ્યું કે 'હા' અથવા 'કેમ નહીં ?' તો તલાક઼ થઈ ગઈ. ભલે તલાક઼ દેવાની નિય્યતે ન બોલ્યો હોય. પરંતુ જો એવા સખ્ત અવાજે અને એવા લેહઝાથી બોલ્યો હોય કે જેનાથી ઈન્કાર સમજી શકાતો હોય તો (તલાક઼) થશે નહીં. *(દુર્રે મુખ્તાર, ખાનિયા, બહાર)*

**મસ્અલા** : કોઈએ ઝૈદને કહ્યું કે; તારી ઓરતને તલાક઼ નથી. આ વાત પર ઝૈદે એમ કહ્યું કે ''કેમ નહીં ?'' અથવા એવું બોલ્યો કે ''કયૂં ?'' તો તલાક઼ થઈ ગઈ, અને જો એમ કહ્યું કે 'ના'' અથવા ''હા'' બોલ્યો તો તલાક઼ થશે નહીં. *(ફતાવા રઝવીયા)*

**મસ્અલા** :ઓરતને તલાક઼ આપી નથી પણ બધાંને એમ કહેતો હોય કે હું તલાક઼ દઈને આવ્યો છું તો **ક઼ઝાઅન** તલાક થઈ જશે, **દયાનતન** થશે નહીં. *(ફતાવા ખેરિયા, બહાર)*

**મસ્અલા** : એક તલાક઼ આપી હોય અને લોકોને એમ કહે કે; મેં ત્રણ (તલાક઼) આપી છે તો **દયાનતન** એક થશે, **ક઼ઝાઅન** ત્રણ ગણાશે. ભલે એમ કહે કે હું જૂઠુ બોલ્યો હતો. *(ખૈરિયા, બહાર)*

**મસ્અલા** : ઓરતને કહ્યું કે હે મુતલ્લક઼ા, હે તલાક઼શુદા (તલાક઼ આપેલી), હે તલાક઼ન, હે તલાક઼ મેળવેલી, હે તલાક઼ કરદા... આ બધી હાલતમાં તલાક઼ થઈ ગઈ. ભલે એવું કહે કે (આ બધું કહેવા પાછળ) મારો ઈરાદો ગાળ દેવાનો હતો, તલાક દેવાનો ન હતો અથવા એવું કહે કે મારો કહેવાનો અર્થ એ હતો કે તે પ્રથમ (પહેલા) પતિથી તલાક઼ મેળવેલ હતી અને હકીકતમાં તેણી એવી હોય કે જે પોતાના પ્રથમ પતિથી છૂટાછેડા (તલાક઼) પામી હતી તો તેનું કહેવું **દયાનતન** (ઈમાનદારીથી) માની લેવું પડશે અને જો તે ઓરત પહેલાં કોઈના નિકાહમાં જ ન હતી. અથવા કોઈના નિકાહમાં હતી પણ એના ધણીએ તલાક઼ આપી ન હતી પણ તે ગુજરી ગયો હતો તો એ બહાનું માનવામાં નહીં આવે. એ જ રીતે જો ''તારા શોહરે (ધણીએ) તને તલાક઼ આપી'' એવું કહેશે તો પણ એ જ હુકમ લાગુ પડશે. *(રદ્દુલ્ મુહ્તાર, હિંદીયા, બહાર)*

**મસ્અલા** : ઓરતને એમ કહે કે, ''તને તલાક઼ આપું છું'' અથવા એમ કહે કે, ''તું છૂટી થઈ જા.'' તો તલાક઼ થઈ જશે. (શામી, બહાર) પરંતુ આવા શબ્દો ''તલાક઼ આપું છું'' યા ''છોડું છું'' એનો એવો અર્થ કાઢે કે તલાક઼ આપવા ચાહું છું, યા છોડવા ઈચ્છું છું **દયાનતન** થશે નહીં, **ક઼ઝાઅન** થઈ જશે. અથવા ઓછું બોલે કે ''છોડી દઉં છું'' તો તલાક઼ થઈ નહીં, કેમ કે એ શબ્દો ઈરાદો જાહેર કરે છે. *(બહારે શરીઅત)*

**મસ્અલા** : "તુઝ પર તલાક", "તુઝે તલાક઼", "તલાક઼ હો જા", "તુ તલાક઼ હૈ", "તુ તલાક઼ હો ગઈ", "તલાક઼ લે" ઘર બહાર જતી હોય અને કહે કે "તલાક઼ લે જા", "અપની તલાક઼ ઓળ (ઓઢ) ઓર રવાના હો", "મૈંને તેરી તલાક઼ તેરે આંચલમેં બાંધ દી", "જા તુઝ પર તલાક઼" આ પ્રકારના તમામ શબ્દો (બોલવાથી) એક તલાકે રજઈ (ગણાશે) થશે અને જો તલાક઼ દેવાની નિય્યતે જ એમ કહે કે "જા" તો તલાકે બાઈન થાય. *(હિંદિયા વગેરે)*

**મસ્અલા** : કોઈએ પોતાની ઓરત વિશે એમ કહ્યું કે, "તેને તેણીની તલાક઼ની ખબર આપ", યા "તલાક઼ની ખુશખબરી સંભળાવી દે", યા "તેણીની તલાક઼ની ખબર તેણીની પાસે લઈ જા" યા ' તેણીને લખી મોકલ" અથવા "તેણીને એમ કહે કે "તેણી છૂટાછેડાવાળી છે" અથવા "તેણીના માટે તેણીને તલાક઼ની સનદ અથવા યાદદાશ્ત લખી દે" આ બધી હાલતમાં તલાક઼ તે જ વેળા લાગુ પડશે. ભલે તેણે તેણીને (ઓરતને) ન કહ્યું હોય કે ન લખાણ આપ્યું હોય. અને જો એવું કહ્યું કે "એને કહી દે કે તું તલાક઼વાળી છે" અથવા એવું કહે કે "એને તલાક઼ દઈ આવ" તો જ્યારે એ જઈને કહેશે ત્યારે તલાક઼ થશે, નહીંતર નહીં થાય. *(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : ઓરતને એવું કહે કે "તું ફલાણી કરતાં વધારે છૂટાછેડાવાળી (તલાકશૂદા) છે તો તલાક઼ થઈ ગઈ ભલે પછી તે ફલાણી છૂટાછેડાવાળી ન હોય તો પણ. *(ફતાવા રઝવિય્યહ્)*

**મસ્અલા** : ઓરતને એવું કહ્યું કે "મૈં તારી તલાક ઈચ્છી છે (તને તલાક઼ દેવાની ઈચ્છા છે) અથવા એમ કહ્યું કે "તારે માટે તલાક઼ છે" અથવા એવું કહ્યું કે અલ્લાહે તારી તલાક઼ ચાહી છે" અથવા એમ કહે કે "અલ્લાહે તારા નસીબમાં તલાક નક્કી કરેલી છે" આ બધી હાલતમાં જો તલાક આપવાની નિય્યત હશે તો તલાકે રજઈ લાગુ પડશે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહર, બહાર)*

**મસ્અલા** : ઓરતને એમ કહે કે "મૈં તને છૂટી કરી દીધી" અને પછી એવું બહાનું બતાવે કે મારો કહેવાનો મતલબ એ હતો કે બંધનમાં હતી તે મુક્ત કરી, બંધન છોડી દીધું યા કેદમાંથી મુક્તિ આપી તો એ બહાનું માનવામાં નહીં આવે. હા ! જો ચોખ્ખે ચોખ્ખું એવું બોલ્યો હોય કે તને "કેદ અથવા તો બંધનમાંથી મુક્ત કરું છું" તો એવું કહેવું માનવામાં આવશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરતને કહ્યું કે તું મારા પર હરામ છે તો એનાથી એક બાઈન તલાક઼ લાગુ પડશે. ભલે નિય્યત ન કરી હોય તો પણ.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરતને કહ્યું કે "હું તારા પર હરામ છું" અને તલાક઼ની નિય્યત કરી હતી તો તલાક લાગુ પડશે અને જો ફકત એવું બોલ્યો હોય કે "હું હરામ છું" તો તલાક઼ થશે નહીં.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરતને એમ કહ્યું કે તારી તલાક઼ મારા પર વાજિબ છે તો એનાથી તલાક઼ થઈ જશે. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : જો એવું બોલે કે "ખુદા તને તલાક઼ આપે" તો એનાથી તલાક઼ થશે નહીં અને જો એવું બોલ્યો કે "તને ખુદાએ તલાક઼ આપી" તો એનાથી તલાક થઈ જશે. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : તલાક઼માં નિસ્બત જરૂર હોવી જોઈએ. નિસ્બત વગર તલાક઼ લાગુ નહીં પડે ભલે હાજરના અર્થમાં બયાન કરે. જેમ કે એવું કહે કે "તને તલાક઼ છે" યા ઈશારાથી બયાન કરે જેમ કે એવું બોલે કે "એને" યા "આને" અથવા નામ લઈને બોલે કે "ફલાણીને તલાક઼ છે." મતલબ એ કે જેને તલાક઼ દેવાની હોય તેના તરફ તલાક઼ની નિસ્બત

જરૂરી છે. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : જો એવું કહે કે "તને મક્કામાં તલાક઼ છે" યા "ઘરમાં" કે "તડકામાં–છાયડામાં" (તલાક઼ છે) તો એવું બોલવાથી તરત જ તલાક઼ લાગુ પડશે. એવું નહીં કે જ્યારે મક્કા જાય ત્યારે પડે. હા એવું કહે કે મારો મતલબ એ હતો કે જ્યારે મક્કા જાય ત્યારે તલાક઼ તો દયાનતન એની વાત ભરોસાપાત્ર ગણાશે પરંતુ ક઼ઝાઅન નહીં.

–*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો એવું કહે કે "તને ક઼યામતના દિવસે તલાક઼ છે" તો કંઈ નહીં. કેમ કે એવું બોલવું બેકાર છે. પરંતુ જો એવું બોલે કે "તને કયામતથી પહેલાં તલાક઼ છે" તો તે જ ઘડીએ તલાક઼ લાગુ પડશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો એવું બોલે કે "તને આવતી કાલે તલાક઼ છે" તો બીજે દિવસે સૂર્ય ઊગતાં જ તલાક઼ થઈ જશે. એ રીતે જો બોલ્યો કે "તને શાબાનમાં તલાક઼ છે" તો રજબ મહિનો પૂરો થતાં છેલ્લે દિવસે સૂર્ય આથમતાં તલાક થઈ જશે.

–*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : આંગળીઓનો ઈશારો કરીને (બતાવીને) એવું કહે કે "તને આટલી તલાક઼ો" તો એક, બે, ત્રણ જેટલી આંગળીઓનો ઈશારો કર્યો હશે (બતાવી હશે) તેટલી તલાક઼ો થશે. અર્થાત ઈશારો કરતી વેળા જેટલી આંગળીઓ ખુલ્લી હશે તે ગણાશે. બંધ આંગળીઓ ગણવામાં નહીં આવે અને જો તે એમ કહે કે મારો કહેવાનો મતલબ બંધ આગળીઓ યા તો હથેળીનો હતો (બંધ આંગળીઓ જેટલી યા હથેળી જેટલી તલાક઼ો) તો **દયાનતન** એની વાત માનવામાં આવશે. **ક઼ઝાઅન** માનવામાં નહીં આવે. જો ત્રણ આંગળીઓ બતાવીને એમ કહે કે તને આટલી તલાક઼ અને નિય્યત પણ ત્રણ (તલાક઼)ની હશે તો ત્રણ તલાક ગણાશે. નહીં તો એક બાઈન (તલાક઼) ગણાશે અને ઈશારો કરીને (આંગળીઓ બતાવીને) મદદની નિય્યતથી એમ કહે કે "તને આટલી" અને **તલાક઼** શબ્દ ઉચ્ચારે નહીં તો પણ તલાક઼ થઈ જશે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : તલાક઼ની સાથે કોઈ સિફતનો ઝિક્ર કરવામાં આવે જેનાથી સખ્તી જાહેર થતી હોય **બાઈન** લાગુ પડશે. જેમ કે **બાઈન** યા **અલબત્તા** યા **ફહશ તલાક઼, તલાક઼े શયતાન, તલાક઼े બિદઅત, બદતર તલાક઼, પહાડ બરાબર, હજાર બરાબર સૌથી મોટી, સૌથી કડવી, સૌથી સખત, સૌથી પહોળી, સૌથી લાંબી, સૌથી મોટી** અને જો ત્રણની નિય્યત કરી હોય તો પણ ત્રણ તલાક઼ થશે નહીં. એક (થશે) અને જો ઓરત બાંદી હશે તો બેની નિય્યત દુરસ્ત છે.

*(હિદાયા, દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : જો એમ કહે કે "તને હજારો તલાક઼" અથવા "આટલી વાર તલાક઼" તો ત્રણ લાગુ પડશે અને જો એમ કહે કે "તને વધારે પણ નહીં અને ઓછી પણ નહીં એટલી વાર તલાક઼" તો જાહેરમાં કહ્યા મુજબ ત્રણ તલાક઼ લાગુ ગણાશે અને ઈમામ અબૂ જા'ફર હિન્દવાની તથા ઈમામ કાઝીખાન એને અગ્રતા દેતાં કહે છે કે બે લાગુ પડશે અને જો એમ કહે કે ઓછામાં ઓછી તલાક઼ તો એક રજઈ લાગુ પડશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : જો કહ્યું કે 'તને તલાક઼ છે પૂરી તલાક઼" તો એક થશે, અને જો કહ્યું કે "કુલ તલાક઼ો" તો ત્રણ થશે. *(હવાલો ઉપર મુજબ)*

**મસ્અલા** : જે ઓરતથી નિકાહ ફાસિદ કર્યો અને પછીથી એને ત્રણ તલાક઼ આપે તો હલાલો કર્યા વગર નિકાહ કરી શકે છે. એટલા માટે હકીકતમાં એ તલાક઼ નથી બલ્કે મુતારિકા છે (છોડી દીધેલી).

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::
હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન ક઼ાદરી
અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## ખૂનીની ભયાનક સજા !

હઝરત સૈયદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે જો તમામ આસ્માનો તથા જમીનવાળા એક મુસલમાનનું ખૂન કરવામાં શરીક થઈ જાય તો અલ્લાહ તઆલા તે સર્વને મોંઢાભેર ઊંધા કરીને જહન્નમમાં નાખી દેશે. *(મિશ્કાત બહવાલા તિર્મિઝી)*

હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, ક઼યામતના દિવસે ક઼ત્લ થનારાની રગોમાંથી લોહી વહેતુ હશે અને તે પોતાના ક઼ાતિલના માથાનો આગલો હિસ્સો પોતાના હાથે વડે પકડીને એવું કહેતાં અલ્લાહ તઆલા સમક્ષ હાજર થશે કે હે મારા પરવરદિગાર ! એણે મને ક઼ત્લ કર્યો છે. ત્યાં સુધી કે તે અર્શની નજીક પહોંચીને ખુદા ﷻના દરબારમાં પોતાનો મુક઼દમો પેશ કરશે. *(ઉપર મુજબ)*

અફસોસ ! સેંકડો અફસોસ ! કે આજકાલ ક઼ત્લ તથા ખૂનામરકીનું બજાર ખૂબ જ ગરમ છે. મુસલમાનોને ખુદાનો ખૌફ તદન જ નથી રહ્યો. આજે કોઈની ઈજ્જત મહેફૂઝ નથી, કોઈનો માલ મહેફૂઝ નથી, કોઈને પોતાની જાનનો ખતરો લાગેલો છે. ખૂબ જ પ્રમાણમાં સંજોગો અવર્ણનીય થતા જઈ રહ્યા છે. મુસલમાનોમાં જ ભાઈચારો ખત્મ થતો જઈ રહ્યો છે. એકબીજાની ખૈરખ્વાહી (ભલુ ઈચ્છવા)ને બદલે એકબીજાને નુકસાન પહોંચાડવા તૈયાર છે. જ્યારે કે હદીષે પાકમાં મુસલમાનની વ્યાખ્યાના આ શબ્દો છે કે મુસલમાન તે છે કે જેના હાથ તથા જીભથી બીજો મુસલમાન મહેફૂઝ રહે.

## ★ ગર્ભ પડાવનારાઓ તથા અન્ય ખૂનીઓ સાવધાન ! ★

તાજદારે રિસાલત ﷺએ ફર્માવ્યું, ''ક઼યામતના દિવસે (ગર્ભમાંથી) પાડી નંખાયેલ બાળક આવશે અને એનો અવાજ વીજળીના કડાકાની જેમ હશે અને તે ફરિયાદ કરશે, હું મઝલૂમ છું ! ત્યારબાદ તે પોતાની માને લઈને હાજર થશે અને કહેશે કે હે અલ્લાહ ! ﷻ હું એને પૂછું છું કે એણે મને કઈ બિના પર ક઼ત્લ કર્યો હતો ? અલ્લાહ તઆલા બાળકનું એબોર્શન કરાવનાર માને કહેશે, સાંભળી લે ! મેં જીવને ક઼ત્લ કરવાને હરામ ઠરાવી દીધું છે, સિવાય કોઈ હક્ક઼ના. પછી ફર્માવશે, હે મારા ફરિશ્તાઓ ! આ સ્ત્રી જહન્નમના દરવાન માલિક (علیہ السلام)ને સુપ્રત કરી દો જેથી તે તેણીને અહઝાનના કૂવામાં કેદ કરી દે. તો ફરિશ્તા તે સ્ત્રીને ધમકાવતાં પકડી લેશે. કેમ કે ફરિશ્તા એની વિરુદ્ધ નથી કરતા, જે તેમને હુકમ આપવામાં આવે છે તે જ કરે છે. પછી તે ફરિશ્તા તે સ્ત્રીની ગરદનમાં તોક઼ તથા જંઝીર નાખીને મોંઢાભેર તેણીને જહન્નમની તરફ ઘસેડીને લઈ જશે, અને જહન્નમનો દરવાન તેણીને અહઝાનના કૂવામાં ફેંકી દેશે. તે કૂવો ઘણો ઊંડો છે અને એ આગથી ભરેલો છે જેનું નામ નારુલ અન્યાર છે. જ્યારે જહન્નમ ઠંડી પડવા પર આવે છે તો આ કૂવાનું મોં ખોલી દેવામાં આવે છે તો જહન્નમ એની ગરમીથી ફરી

તપવા લાગે છે. એમાં દરિન્દાઓ (હિંસક જાનવરો), વરૂ, સાપ તથા વિછી છે જે અઝાબવાળાઓને ડંખ મારે છે અને અઝાબના ફરિશ્તા જેમના હાથોમાં આગના ખંજરો હશે જેના વડે ખૂનીઓને ઘાયલ કરશે. પચાસ હજાર વરસ સુધી એ કૂવામાં રાખીને તેમને અઝાબ આપવામાં આવશે, ત્યાં સુધી કે અલ્લાહ ﷻ તેના હક્ક઼માં જેવો ચાહે હુકમ ફર્માવશે. *(કુર્રતુલ ઓયૂન)*

## કોઈના પર આક્ષેપ લગાડવો કેવો ?

પોતાના તરફથી ઘડીને કોઈના પર કોઈ જૂઠો આક્ષેપ કે અયબ લગાડવી તેને ઈફતેરા, તોહમત કે બોહતાન કહે છે. આ ઘણી જ ખબીષ (ગંદી) તથા નીચ આદત છે અને ઘણો જ મહાન ગુનોહ છે. ખાસ કરીને **કોઈ પાકદામન પુરૂષ અથવા સ્ત્રી પર ઝિનાકારીનો આક્ષેપ મૂકવો એ તો એટલો મોટો ગુનોહ છે કે અમીરુલ મો'મિનીન હઝરત મૌલા અલી رضی اللہ عنہથી મરવી છે કે તેમણે ફર્માવ્યું, કોઈ નિર્દોષ પર આક્ષેપ મૂકવો એ એક સો વરસના નેક અમલોને તબાહ તથા બર્બાદ કરી આપે છે.** *(કન્ઝુલ ઉમ્માલ)*

## ખુદકશી (આત્મહત્યા) કરવાની સજા!

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કબીરા ગુનાહોમાંથી સૌથી મોટો ગુનોહ ખુદકશી (આત્મહત્યા) કરવી છે. અને જેણે પોતાની જાનને છરી વડે ક઼ત્લ કર્યો, ફરિશ્તા તેને છરી વડે જહન્નમની વાદીઓમાં હમેશાં હમેશ સુધી સતત ઘાયલ કરતા રહેશે. જો મઆઝલ્લાહ ! તેનો ખાત્મો ઈમાન પર ન થયો હોય તો હમેશાં હમેશ માટે તે જહન્નમમાં રહેશે, અને મારી શફાઅતથી વંચિત રહેશે. અને જો પોતાની જાનને કોઈ ઊંચી જગાએથી ફેંકી અને તે મરી ગયો તો ફરિશ્તા હમેશાં હમેશ સુધી જહન્નમની વાદીમાં ઊંચી ટેકરી પરથી તેને ફેંકતા રહેશે, અને આત્મહત્યા કરનારા લોકોને આગના કૂવાઓમાં કૈદ કરવામાં આવશે. અને જો પોતાની જાનને પહાડ પર લટકાવી અને મરી ગયો તો તે હમેશાં હમેશાં આગની ડાળીમાં લટકતો રહેશે, અને તે અલ્લાહ તઆલાની રહ્‌મતથી મહેરૂમ તથા નિરાશ રહેશે. જો કોઈ જાનને નાહક્ક઼ ક઼ત્લ કરી તો એ ક઼ત્લ ઉઘાડી ગુમરાહી છે અને ફરિશ્તા હમેશાં હમેશાં આગની છરીઓ વડે તેને ઝબહ કરતા રહેશે. જ્યારે પણ તેને ઝબહ કરવામાં આવશે તો તેના ગળેથી ક઼િતરાનનું કાળુ લોહી વહેશે, ત્યાર બાદ તે એવો જ થઈ જશે જેવો પહેલાં હતો. ત્યાર બાદ ફરીથી તેને ઝબહ કરવામાં આવશે, અને આ રીતે તેનો આ અઝાબ હમેશાં હમેશાં માટે સતત ચાલુ રહેશે. (હમેશાં હમેશાં જહન્નમમાં તે જ રહેશે જેનો ખાત્મો કુફ્ર પર થયો હોય, અને જે ઈમાન પર મરશે તેને છેવટે જહન્નમથી જરૂર કાઢીને જન્નતમાં દાખલ કરવામાં આવશે) અને ખૂન કરનારા લોકોને જહન્નમના કૂવાઓમાં કૈદ રાખવામાં આવશે, તેમાં તેઓ હમેશાં હમેશ રહેશે. આપણે અલ્લાહની આ અઝાબથી પનાહ માગીએ છીએ. અને એ જ હાલ તે સ્ત્રીનો થશે જે પોતાના પેટના બાળકનું એબોર્શન (ગર્ભપાત) કરાવે. *(કુર્રતુલ ઓયૂન)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈમામે આ'ઝમ رضی اللہ عنہ મુહદ્દિષો તથા ફકીહોની નજરમાં

**કાર્યાલય**

ઈમામે આ'ઝમ અબૂ હનીફા હઝરત નોઅમાન બિન ષાબિત رضی اللہ عنہની ખૂબીઓ તથા કમાલોના વર્ણન માટે તો દફતરોના દફતરો જોઈએ. આપ એવી મહાન હસ્તી થઈ ગયા કે આ ટૂંકા લેખમાં જેમનું વર્ણન શક્ય નથી. પણ અત્રે આપની ખૂબીઓ તથા કમાલોની એક ઝલક વાંચકો માટે રજૂ કરીએ છીએ જેનાથી આપના મહાન મર્તબાની છાપ વાંચકોના દિલમાં બેસે તથા દિલમાં ઈમાની નૂર ઔર રોશન થાય અને આપની અકીદતમાં ઔર વધારો થાય.

## ★ આપનો ઈલ્મી મકામ ★

**અબૂ ઝકરિયા યહ્યા બિન મુઈન** رحمۃ اللہ علیہ **ફર્માવે છે** : ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી સુફયાન ષૌરી, અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક, હમ્માદ બિન ઝયદ, હૈશમ, વકીઅ, ઓબાદ બિન અવ્વામ, જઅફર બિન ઔન, અબૂ અબ્દુર્રહમાન મુકરી તેમજ ઘણી બધી જમાઅતે રિવાયત કરી છે. તે ''ષિકહ લા બઅ્સબિહ'' (કોઈ શક વિનાના ભરોસાપાત્ર) છે.

અબૂ ઝકરિયા યહ્યા બિન મુઈન رحمۃ اللہ علیہ કહે છે કે મેં યહ્યા બિન સઈદ رحمۃ اللہ علیہને ફર્માવતાં સાંભળ્યા, ''અમે અલ્લાહ પર જૂઠ નથી બાંધતા. અબૂ હનીફા رحمۃ اللہ علیہના કથનોમાંથી કોઈ કૌલ સારો લાગે છે તો અમે એના પર અમલ કરીએ છીએ.''

*(અલઈન્તિકાઅ્ ફી ફઝાઈલિષ્ષલાષા અલઅઈમ્મતુલ ફુકહા, ઈબ્ને અબ્દુલ બર, પેજ–૧૨૩)*

**હાફિઝ અબૂ નુઐમ** رحمۃ اللہ علیہ **ફર્માવે છે** : ''ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ એ લોકોમાંથી છે જેમની બારીક દ્રષ્ટિ, ફિક્રી ગહરાઈ (ઊંડુ ચિંતન) અને હીલએ શરઈનું ઉમદાપણુ સ્વીકારવામાં આવેલ છે. મન્સૂર બાદશાહના જમાનામાં કઝા (ન્યાયાધીશ)ના હોદ્દા પર બિરાજમાન કરવામાં આવ્યા. અને સહીહ એ છે કે તેમણે કઝાનો હોદ્દો સ્વીકારવાથી મના કરી આપ્યું હતું. તેમની વફાત હિ.સ. ૧૫૦માં થઈ. તેમની જન્મ તારીખ હિ.સ. ૮૦ છે. તેમની કુલ ઉમર ૭૦ વરસ થઈ. અને ઈમામે અબૂ હનીફા رحمۃ اللہ علیہ લોકોને રસૂલુલ્લાહ ﷺના અહલે બયત સાથે મહોબ્બત, તેમની મદદ અને તેમના અનુસરણની તરફ બોલાવતા હતા.

*(મુસ્નદે અબૂ હનીફા બરિવાયતે અબૂ નુઐમ, અબૂસ્સવારની રિવાયતથી, પેજ–૧૭)*

**હાફિઝ અબૂ નુઐમ** رحمۃ اللہ علیہ **ફર્માવે છે** : ''ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ મસાઈલમાં ખૂબ જ પ્રમાણમાં ડૂબકી લગાડનારા હતા.''

*(હવાલો : ઉપર મુજબ, પેજ–૨૦)*

**ઈબ્ને ઔન** رحمۃ اللہ علیہ **ફર્માવે છે** : ''મને ખબર પહોંચી છે કે કૂફામાં એક માણસ (ઈમામ અબૂ હનીફા) મુશ્કેલીઓનો જવાબ આપે છે'' *(પેજ–૨૦)*

**ઈમામ શાફઈ** رحمۃ اللہ علیہ **ફર્માવે છે** : ''મેં ઈમામ માલિક બિન અનસ رحمۃ اللہ علیہને પૂછયું કે શું તમે ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ને જોયા છે અને તેમની સાથે મુનાઝરો કર્યો છ ? તેમણે ફર્માવ્યું, ''હા ! મેં એક એવા માણસને જોયો છે કે જો તે આ સ્તંભની તરફ જુએ કે જે પથ્થર છે. તો તેને કહે કે આ સોનાનો છે તો તેને સોનાનો હોવાનું દલીલોથી પુરવાર કરી આપતા.'' લેખકે કહ્યું, આ બનાવને શયખ અબૂ ઈસ્હાક શીરાઝીએ ''તબકાતુલ ફુકહા''માં હિકાયત રૂપે વર્ણન કરેલ છે.

*(મુસ્નદે અબૂ હનીફા બરિવાયતે અબૂ નુઐમ, પેજ–૨૦)*

**ઈમામ શાફઈ** رحمۃ اللہ علیہ **ફર્માવે છે :** ''લોકો ફિક્હમાં ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہના મોહતાજ છે.'' લેખકે કહ્યું, આ ક઼ૌલને પણ શયખ અબૂ ઈસ્હાક઼ે ''તબક઼ાતે કુબરા''માં વર્ણવ્યો છે.

*(હવાલો : ઉપર મુજબ, પેજ–૨૨)*

**ઈમામ ઈબ્ને મુબારક** رحمۃ اللہ علیہ **ફર્માવે છે :** ''જો કોઈને પોતાની રાયના મુજબ ક઼ૌલ કરવાનું યોગ્ય હોત તો ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہને પોતાની રાયના પ્રમાણે ક઼ૌલ કરવો મુનાસિબ તથા બેહતર હોત. *(હવાલો : ઉપર મુજબ)*

**ઈમામ સુફયાન બિન ઓયૈનિયા** رحمۃ اللہ علیہ **ફર્માવે છે :** ''મારી આંખોએ ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہના જેવો નથી જોયો.'' લેખકે કહ્યું, ઈમામ સુફયાન رحمۃ اللہ علیہએ ઈમામ શાફઈ તથા ઈમામ અહમદ رحمۃ اللہ علیہماને પણ જોયા છે.''

*(હવાલો : ઉપર મુજબ, પેજ–૨૧)*

**અબ્દુલ્લાહ બિન ઉમર** رحمۃ اللہ علیہ **ફર્માવે છે :** ''હું અઅ્મશ رحمۃ اللہ علیہ ની પાસે હતો તે વખતે તેમને એક મસ્અલાના બારામાં પૂછવામાં આવ્યું, તો તેમણે ક઼ૌમની તરફ જોયું, પછી ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ને ફર્માવ્યું, હે નોઅમાન ! એના સવાલનો જવાબ આપો ! તો ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہએ એનો જવાબ આપ્યો. એના પર તેમણે ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہને કહ્યું કે આપે આ જવાબ ક્યાંથી આપ્યો ? તો ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہએ અર્ઝ કર્યું, મેં આ જવાબ એ જ હદીષથી આપ્યો છે જે આપે મને વર્ણવી હતી. એ વખતે ઈમામ અઅ્મશ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ''તમે લોકો હકીમ છો, અને અમે લોકો દવા વેચનારા છીએ !'' *(હવાલો ઉપર મુજબ, પેજ–૨૨)*

**અહમદ બિન અલી** رحمۃ اللہ علیہ **કહે છે :** ઈમામ યહ્યા બિન મુઈન رحمۃ اللہ علیہની પાસે ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہનો ઉલ્લેખ કરવામાં આવ્યો તો તે વખતે આપે ફર્માવ્યું : ''તેઓ જૂઠ બોલવાથી બરતર તથા બાલા (પાક) છે.'' *(પેજ–૨૩)*

આ ઉપરાંત અનેક મુહદ્દિષોનાં આવાં કથનો આપની તારીફમાં છે જેનો ઉલ્લેખ કરવામાં લખાણ લંબાવાનો ડર હોવાથી આટલે જ અટકી જઈએ છીએ.

## ★ આપનો તક઼્વો, ઈબાદત, રિયાઝત ★

**ઈમામ અબૂ યૂસુફ** رحمۃ اللہ علیہ **રિવાયત કરે છે :** એકવાર હું ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہની સાથે ક્યાંક જઈ રહ્યો હતો તો મેં બાળકોને મોટા અવાજે કહેતાં સાંભળ્યાં, આ ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ છે જેઓ રાતે સૂતા નથી. ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હે અબૂ યૂસુફ ! શું તમે સાંભળી રહ્યા છો કે આ બાળકો શું કહી રહ્યાં છે ? હવે મારા ઉપર વાજિબ થઈ ગયું કે હું મારા પડખાને બિસ્તર પર ન રાખું ત્યાં સુધી કે અલ્લાહ તઆલાને જઈને મળુ.

**ઈમામ ઝાહિદ** رحمۃ اللہ علیہ **ફર્માવે છે :** મેં ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہની સાથે તેમની મસ્જિદમાં ઈશાની નમાઝ પઢી. સર્વ લોકો નમાઝ પઢીને ચાલ્યા ગયા. ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہને ખબર ન પડી કે હું મસ્જિદમાં છું. અસલમાં મારો ઈરાદો હતો કે હું તેમને એક મસ્અલાના બારામાં પૂછું, એ રીતે કે કોઈ મને તેમને પૂછતાં ન જુએ. ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ઉભા થયા. કિરાઅત શરૂ કરી દીધી ત્યાં સુધી કે આ આયતે કરીમા પર પહોંચ્યા :

فَمَنَّ اللّٰهُ عَلَيْنَا وَ وَقٰىنَا عَذَابَ السَّمُوْمِ ﴿۲۷﴾

''તો અલ્લાહે અમારા પર એહસાન કર્યું અને અમને લૂના અઝાબથી બચાવી લીધા.'' *(સૂ. તૂર, ૫૨/૨૭)*

હું મસ્જિદમાં એમની ક઼િરાઅતથી ફારિગ થવાની રાહ જોવા લાગ્યો, પણ તે વારંવાર આ આયતને પઢતા રહ્યા ત્યાં સુધી કે મોઅઝ્ઝિને ફજરની અઝાન આપી દીધી !

**......ના વાલિદ رحمۃ اللہ علیہ ફર્માવે છે :** હું ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہની સોહબતમાં લગભગ એક વરસ સુધી રહ્યો છું પરંતુ મેં એ દિવસોમાં તેમને કદી દિવસે ખાતાં અને રાતે સૂતેલા નથી જોયા. આપ કોઈ અન્યના માલનો એક લુકમો પણ ખાતા ન હતા. **ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢતા હતા.** દરરોજ **રાત્રે** ફજરે અવ્વલ શરૂ થતાં સુધીમાં **એકવાર પૂરુ કુર્આને પાક પઢી લેતા** હતા. ફજરે ષાની શરૂ થતી વખતે બે રકાત નમાઝ પઢતા અને **પૂરી રાત ઈબાદતમાં** ગુઝારતા.

કહેવાય છે કે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ કૈલૂલા પર બસ કરતા હતા. ઝકૂષરી ખારિજા બિન મુસ્અબ رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''ચાર ઈમામોએ એક જ રકાતમાં આખુ કુર્આને પાક પઢ્યું, તેઓ આ પ્રમાણે છે : ઉષ્માન બિન અફફાન, તમીમદારી, સઈદ બિન જુબૈર તથા ઈમામ અબૂ હનીફા رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ.

**મન્સૂર બિન હાશિમ رحمۃ اللہ علیہ ફર્માવે છે :** ''અમો કાદસિયામાં અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہની સાથે હતા. એટલામાં કૂફાનો એક માણસ એમની પાસે આવ્યો અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہના બારામાં ટીકા ટીપ્પણ કરવા લાવ્યો. એના પર એ શખ્સને અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ''તારા માટે બર્બાદી થાય ! શું તું એવા માણસની ટીકા ટીપ્પણ કરે છે જેમણે **પાંચેવ નમાઝો ૪૫ વરસ સુધી એક જ વુઝૂથી પઢી, અને જે દરરોજ રાતે બે રકાતોમાં પૂરુ કુર્આને પાક પઢયા કરતા હતા !** મારી પાસે ફિક્હનો જે સરમાયો છે તે મેં અબૂ હનીફા رحمۃ اللہ علیہથી જ હાંસલ કર્યો છે.''

**કૈસ બિન રબીઅ رحمۃ اللہ علیہ ફર્માવે છે :** ''ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ બગદાદ રકમ મોકલતા, એના વડે સામાન ખરીદતા, એને કૂફા પહોંચાડતા અને એક વરસથી બીજા વરસ સુધીનો નફો ભેગો કરતા. પછી એના વડે વેપાર કરનારા શયખોની જરૂરતના સામાન, એમના માટે ખાવા, કપડાં અને તમામ જરૂરતોની ચીજોને ખરીદતા. પછી બાકીના દીનાર તથા નફો તેઓને જ આપી દેતા અને કહેતા, તમારી જરૂરતોમાં ખર્ચ કરો અને કેવળ અલ્લાહની જ તારીફ કરો, કેમ કે મેં તમને મારો માલ નથી આપ્યો, બલ્કે એ તો તમારા પર અલ્લાહ તઆલાનો ફઝ્લ છે અને આ તમારી મૂડીનો નફો છે જેને અલ્લાહે મારા થકી તમને આપ્યો છે. અલ્લાહની રોજીમાં એના સિવાયનાનો હક્ક નથી.''

**ઈસ્માઈલ બિન હમ્માદ બિન અબૂ હનીફા رحمۃ اللہ علیہ રિવાયત કરે છે :** ''જ્યારે ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہના પુત્ર હમ્માદ رحمۃ اللہ علیہએ સૂરએ ફાતિહા પઢવામાં નિપૂણતા મેળવી લીધી તો તેમણે ઉસ્તાદને ૫૦૦ દિરહમ અર્પણ કર્યા.''

*(બહવાલા : મઝહબે હનફીકી તાઈદ વ તર્જીહ, અલ્મકતબતુલ અઝહરિય્યહ, બસ્તી–યુ.પી.)*


**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા સંપર્ક કરો**

**ખેરાલુ**
જનાબ હનીફભાઈ મન્સૂરી
Mob. 9978640078
7567819727, 9978640079

**ધોરાજી**
સિકંદરભાઈ M.9228761487
મુફ્તી મુનવ્વર રઝા M. 9824144921

**સૂરત**
મકતબએ તયબહ
M. 8000208612
અનીસભાઈ વાલુડીયા
M. 9879410699

**જામનગર**
અ. રઝ્ઝાકભાઈ કાસમાણી
M. 77789 93520

**રાજકોટ**
ઈરફાન (એમ. આર)
M. 9427431443
અ. રઝ્ઝાક પાંચા
M. 9879340073

# ખુદા વ રસૂલથી સંબંધ મજબૂત કર્યા વિના કામયાબી શકય નથી !

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

અલ્લાહવાળાઓના વિચારો આમ લોકોના વિચારો કરતાં ખૂબ જ વિરોધાભાસી હોય છે. એટલા માટે કે એ હઝરાત પોતાની જિંદગીના ધોરીમાર્ગની નિશ્ચિતતા કુર્આન તથા હદીષના મુતાબિક઼ કરે છે, જ્યારે સામાન્ય માનવી પોતાના જીવનપથની નિશ્ચિતતા પોતાની તબીઅત તથા મનમરજીના મુજબ કરે છે. એ જ કારણે અલ્લાહવાળાઓ દરેક ક્ષેત્રે કામયાબ તથા કામરાન જોવા મળે છે અને આમ માનવી ડગલે ને પગલે ઠોકરો ખાતો જોવા મળે છે.

આજે મુસલમાને કુર્આન હદીષોથી પોતાનો સંબંધ નામ માત્રનો જોડી રાખેલ છે, જ્યારે આ કિતાબ સાથે પોતાનો સંબંધ ક઼ાયમ કરવામાં અને એની પયરવી કરવામાં સંપૂર્ણપણે કામયાબી તથા નજાત છે. અફસોસની વાત તો એ છે કે આટલી ઠોકરો ખાધા પછી મુસલમાનનો સંબંધ કુર્આન તથા હદીષ સાથે મજબૂત નથી થઈ રહ્યો. જ્યારે કે દરેક મુસલમાનનું દિલ એ જરૂર કહે છે કે કુર્આન તથા હદીષનો દામન થામવાથી દરેક ગમ તથા મુસીબતથી છૂટકારો નસીબ થશે, પરંતુ જ્યારે અમલની ઘડી આવે છે તો તબીઅત ગભરાવા લાગે છે અને ક઼દમ ડગમગવા લાગે છે. હું એનું દૃષ્ટાંત કુર્આને મુક઼દ્દસ તથા માનવની રોજનશીની રોશનીમાં રજૂ કરું છું.

દુનિયામાં માણસોને માણસોથી કામ પડે છે એટલા માટે દરેક નાનો માણસ મોટા માણસ સાથે સંબંધો બરાબર કરવાની ભરપુર કોશિશ કરે છે. ગરીબ માલદાર સાથે, અમીર માણસ સત્તાવાળાઓ સાથે, દીનની ખિદમત કરવાવાળા અને સામાજિક તથા ભલાઈનાં કામોની સંસ્થા ચલાવનારાઓ, સખી તથા માલદાર લોકો સાથે પોતાનો સંબંધ મજબૂત કરવાની કોશિશ કરે છે. એ સંબંધને મજબૂત રાખવાના માટે તેમની ખુશી તથા ગમમાં શરીક થવું, તોહફા તથા ભેટોની આપ લે કરવી, તેમના રસ્મો રિવાજમાં શરીક થવું વગેરે વગેરે સર્વ કાંઈ કરવામાં આવે છે. *અક્લમંદારાં ઈશારા કાફી અસ્ત !*

પરંતુ હું જ્યારે અલ્લાહવાળાઓની હયાતે તયબહનો અભ્યાસ કરું છું તો બુદ્ધિ દંગ રહી જાય છે કે સમયના તાજદાર ખુદ ભીખનુ પાત્ર લઈને એમની ચૌખટ પર હાથ બાંધીને ઉભેલા જોવા મળે છે. તેનું સૌથી મહાન કારણ એ છે કે તેમણે પોતાનો સંબંધ અલ્લાહ ﷻ અને તેના પ્યારા હબીબ ﷺથી મજબૂત રાખ્યો છે. દુનિયાના માનવો સાથે નિકટતા રાખવા માટે ખૂબ મહેનત કરવી પડે છે. માલ ખર્ચ કરવા છતાં પણ એ જરૂરી નથી કે જેનાથી સંબંધ સ્થાપિત થયો હોય તે દરેક મુસીબતમાં કામ આવે. પરંતુ બંદાનો સંબંધ જો અલ્લાહથી મજબૂત થઈ જાય તો બંદો ક્યાંય પણ હોય રબ્બે કાઈનાતની મદદ બંદાની સાથે હોય છે, ચાહે તે દુનિયામાં હોય કે આખેરતમાં !

અલ્લાહવાળાઓ કુર્આન તથા હદીષોમાં એ સિફતોને (ગુણોને) તલાશ કરે છે જેને અપનાવી લેવા પર અલ્લાહ પોતાની નિકટતા (કુર્બ) તથા નઝદીકી અતા ફર્માવી દે. પછી તેમની પૂરી જિંદગી એ ગુણો પર અમલ કરવામાં પસાર થાય છે. કુર્આને મુક઼દ્દસમાં રબ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ اللّٰهَ مَعَ الَّذِیْنَ اتَّقَوْا وَّ الَّذِیْنَ هُمْ مُّحْسِنُوْنَ۠

"બેશક ! અલ્લાહ તેઓની સાથે છે જેઓ ડરે છે અને જેઓ નેકીઓ કરે છે." *–(સૂરએ નહલ, આ. ૧૨૮)*

આ આયતે કરીમાની રોશનીમાં આપ અવલિયાએ કિરામની જિંદગીનો અભ્યાસ કરો તો જાણવા મળશે કે તક઼વો (ખુદાનો ડર) તેમની જિંદગીનો એક તરી આવતો ગુણ છે. તેમનો દરેકે દરેક ક઼દમ તક઼વાથી ભરપુર જોવા મળે છે. જાહેર તથા બાતિનમાં પોતાના રબથી ડરવું

તેમની પહેચાન હતી અને કેવળ નેકીઓ કરવાવાળા નહીં બલ્કે નેકીઓમાં અગ્રતા મેળવી લેનારા બલ્કે નેકીઓના લાલચી હતા. એટલા માટે અલ્લાહ પાક એમની ઝબાન મુબારકથી નીકળનારી દરેક વાતની લાજ રાખી લેતો અને એમની દુઆઓને ક઼બૂલ કરી લેતો. આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :– مَنْ كَانَ لِلّٰهِ كَانَ اللّٰهُ لَهٗ *(બુખારી શરીફ)*

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતથી બંદાઓનો સંબંધ કેટલા પ્રમાણમાં મજબૂત તથા અતૂટ હોવો જરૂરી છે અને તેના ફાયદા શું છે એના વિશે નીચેની હદીષથી આપ અંદાઝો લગાડી શકો છો. ટૂંકાણના ખાતર તર્જુમો તથા સમજૂતી રજૂ કરીએ છીએ :–

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે એક દિવસે સફરના દરમિયાન હૂં રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمની સવારી પર આપની પાછળ બેઠેલો હતો. એવામાં આપ علیہ الصلوٰۃ والسلامએ મને સંબોધીને ફર્માવ્યું, છોકરા ! અલ્લાહ તઆલાના સર્વ હુકમો, *અવામિર* તથા *નવાહી* (કરવા તથા રોકાઈ જવા)નો ખયાલ રાખો, અલ્લાહ તઆલા તમારો ખયાલ રાખશે. જો તમો અલ્લાહ તઆલાના હુકમોનું પાલન કરીને એ ચીજો પર અમલ કરશો જેના પર અમલ કરવાનો એણે હુકમ આપ્યો છે, અને એ ચીજોથી બચી જશો જેનાથી દૂર રહેવાનો હુકમ આપ્યો, તેમજ તમો દરેક સમયે તેમજ દરેક મામલામાં તેની રઝા તથા ખુશીના તાલિબ રહેશો તો યક઼ીનન ! અલ્લાહ તઆલા પણ તમારો ખયાલ રાખશે. એ રીતે કે તમને દુનિયામાં પણ દરેક પ્રકારની આફતો તથા મુસીબતોથી બચાવશે અને આખેરતમાં પણ દરેક અઝાબ તથા સખ્તીથી મહેફૂઝ રાખશે. જેવું કે ફર્માવવામાં આવ્યું છે : ومن کان للہ کان اللہ لہ "જે શખ્સ અલ્લાહ તઆલાનો થઈ જાય છે તો અલ્લાહ તઆલા પણ તેનો થઈ જાય છે." અલ્લાહ તઆલાના હક્ક઼ોનો ખયાલ રાખશો તો તમે અલ્લાહ તઆલાને પોતાની સાથ પામશો. (એટલે કે તમો અલ્લાહ તઆલાના હક્ક઼ોની અદાયગીને દરેક ઘડીએ યાદ રાખશો, તેની કુદરતની વ્યવસ્થામાં ચિંતન વિચારણા કરશો અને એ નેઅમતોનો શુક્ર અદા કરતા રહેશો તો તમે તેની અપાર રહ઼મતો અને તેના ઈનામોને પોતાની રૂબરૂ પામશો.) જ્યારે તમો સવાલનો ઈરાદો કરો તો કેવળ અલ્લાહ તઆલાની આગળ માગણીના માટે હાથ લંબાવો, જ્યારે તમે (દુનિયા તથા આખેરતના કોઈ પણ મામલામાં) મદદ ચાહો તો કેવળ અલ્લાહ તઆલાથી મદદ માગો. અને એ જાણી લો કે મૌલાની મરજી વિના જો તમામ મખ્લૂક઼ દુનિયામાં ભેગી થઈને પણ તમને કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડવા ચાહે તો તે કદાપિ તમને કોઈ નુકસાન પહોંચાડી શકશે નહીં, એ ચીજ સિવાય કે જે ચીજને અલ્લાહ તઆલાએ તમારા મુક઼દ્દરમાં લખી આપી છે. ક઼લમ ઉઠાવીને રાખી દેવામાં આવી અને સહીફા સૂકાઈ ગયા. *(અહમદ, તિર્મિઝી)*

યાદ રાખશો કે અલ્લાહ જ તમારો હક઼ીક઼ી કારસાઝ છે. અંબિયાએ કિરામ તથા અવલિયાએ એઝામ વસીલા તથા વાસ્તા છે. આપણે આપણી સર્વ હાજતોમાં અલ્લાહને પોકારવો જોઈએ. તે એટલો કરીમ છે કે બંદો એનાથી ન માગે, એની બારગાહમાં દુઆ ન કરે તો તે નારાજ થઈ જાય છે. તદ્ઉપરાંત પોતાના ખાલિક઼ની સમક્ષ હાથ ફેલાવવો એ હક઼ીક઼તમાં તેની સમક્ષ પોતાની આજિઝી, લાચારી તથા મોહતાજીને પ્રદર્શિત કરવું છે જે બંદાપણાની શાન છે. કોઈએ શું સરસ કહ્યું છે :–

اللہ یغضب ان ترکت سؤالہ۔ وابنآ آدم حین یسأل یغضب

"અલ્લાહ તઆલા તો એ વખતે નારાજ થાય છે જ્યારે તમો એનાથી સવાલ ન કરો, અને આદમના પુત્રો એ વખતે નારાજ થાય છે જ્યારે કે કોઈ એમનાથી સવાલ કરે."

આ કેટલા પ્રમાણમાં અફસોસનો મક઼ામ છે કે આપણે સૌના બની રહ્યા છીએ, ખુદા વ રસૂલના નથી થઈ રહ્યા. જો આપણે સાચા અર્થમાં તેમના થઈ જઈએ. તો ઈન્શા અલ્લાહ ! ક઼દમ ક઼દમ પર નુસ્રતે ખુદાવંદી તથા તાઈદે નબવી (ખુદા વ રસૂલની મદદ) આપણી સાથે રહેશે.

કાશ ! આજે મુસલમાનોને આટલી ઠોકરો ખાધા પછી પણ અક્કલ આવી જાય અને મુસલમાનો મુસ્તફા صلی اللہ علیہ وسلمની મહોબ્બતમાં ગિરફતાર થઈને મુસ્તફાના દરના ભીખારી બની જઈએ. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرُّهُ الْعَزِيْز આ પ્રમાણે કહે છે :–

**ઠોકરેં ખાતે ફિરોગે ઉન્કે દર પર પળ રહો**
**ક઼ાફિલા તો અય 'રઝા' અવ્વલ ગયા આખિર ગયા**

–*(સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, માર્ચ–૨૦૧૮)*



# રોહિંગ્યા મુસલમાનોની દર્દભરી દાસ્તાન! ફરિયાદ

વર્તમાન સમયમાં કેટલાક દિવસોથી બર્મામાં મુસ્લિમોની કત્લ તથા તેમના માલોની તબાહી તથા બર્બાદીની દિલને હચમચાવી નાખનારી તસ્વીરો તથા વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ ઘુમી રહી છે જેણે પૂરી દુનિયામાં બેચેની ખડી કરી દીધી છે. પૂરી દુનિયામાં રોહિંગ્યા મુસલમાનોના વધને લઈને વિરોધ પ્રદર્શનો તથા કાર્યવાહીઓ અમલમાં આવી રહી છે. પૂરી દુનિયાના મુસલમાનોમાં પણ આ ભયાનક તથા દિલને હલાવી દેનારા બનાવોને લઈને અજંપો તથા બેચેની તથા ખૂબ જ રંજોગમ જોવા મળે છે, પરંતુ દુઃખ એ વાતનું છે કે આટલી બહોળી સંખ્યામાં મુસલમાનો કત્લ થઈ ગયા પછી પણ મુસ્લિમ સત્તાધીશો તથા લીડરોના પર કોઈ અસર જોવા નથી મળતી ! એવું લાગે છે કે તેમને સાપ સૂંઘી ગયો છે ! જેથી તેઓ આટલા પ્રમાણમાં ગફલત તથા નિદ્રાની ચાદર ઓઢીને સૂતેલા છે, જેના કારણે તેમને મઝલૂમ સ્ત્રીઓ, બાળકો તથા વૃધ્ધોની આહો તથા દર્દભર્યા પોકારો સંભળાતા નથી.

પોતે પોતાને માનવ અધિકારોની ઝંડાધારી કહેવડાવનારી સંસ્થાઓ પર પણ એક પ્રકારનું મૌન છવાયેલું છે ! જાણે કે તેમની નજરમાં બર્મામાં ક્રૂરતાપૂર્વક મારવામાં આવી રહેલા નિરાધાર મઝલૂમ મુસલમાન ઈન્સાન નથી બલ્કે જાનવર છે ! એમનાથી એકદમ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. જ્યારે ક્યાંય પણ જાનવરને મારી નાખવામાં આવે અથવા તે પોતાના કુદરતી મૌતે જ કેમ ન મરી જાય, તો આ જ સંસ્થાઓ તરત જ સક્રિય થઈ જાય છે અને જાનવરોના હક્કો તથા સુરક્ષાની વાતો કરતાં નથી થાકતી. પરંતુ અહીં સૌથી મોટો સવાલ એ છે કે શું રોહિંગ્યા મુસલમાનોનું લોહી જાનવરો કરતાં પણ વધુ સસ્તુ થઈ ગયું છે કે જેની કોઈ કિંમત જ નથી ?! કેમ કે હજારોની સંખ્યામાં કત્લ થનારા રોહિંગ્યા મુસલમાનોના મામલામાં સર્વ કહેવાતી સંસ્થાઓ, ચળવળો તથા ઈદારાઓ ખામોશ તમાશાઈ બનીને બેઠા છે. સૌથી વધુ અફસોસ તો મુસ્લિમ જગત પર થઈ રહ્યો છે જેના સત્તાધારીઓ મઝલૂમોના માટે અવાજ ઉઠાવવાને બદલે એશ આરામમાં પડેલા છે. જ્યારે કે દુનિયામાં જ્યાં ક્યાંય પણ મુસલમાનો પર જુલ્મો સિતમ થાય છે તો એવા બુરા સમયમાં એમના માટે વિશ્વ કક્ષાએ અવાજ ઉઠાવનારી એક આંતર રાષ્ટ્રીય સંસ્થા છે જેનું નામ "ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોર્પોરેશન" (OIC) છે, જેની સ્થાપના તા. ૨૧–૮–૧૯૬૯ના બૈતુલ મુકદ્દસ પર યહૂદી હુમ્લાની રદમાં મરાકશના શહેર રબાતમાં થઈ હતી. એમાં કુલ ૫૭ મુસ્લિમ બહુમતિવાળા દેશો એક થયેલા છે. એની સંપૂર્ણ માહિતી આ લિંક પર જુઓ :–

***https//: Ur.mwikipedia.org/wiki***

આમ જોવામાં આવે તો (OIC) એ મુસલમાનોનો એક મસીહા બનીને અસ્તિત્વમાં આવી હતી, જેનો મકસદ પૂરી દુનિયામાં મુસલમાનોને રક્ષણ પૂરુ પાડવાનો હતો અને મુસલમાનોના માટે વિશ્વ કક્ષાએ પુરજોર અવાજો ઉઠાવવાનો હતો. પરંતુ એ પણ ઈસ્લામીથી ગૈર ઈસ્લામી રૂપ ધારણ કરતી જોવા મળી રહી છે ! તેણે તો જોઈતુ હતું કે તાત્કાલિક મીટિંગ ભરતી અને સર્વ મુસ્લિમ પંત પ્રધાનો સમક્ષ રોહિંગ્યા મુસલમાનોના હક્કોની રક્ષાના માટે ઘણી જ સખ્તીપૂર્વક સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO)ની હ્યુમન રાઈટસ્ થકી મુસ્લિમોની કત્લની રોકથામ તથા

સુરક્ષા માટે પગલાં ભરવા મજબૂર કરતી, પરંતુ એવું કાંઈ પણ કરવામાં ન આવ્યું. એ જ પ્રમાણે "યુનો" જેની સ્થાપ્ના ઈ.સ. ૧૯૪૪માં ન્યાય લાગુ કરવા, વિશ્વમાં થતા યુધ્ધોના નિવારણ તથા અમ્નો શાંતિને સલામત રાખવા માટે થઈ હતી પણ આજે મુસ્લિમ દુનિયા માટે કાર્ય કરવામાં તેના પર પણ સુસ્તી છવાયેલી છે.

બર્મામાં હજારોની સંખ્યામાં મુસલમાન માર્યા ગયા, સળગાવવામાં આવ્યા અને સમુદ્રમાં ડૂબાડી દેવામાં આવ્યા, અને લાખો મુસલમાન પોતાનો જાન બચાવવાના માટે પાડોશી દેશોમાં સ્થળાંતર કરવા માટે મજબૂર બન્યા. અહીં રોહિંગ્યા મુસલમાનોની હિજરતનું ઐતિહાસિક બેક ગ્રાઉન્ડ રજૂ કરવામાં આવે છે જેનાથી જાણી શકાશે કે રોહિંગ્યા મુસલમાન પોતાના દેશ બર્માથી ક્યારે, શા કારણે અને કેવી રીતે પડોશી દેશોમાં શરણ લેવા માટે મજબૂર થયા ? એનાથી પહેલાં એ જાણી લેવું જરૂરી છે કે બર્મા જેને હાલમાં "મ્યાનમાર" કહેવામાં આવે છે એની પૂર્વમાં ચીન, ઉત્તરે લાઓસ તથા થાઈલેન્ડ, દક્ષિણમાં બંગલાદેશ અને પશ્ચિમમાં તેની સરહદો હિંદી મહાસાગર સાથે ટકરાય છે. અહીં લગભગ નવમી સદી ઈસ્વીમાં ખલીફા હારૂન રશીદના સત્તાકાળમાં બર્માના અરાકાન રાજ્યમાં મુસલમાન વેપારીઓ થકી ઈસ્લામ આવ્યો. અહીં મુસલમાન વેપાર અર્થે આવતા હતા અને દાવત તથા તબ્લીગની ફરજો પણ નિભાવતા હતા. મુસ્લિમ વેપારીઓના કિરદાર તથા અમલ, અમાનત તથા પ્રમાણિકતા અને નસીહત તથા શીખામણો થકી અતિશય પ્રભાવિત થઈને અહીંના રહેવાસીઓએ જેઓ સદીઓથી કુફ્ર તથા શિર્કમાં સપડાયેલા હતા તેમણે બહોળી સંખ્યામાં ઈસ્લામ સ્વીકારી લીધો. ક્રમે ક્રમે અહીં ઈસ્લામને ગલ્બો (પ્રભુત્વ) હાંસલ થયો. એક સમય એવો આવ્યો કે મુસલમાનોએ ઈ.સ. ૧૪૩૦માં સુલૈમાન શાહના હાથો વડે બયઅત કરી અને ઈસ્લામી સત્તાનો પાયો નાખી દેવામાં આવ્યો. અહીં મુસલોમાનોની ત્રણ સદીઓથી વધુ સત્તા રહી, એ દરમ્યાન અસંખ્ય મસ્જિદો તથા મદ્રસાઓ તથા ખાનકાહો પણ સ્થાપિત થઈ. એના ઉપરાંત સૌથી મહત્વની વાત એ કે અહીંથી બહાર પડનાર કરન્સી પર لاالٰہ الا اللہ محمد رسول اللہ (લાઈલાહ ઈલ્લલ્લાહ મુહ઼મ્મદુર્રસૂલુલ્લાહ) કોતરેલ હતું, અને નીચે અબૂ બક્ર, ઉમર, ઉષ્માન તથા અલી رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَનાં નામો લખેલ હતાં.

અરાકાનના વિસ્તારથી નજીક બર્મા આબાદ હતું જ્યાં પુષ્કળ સંખ્યામાં બુધ્ધમતના માનવાવાળા વસતા હતા. ઈ.સ. ૧૭૮૪માં બુધ્ધોએ ઈસ્લામી હુકૂમત અરાકાન પર હુમ્લો કરીને એને બર્મામાં સામેલ કરી લીધું પછી બર્માનું નામ બદલીને મ્યાનમાર રાખી દીધું. મ્યાનમાર ૧૮૨૪ ઈ.સ.માં અંગ્રેજોની ગુલામીમાં ચાલ્યુ ગયું. એક સદીથી અધિક અરસા સુધી અંગ્રેજોની ગુલામીમાં રહ્યા બાદ ઈ.સ. ૧૯૩૮માં બ્રિટનની ગુલામીથી આઝાદ થયું. આ દેશ જેવો આઝાદ થયો કે મુસલમાનો પર જુલ્મના પહાડો તોડવામાં આવવા લાગ્યા. તેમને વિવિધ પ્રકારની તકલીફદાયક સજાઓ આપવાનું શરૂ થયું, ત્યાં સુધી કે ઈ.સ. ૧૯૬૨માં બર્માની ફોજી હુકૂમતમાં તેમની ક઼ત્લેઆમનો જે ન રોકાનારો ક્રમ શરૂ થયો તે હજી સુધી ચાલુ છે. અત્યાર સુધીમાં હજારોની સંખ્યામાં મુસલમાન ક઼ત્લ થઈ ચૂક્યા છે અને લાખોની મોટી સંખ્યામાં થાઈલેન્ડ, ચીન, લાઓસ, પાકિસ્તાન, બંગ્લાદેશ, તુર્કી તથા હિંદુસ્તાન હિજરત કરી ચૂક્યા છે.

અહીં ઈ.સ. ૧૯૬૨ થી ૨૦૧૦ સુધી માર્શલ લો લાગુ રહ્યો, એ દરમ્યાન રોહિંગ્યા વિરૂધ્ધ ક્રેક ડાઉન કરવામાં આવ્યો. ૯૦ના દસકા દરમ્યાન કરવામાં આવેલ ક્રેક ડાઉનના પરિણામે હજારો રોહિંગ્યા મુસલમાન બંગ્લાદેશ તથા અન્ય પડોશી દેશોમાં સ્થળાંતર કરવા મજબૂર બની ગયા. આજે

પણ રોહિંગ્યા મોટી સંખ્યામાં બંગ્લાદેશ ઉપરાંત થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, મલેશિયા, પાકિસ્તાન તથા સઊદી અરબમાં શરણ હેઠળ છે અને બેબસી તથા લાચારીની હાલતમાં જિંદગી ગુજારવા માટે મજબૂર છે. અહીંના મુસલમાનો પર વિશ્વના ઈતિહાસનો સૌથી મહાન જુલ્મ એ થયો કે ઈ.સ. ૧૯૮૨માં એક બર્મી ફોજી જનરલના થકી નાગરિકત્વનો ક઼ાનૂન અમલમાં મૂકવામાં આવ્યો જેમાં તેમને પરદેશી ઠરાવી દેવામાં આવ્યા (નાગરિક તરીકેનો હક્ક઼ છીનવી લેવામાં આવ્યો.) જેના પછીથી રોહિંગ્યા ક઼ૌમ દુનિયાની એક એવી ક઼ૌમ બની ગઈ જેમનો પોતાનો દેશ અને પોતાનું ઘર પણ પોતાનું ન રહ્યું. તેઓ પોતાના ઘરમાં રહેવા છતાં પરાયા સમજવામાં આવવા લાગ્યા. તેમના પર જુલ્મ તથા બળ પ્રયોગનો ક્રમ લાંબો કરવામાં આવ્યો, તેમની સ્ત્રીઓની ઈજ્જત આબરૂઓને લૂંટવાનુ ચાલુ રહ્યું. સમજો કે રોહિંગ્યા ઈતિહાસના એવા નાઝુક તથા ભયાનક મોડ પર પહોંચી ચૂક્યા છે જેના જેવી માનવ ઈતિહાસમાં દૂર દૂર સુધી કોઈ દર્દભરી દાસ્તાન નથી મળતી. એ જ કારણે સંયુક્ત રાષ્ટ્રસંઘ (**United nations of organization**)એ તેમને દુનિયાની સૌથી અધિક જુલ્મ પીડિત (મઝલૂમ) ક઼ૌમ ઠરાવી દીધી. સારાંશ કે રોહિંગ્યા એક એવી ક઼ૌમ છે જેમનો ન કોઈ દેશ છે અને ન કોઈ ઘર, ન જીવંત રહેવા માટે બે વખતનું ભોજન મયસ્સર છે અને ન તો પહેરવાના માટે કપડાં છે, એ એવી સતાવવામાં આવેલી ક઼ૌમ છે જેમને કોઈ દેશ સ્વીકારવા માટે પણ તૈયાર નથી.

બંગ્લાદેશ સિવાય સર્વ દેશોએ તેમના માટે પોતાના દરવાજા બંધ કરી રાખ્યા છે, જો કે એનાથી પહેલાં પાકિસ્તાન લાખો રોહિંગ્યા મુસલમાનોને પોતાને ત્યાં શરણ આપી ચૂક્યું છે. ઈન્ડોનેશિયા, મલેશિયા, થાઈલેન્ડ તથા સઊદી અરબ પણ શરણ આપી ચૂકેલ છે. હિંદુસ્તાનમાં પણ ૪૦ હજારની સંખ્યામાં રોહિંગ્યા વસેલા છે. પરંતુ અહીં સૌથી મોટો સવાલ એ છે કે બર્મા તેમને પોતાના નાગરિક માનવાથી ઈન્કાર કરી રહ્યું છે, તેમના વંશને ક઼ત્લ કરી રહેલ છે અને અન્ય પડોશી દેશો તેમને પોતાને ત્યાં આશ્રય આપવામાં આનાકાની કરી રહ્યા છે. હવે આવા બુરા સમયમાં બાકીના રોહિંગ્યા મુસલમાન જાય તો ક્યાં જાય ?! શું તેમને જીવંત રહેવાનો કોઈ હક્ક઼ નથી ? શું તેઓ માનવ નથી ? શું એમનું મુસલમાન હોવું ઘણો મહાન જુર્મ છે ? આ પ્રકારના અન્ય પણ પણ ઘણા બધા સવાલો છે જે દુનિયાના ફિરઔન જેવા ગુણોવાળા સત્તાધારીઓથી જવાબનો વારંવાર તક઼ાઝો કરી રહ્યા છે.

કેટલા પ્રમાણમાં અફસોસની વાત છે કે એક તરફ રોહિંગ્યા મુસલમાનો પર માનવ ઈતિહાસનો સૌથી મહાન જુલ્મો સિતમ થઈ રહ્યો છે અને બીજી બાજુ હિંદુસ્તાનમાં રોહિંગ્યા મુસલમાનોને લઈને કાંઈ કેટલાયે પ્રકારનું રાજકારણ ચાલી રહ્યું છે ! અહીં પહેલેથી શરણ પામેલા રોહિંગ્યા મુસલમાનોને તેમના દેશ બર્મા પરત મોકલવાના માટે ગવર્નમેન્ટ સંપૂર્ણપણે કોશિશમાં છે, ત્યાં સુધી કે હિંદુસ્તાન ગવર્નમેન્ટે સુપ્રિમ કોર્ટમાં એક સોગંદનામુ પણ દાખલ કર્યું છે જેનો ફેંસલો ૨૧–ઓક્ટોબર–૨૦૧૭ના રોજ આવવાનો બાકી છે, જેના પછી એ નિશ્ચિત થશે કે રોહિંગ્યા અહીં રહેશે કે દેશથી બહાર કરવામાં આવશે. જો હિંદુસ્તાનમાં રોહિંગ્યાના આગમનના બારામાં વાત કરવામાં આવે તો ઈ.સ. ૧૯૮૭થી એમનો અહીં આવવાનો ક્રમ શરૂ થયો છે. જેમની ગવર્નમેન્ટની વસ્તી ગણત્રીના પ્રમાણે કુલ સંખ્યા ૪૦ હજારે પહોંચી ચૂકી છે જેઓ દેશના વિવિધ વિસ્તારોમાં વસેલા છે. ખાસ કરીને જમ્મુ કાશ્મીર, દિલ્હી, જયપૂર, હૈદરાબાદ, બંગાળ તથા ઉત્તર પૂર્વી વિસ્તારોમાં મોટી સંખ્યામાં શરણ પામેલા છે, જેમાંથી ૧૪ હજાર રોહિંગ્યા યુનોના પ્રમાણે રજીસ્ટર્ડ છે.

જો કે જો શરણાર્થીઓ સંબંધે હિંદુસ્તાનનો માજી રેકોર્ડ તપાસવામાં આવે તો એનો એક લાંબો ઈતિહાસ રહેલો છે. આ દેશની પૂરાણી રવિશ રહી છે કે એણે હમેશાં પરદેશી રહેવાસીઓને પોતાને ત્યાં શરણ આપીને મઝલૂમ, નિરાધાર તથા કમજોર લોકોની મદદ કરી છે. રોહિંગ્યા મુસલમાનોને દેશ નિકાલ કરવાનો વર્તમાન સત્તાનો આ ફેંસલો હિંદુસ્તાનની પૂરાણી રવિશ, ઈતિહાસ તથા સંસ્કૃતિ અને બંધારણના દસ્તૂરની તદ્દન વિરૂધ્ધ છે. જો કે એ વાત અલગ છે કે હિંદુસ્તાને ઈ.સ. ૧૯૫૧ના રેફયુજી કન્વેન્શન (**Refugee convention**) પર સહી નથી કરી, પરંતુ ઘણા યુ. એન. કન્વેશન એવાં પણ છે જેના પર હિંદુસ્તાનને સહી કરી છે, જેના કારણે હિંદુસ્તાને હમેશાં મઝલૂમો તથા દુનિયાના સતાવેલા લોકોને પોતાની પનાહમાં લીધા છે.

પ્રિન્સિપલ ઓફ નન રિફોલ્મેન્ટ (**Principal of non refoulment**) જે એક આંતર રાષ્ટ્રીય કાનૂન છે જેના હેઠળ કોઈને કોઈ જગાએ પરત નથી મોકલી શકતા જ્યાં તેની જાનને સખત ખતરો લાગેલો હોય. એ જ પ્રમાણે હિંદુસ્તાની કોર્ટે પણ કહ્યું છે કે નાગરિકત્વ ન હોવાના કારણે તેમની જિંદગીનો હક્ક છીનવી નથી શકાતો. દેશના બંધારણના ત્રીજા વિભાગમાં કલમ ૧૪,૨૧,૨૨,૨૫ તથા ૩૨માં ક્રમસર હિજરતીઓને તે હક્કો પૂરા પાડવામાં આવ્યા છે જે અહીં સામાન્ય નાગરિકોને ઉપલબ્ધ છે આ સર્વ સનદી હવાલાઓ તથા વાસ્તવિકતાઓની રોશનીમાં એ સ્પષ્ટ થાય છે કે હિંદુસ્તાનનું રોહિંગ્યા મુસલમાનોને દેશ નિકાલ કરવું કોઈ રીતે સહીહ નથી. આ માનવ અધિકારોની તદ્દન વિરૂધ્ધ વર્તન છે.

હિંદુસ્તાનમાં શરણાર્થીઓની પાછલી વસ્તી ગણત્રી બતાવે છે કે અહીં શરણર્થીઓની સંખ્યા લગભગ ૪,૨૦,૪૦૦ છે જેમાંથી ૧,૧૦,૦૦૦ તિબેટી છે, જેઓ ઈ.સ. ૧૯૫૧માં ચીનથી ભાગીને અહીં આવ્યા હતા. એ જ પ્રમાણે ૧,૦૨,૩૦૦ની એક મોટી સંખ્યામાં તામિલ શ્રીલંકાઈ પણ છે જેઓ શ્રીલંકાથી હિજરત કરીને અહીં આવ્યા છે. એ જ પ્રમાણે ૩૬૦૦૦ બૌધ્ધો છે જેઓ હાલના બંગ્લાદેશથી અરૂણાચલ પ્રદેશ ભાગીને આવ્યા છે. અફઘાનિસ્તાનથી આવેલા ૧૦,૦૦૦ લોકો પણ અહીં શરણ હેઠળ છે. પાકિસ્તાનથી આવનારા ૪૦૦ હિંદુ પણ છે જેમને અહીં શરણ મળેલ છે. આ સર્વ વસ્તી ગણત્રીથી જાણવા મળે છે કે હિંદુસ્તાને આનાથી પહેલાં વિવિધ દેશોથી આવનારા હિજરતીઓને પોતાને ત્યાં આશ્રય આપ્યો છે. પરંતું ગવર્નમેન્ટનું રોહિંગ્યા મુસલમાનો માટે છેવટે આટલુ સખત વલણ શાથી છે એ સમજમાં આવતુ નથી. શું ભૂખ્યા તથા મઝલૂમ લોકોથી દેશની સુરક્ષાને ખતરો છે ?! શું તેમને મુસલમાન હોવાના કારણે શરણ નથી આપવામાં આવી રહ્યું ?! શું તેમનો કોઈ દેશ તથા ઘર ન હોવાના તથા નાદાર હોવાના કારણે તેમને ધુત્કારવામાં આવી રહ્યા છે ? આ પ્રકારના કેટલાયે સવાલો છે જે દિમાગની સપાટી પર ચક્કર લગાડી રહ્યા છે.

હવે આવા પરેશાનીભર્યા તથા ગંભીર સંજોગોમાં રોહિંગ્યા મુસલમાન શું કરે ? ક્યાં જાય અને કેવી રીતે પોતાની જાનોનું રક્ષણ કરે ? આ એક ઘણી જ મહાન પીડા તથા સમસ્યા બની ચૂકી છે, જેનો કોઈ હલ નીકળતો જોવા નથી મળતો. પોતે પોતાને દુનિયાના સૌથી વિશેષ વિકસિત દેશોમાં હોવાના દાવેદાર દેશોએ પણ તેમને મૌતના મોંમાં ફેકવાની વ્યવસ્થા કરી જ લીધી છે ! એ જ રીતે વાત વાતમાં કુર્આન તથા હદીષ તથા બંદાઓના હક્કોની વાત કરનારા મુસ્લિમ દેશોએ પણ અસરકારક તથા મજબૂત પગલાં ન ભરવાની જાણે કસમો ખાય લીધી છે.

પૂરી આલમી મુસ્લિમ બિરાદરી આ

મુસલમાનોની કત્લેઆમ પર સંપૂર્ણપણે ખામોશ છે, જ્યારે કે હદીષ શરીફનો ભાવાર્થ છે કે, ''મુસલમાન એક શરીરના જેમ છે. જ્યારે શરીરના કોઈ એક હિસ્સાને તકલીફ પહોંચે છે તો તેની પીડા આખુ શરીર અનુભવે છે.'' પરંતું શું વર્તમાન લીડરો તથા સત્તાધારીઓ એટલા સુસ્ત પડી ગયા છે કે તેમને હજારોની સંખ્યામાં માર્યા જનારા પોતાના મુસલમાન ભાઈઓનું દર્દ મેહસૂસ નથી થઈ રહ્યું ? શું તેઓ ભૂલી ગયા કે અલ્લાહના પ્યારા રસૂલ ﷺએ સર્વ મોમિનોને એકબીજાના ભાઈ બતાવ્યા ? ઈસ્લામનો તે ઐતિહાસિક બનાવ પણ યાદ નથી રહ્યો જે રસૂલુલ્લાહ ﷺએ મદીનાની હિજરત બાદ અન્સાર તથા મુહાજિરોના વચ્ચે ભાઈચારાનો સંબંધ સ્થાપિત કરીને ભાઈચારગી, એકતા તથા એકરૂપતા અને હમદર્દીના પ્રદર્શનનું જે દષ્ટાંત રજૂ કર્યુ હતું, આજ સુધી પૂરી દુનિયા પણ એના જેવું દષ્ટાંત પૂરું પાડવા માટે આજિઝ તથા લાચાર છે. એટલા માટે હવે સમય આવી ગયો છે કે આવા ભયાનક બર્બાદીના સંજોગોમાં ઈસ્લામી દેશો ખાસ કરીને પાકિસ્તાન, બાંગ્લાદેશ, તુર્કસ્તાન, ઈન્ડોનેશિયા તથા સઊદી અરબ જેવા દેશોની એ મહત્વની જિમ્મેદારી છે કે તે બેસહારા લોકોને તેમના મુશ્કેલ સંજોગોમાં પોતાને ત્યાં શરણ આપે, તેમની પાયાની જરૂરતો પૂરી કરે અને આ વિશ્વ વ્યાપી સંબંધ તથા મુસ્લિમ એકતા વડે સર્વ બાતિલ શક્તિઓને નિષ્ફળ બનાવે. એ જ રીતે હિંદુસ્તાની મુસલમાનોને તેમજ અન્ય વતનીભાઈઓને પણ ગુઝારિશ છે કે તેઓ અહીં શરણ પામેલા રોહિંગ્યા મુસલમાનોને શરણ આપવાના માટે માનવતાના ધોરણે સરકારી કક્ષાએ પુરજોર અવાજ બુલંદ કરે અલ્લાહ તઆલા મઝલૂમ રોહિંગ્યા મુસલમાનોની મદદ તથા નુસ્રત ફર્માવે. (આમીન)

*–(કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી–દિલ્હી, ફેબ્રુ.–૨૦૧૮)*

પેજ 42 નું ચાલુ.. જોઈએ કે બદફાલી, બદશગૂની (અપશુકન) તથા ગલત રસ્મો રિવાજથી સખ્તીથી પરહેઝ કરે, નહીં તો ખુદ એ ચીજો તેની આખેરતની તબાહીનો સબબ છે, બલ્કે તેનો રોકડો અઝાબ એ થશે કે તે દરેક સમયે બદફાલ, બદશગૂની (અપશુકન) તથા નહૂસતના ખયાલોમાં માનસિક પરેશાનીઓમાં અટવાયેલો રહેશે અને વિના કારણે પોતે પોતાને પરેશાનીમાં રાખશે. હવે એનો ઈલાજ પણ જોઈ લો.

## અપશુકનથી બચવાનો બેહતરીન ઈલાજ

સમાજમાં ફેલાયેલ બદફાલી તથા બદશુકનીનો ઈલાજ વર્ણવવામાં આવે છે. જેમ કે હઝરત અમ્ર બિન આમિર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલે મુકર્રમ ﷺની પાસે શુકનનો ઉલ્લેખ કરવામાં આવ્યો તો આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''એમાં (નેક) ફાલ સારો છે અને મુસલમાનને કોઈ કામથી ન રોકે. તો જ્યારે તમારામાંથી કોઈ નાપસંદ ચીજ જુએ તો આ પ્રમાણે કહે :–

اللّٰهم لا یاتی الا بالحسنات الا انت ولا یدفع
السیئات الا انت ولا حول ولا قوۃ الا بک

''હે અલ્લાહ ! તારા સિવાય કોઈ ભલાઈઓ નથી લાવતુ અને તારા સિવાય કોઈ બુરાઈઓ દૂર નથી કરતું. ન અમારામાં તાકત છે ન અમારા કુદરત છે પરંતું તારી તૌફીકની સાથે.''

*–(અબૂ દાઊદ, ૪/૨૫)*

હઝરત મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : આ અમલ ઘણો જ અસરકારક છે. ઈન્શાઅલ્લાહ ! દુઆની બરકતથી કોઈ બુરી ચીજ અસર કરશે નહીં. *(મિર્અતુલ મનાજીહ, ૬/૨૨૨)*

*–(અશ્રફિયા મંથલી–મુબારકપુર, જાન્યુ. ૨૦૧૮)*

# નહૂસત તથા અપશુકન

## ઈસ્લામી દષ્ટિએ

–(કાર્યાલય)

આજકાલ લોકો અનેક વહેમોમાં જીવતા જોવા મળે છે. કમર દર અક્રબ તથા અમુક મહિના તથા તારીખોને મન્હૂસ માને છે. પણ મુસલમાનોએ એવું માનવું ગુમરાહી છે. કેમ કે ઈસ્લામ ધર્મ વાસ્તવિકતાઓ, સદાકતો તથા સચ્ચાઈઓ પર નિર્ભિત દીન છે. વહેમો તથા ગલત ખયાલો તથા કાલ્પનિક ભયોની દુનિયાથી એને કોઈ લેવા દેવા નથી. અપશુકન કે બદગુમાની તથા વિવિધ ચીજોની નહૂસતના ખયાલો તથા માન્યતાઓને એ તદન નકારી કાઢે છે. ઈસ્લામ અસલમાં એક વાહિદ તથા એવી કાદિરે મુત્લક ઝાત પર યકીન તથા એતેકાદની તાલીમ આપે છે જેના એકલાની કુદરતના કબજા હેઠળ તથા તેની જ એકલી ઝાતની સાથે સારી તથા બુરી તકદીર સંબંધિત છે, માણસની પોતાની તદબીરો એ કેવળ સબબોના દરજામાં હોય છે, એનાથી કાંઈ નથી થતુ. સર્વનું સર્વ એ એક અલ્લાહ તઆલાના કરવાથી થાય છે.

આ જ ઈસ્લામનો પાયાનો અકીદો છે જેનાથી શિર્ક તથા કુફ્ર, ખુરાફાત તથા ખયાલી તથા કલ્પનાની દુનિયાની ઘણી બધી બદએતેકાદીઓની (ખોટી માન્યતાઓની) જડ કપાય જાય છે. આજકાલની મુશ્કેલ તથા મુસીબતભરી જિંદગીમાં ગૈરોની તો છોડો ગૈરોની સાથે લાંબા અરસા સુધી રહેવાના પરિણામે ખુદ મુસલમાનો પણ દિવસો, મહિનાઓ, સ્થળો, ચીજાને મન્હૂસ માને છે તથા વિવિધ રસ્મો રિવાજ અદા ન કરવાની સ્થિતિમાં બુરુ થવાના અસંખ્ય વહેમો તેમનામાં ઘર કરી ગયા છે કે ફલાણો દિવસ અને ફલાણો મહિનો મનહૂસ હોય છે, ફલાણી દિશામાં ઘર બનાવવામાં અથવા દિશા તથા રુખના એતબારથી સારા તથા બુરાની માન્યતા ધારવામાં આવે છે. વિવિધ ક્રિયાઓ બલ્કે બાળકના જન્મથી લઈને શાદી સુધી, તેના ઔલાદવાળા થવામાં, પછી તેની ઉમરની આખરી મંઝિલોથી પસાર થઈ તેના મૌતના મુખમાં ચાલ્યા જતા સુધી, બલ્કે એના મૃત્યુ બાદ એને દફનાવવામાં બલ્કે તેના પછી પણ વિવિધ રસ્મો રિવાજનો ક્રમ ચાલતો રહે છે, જેને ન કરવાને નહૂસતનો સબબ ઠરાવવામાં આવે છે. આ નિરર્થક ખયાલો તથા કાલ્પનિક વહેમોના થકી જાની, તથા સમયની દરેક પ્રકારની કુર્બાનીઓ આપીને પોતે પોતાને ભારે બોજ તળે દબાવી લેવામાં આવે છે. સારાંશ કે લોકોએ આ વહેમો તથા ગલત માન્યતાઓના રૂપમાં જિંદગીના વિવિધ પાસાંઓમાં એટલા પ્રમાણમાં બખેડા ખડા કરી આપ્યા છે કે જેની કોઈ ગણત્રી જ નથી ! શું કોઈ મન્હૂસ હોય શકે છે ? **કોઈ વ્યક્તિ કોઈ ચીજ, કોઈ જગા, કોઈ સમયને, કોઈ ઘડી, કોઈ દિવસ કોઈ મહિનાને મન્હૂસ જાણવા માનવાનો શરીઅતમાં કોઈ આધાર (સબૂત) નથી, એ કેવળ વહેમી ખયાલો હોય છે.**

કોઈને મન્હૂસ ઠરાવવું કેવું ? કોઈ શખ્સને મન્હૂસ ઠરાવવામાં તેના દિલને ઠેસ પહોંચે છે. અને એનાથી આક્ષેપ મૂકવાનો ગુનોહ પણ થાય છે. અને આ બંનેવ જહન્નમમાં લઈ જનારાં કામો છે. નબીએ કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **''જે કોઈ મુસલમાનની બુરાઈ વર્ણવે છે જે એમનામાં નથી**

**જોવા મળતી, તો તેને અલ્લાહ તઆલા ત્યાં સુધી દોઝખીઓના કીચડ, પરુ તથા લોહીમાં રાખશે જ્યાં સુધી કે તે પોતાની કહેલી વાતથી નીકળી ન આવે."** *(અબૂ દાઊદ, ૩/૪૨૭)*

સુલ્તાને દો જહાં, નબીએ કોનો મકાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **"જેણે (શરઈ કારણ વિના) કોઈ મુસલમાનને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી, અને મને ઈજા આપી તેણે અલ્લાહ તઆલાને ઈજા આપી."**

*–(અલ્મોઅજમુલ અવસત, ૨/૩૮૭)*

યાદ રાખશો કે બંદાને પહોંચનારી મુસીબતો એની તક્દીરમાં લખેલી છે. જેમ કે અલ્લાહ તઆલાએ ખુદ ઈર્શાદ ફર્માવ્યો :–

مَآ اَصَابَ مِنْ مُّصِيْبَةٍ فِى الْاَرْضِ وَ لَا فِىْٓ اَنْفُسِكُمْ اِلَّا فِىْ كِتٰبٍ مِّنْ قَبْلِ اَنْ نَّبْرَاَهَا ؕ اِنَّ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرٌ ﴿ۚ۲۲﴾

"જમીનમાં અને તમારી જાનોમાં જે મુસીબત પહોંચે છે તે મારા એના પેદા કરતા પહેલાં (જ) એક કિતાબમાં (લખેલી) છે. બેશક ! આ અલ્લાહ માટે આસાન છે." *(સૂ. હદીદ, આ. ૨૨)*

અને કોઈ મુસીબત અલ્લાહના હુકમ વિના નથી આવતી. જેવું કે અલ્લાહ તઆલાનું આલીશાન ફર્માન છે : مَآ اَصَابَ مِنْ مُّصِيْبَةٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ "દરેક મુસીબત અલ્લાહના હુકમથી જ પહોંચે છે."

*–(સૂ. તગ઼ાબુન, ૬૪/૧૧)*

અને મુસીબત આવવાનો સામાન્યઃ સબબ બંદાના બુરા અમલો છે. જેમ કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَ مَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَ يَعْفُوْا عَنْ كَثِيْرٍ ﴿ؕ۳۰﴾

**"અને તમને જે મુસીબત પહોંચી તે તમારા હાથોના કમાયેલા અમલોના કારણે છે અને ઘણુ તો (અલ્લાહ) માફ કરી આપે છે."** *(સૂરએ શુરા, ૪૨/૩૦)*

અને જ્યારે એવું છે તો કોઈ ચીજથી અપશુકન લેવો અને પોતાના ઉપર આવનારી મુસીબતને એની નહૂસત સમજવી સહીહ નથી. અને કોઈ મુસલમાનને એ વાત શોભા જ નથી આપતી કે કોઈ ચીજથી **અપશુકન** લે, કેમ કે **આ તો મુશ્રિકોના જેવુ કામ છે**. જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ત્રણવાર ઈર્શાદ ફર્માવ્યો કે, **અપશુકન માનવુ શિર્ક (મુશ્રિકો જેવું કામ) છે,** અને આપણી સાથે એને સંબંધ નથી. અલ્લાહ તઆલા એને તવક્કુલ થકી દૂર કરી આપે છે." *(અબૂ દાઊદ, ૪/૨૩)*

અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર બિન આસ رضی اللہ عنہથી રિવાયત છે કે તાજદારે રિસાલત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **"જેને કોઈ ચીજની બદફાલીએ તેના મકસદેથી પાછો વળી દીધો તેણે શિર્ક કર્યું."** અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ આવું કરનારો શું કફ્ફારો આપે ? ઈર્શાદ ફર્માવ્યો, આ પ્રમાણે કહે :–

اللّٰھم لا طیر الا طیرک ولا خیر الا خیرک ولا الٰہ غیرک

"હે અલ્લાહ ! તારા ફાલના સિવાય કોઈ ફાલ નથી, અને તારી ભલાઈના સિવાય કોઈ ભલાઈ નથી, અને તારા સિવાય કોઈ મઅબૂદ નથી." (આ શબ્દો કહીને પોતાના કામે ચાલ્યો જાય)

*–(મુસ્નદે ઈમામ અહમદ, ૧/૬૮૩)*

યાદ રાખશો કે હદીષોમાં અપશુકન માનવાને શિર્ક કરાવવાનો મતલબ એ છે કે જ્યારે કોઈ

**અપશુકનીના કાર્યને હકીકી અસરકર્તા** જાણે તો **શિર્ક** છે, અથવા મુશ્રિકોનું કૃત્ય હોવાના કારણે ધમકીના તથા ચેતવણીના રૂપે શિર્ક ઠરાવાયું છે.

## શુકનના પ્રકારો

શુકનનો અર્થ છે ફાલ લેવો. એટલે કે કોઈ ચીજ, વ્યક્તિ કે સમય, સ્થળને પોતાના હક્કમાં સારુ કે બુરુ જાણવું. એના પાયાની રીતે બે પ્રકારો છે : (૧) અપશુકન લેવા (૨) સારો શુકન લેવો.

**શુકનનો હુકમ** : અલ્લામા મુહમ્મદ ઈબ્ને અહમદ અન્સારી કુર્તબી رحمۃ اللہ علیہ તફસીરે કુર્તબીમાં નકલ કરે છે : **સારો શુકન** એ છે કે જે કામનો ઈરાદો કર્યો હોય એના બારામાં કોઈ વાત સાંભળીને દલીલ પકડવી. એ ત્યારે સારુ છે જ્યારે કલામ (વાત) સારી છે અને જો કલામ (વાત) બુરુ હોય તો બદશુકન છે. શરીઅતે એ વાતનો હુકમ આપ્યો છે કે માણસ સારો શુકન લઈને ખુશ થાય અને પોતાનુ કામ ખુશીથી પૂર્ણ કરે અને જ્યારે બુરુ કલામ (વાત) સાંભળે તો તેની તરફ ધ્યાન ન આપે અને ન તો એના સબબે પોતાનું કામ રોકી દે. –*(અલ જવામિહુલ અહકામિલ કુર્આન લિલ કુર્તબી, ૧૬/૧૩૨)*

હઝરત સૈયદના ઈમામ અહમદ આફંદી રૂમી બરકલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **બદશુકની લેવું હરામ** અને નેક ફાલ લેવો, **સારો શુકન લેવો મુસ્તહબ** છે. *(અત્તરીકૃતુલ મુહમ્મદિયહ, ૨/૧૭)*

## શુકન વિશે દૃષ્ટાંતો

**સારા શુકનનાં દૃષ્ટાંતો** એ છે કે જાણે કોઈ કામના માટે જઈ રહ્યા હોય અને કોઈ બુઝુર્ગની ઝિયારત (મુલાકાત) થઈ જાય તો તે મુલાકાતને પોતાના હક્માં સારી સમજે અને ઈરાદો કરે કે હવે સર્વ કામોમાં ઈન્શાઅલ્લાહ ! કામયાબી મળશે. અને **બુરા શુકનનું દૃષ્ટાંત** એ છે કે કોઈ કામે નીકળ્યા અને રસ્તામાં બિલાડી આડી ઉતરી તો તેને એવું વિચારીને યકીન કરી લીધું કે હવે મારા માટે નુકસાન થશે અને જવાનો ઈરાદો ત્યજી દે, તો સમજી લો કે બુરા શુકનમાં સપડાયા છો.

## વર્તમાનકાળની બદશુકનીઓ તથા વહેમોની એક ઝલક

બિલાડીનુ આડે ઉતરવું, (વિધવા) સ્ત્રીનું અચાનક સામેથી પસાર થવું, કોઈ કામના સમયે અચાનક છીંકનું આવવું વગેરે કામના ન થવાનો સબબ બતાવવું. જોડાનું જોડા પર ચઢી જવાને સફર કરવાની ઉપસ્થિત થવાનુ બતાવવું, આંખ ફડકવાને કોઈ કામ (વાત) થવાના તરફ દર્શાવવું, ઘર પર કાગડાના કાક કાક કરવાને મહેમાન આવવાનું સંકેત બતાવવું, ઘુવડના આવવાને નુકસાન થવાનો સબબ સમજવું, ડચકી થવાને કોઈ યાદ કરતા હોવાનું બતાવવું, જમણા હાથમાં ખંજવાળ આવવાને માલના આવવાનો તથા ડાબા હાથમાં ખંજવાળ આવવાને માલને જવાનો સબબ બતાવવું, તળીયામાં ખંજવાળ આવવાને સફરમાં જવાનુ થવાનો સંકેત દર્શાવવો વગેરે વગેરે. આ પ્રમાણે રોજ રોજની જિંદગીમાં અસંખ્ય વહેમો તથા માન્યતાઓ પ્રચલિત છે જે રાત દિવસ લોકો થકી સાંભળવા મળે છે. જ્યારે કે એ સૌ ગલત માન્યતાઓ અને મનઘડત વાતો છે. હકીકતમાં બંદાને મુસીબતો વગેરેનો સામનો તેના અમલોના કારણે કરવો પડે છે. જેવું કરશે તેવું ભરશે ! સહીહ હદીષોમાં સ્પષ્ટ છે કે, જેણે જાણી જોઈને નમાઝ છોડી દીધી તેનું ઘર, કુટુંબ, સર્વનાશ થયો. તો એને વાંચીને અમલ નથી કરવો અને આવી વાહિયાત વાતોથી ડરી જવું ક્યાંની સમજદારી છે ?!

સારાંશ કે મુસલમાનોએ વધુ પેજ 39 પર..

# ખ્વાજા ગરીબનવાઝ  رحمۃ اللہ علیہ ની કરામતો

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہની કરામતો અગણિત છે. કેટલીક તો ઘણી જ મશહૂર છે જેમ કે અનાસાગરનું પાણી એક કૂજામાં સમેટી લેવું, ઊંટોનું પોતાના સ્થાનેથી ન ઉઠી શકવું, હવામાં ઉડતા જયપાલ જોગીનું આપના હાથ પર તૌબા કરવું....વગેરે. એ ઉપરાંત અમુક કરામતો અમે અત્રે રજૂ કરીએ છીએ જેને વાંચો અને તમારા ઈમાનને તાજગી બખ્શો.

### ★ બદ્ચલન સ્ત્રીનો ઈલ્ઝામ ★

એક દિવસનો પ્રસંગ છે કે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ સુલ્તાન શમ્સુદ્દીન અલ્તમશની સાથે બાગમાં સૈર કરી રહ્યા હતા. કેટલાક અમીર ઉમરાવો તથા વઝીરો પણ સાથે હતા.

એવામાં એક બદ્કાર સ્ત્રી બાદશાહની સામે આવી અને બાદશાહને અરજ કરી કે આપ મારો નિકાહ કરાવી આપો, નહીં તો અલ્લાહના ગઝબમાં સપડાય જશો. બાદશાહે કહ્યું, કોની સાથે નિકાહ કરીશ ? અને કોણે તને ગઝબે ઈલાહીમાં સપડાવી દીધી ?! તે સ્ત્રીએ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની તરફ ઈશારો કર્યો કે આમની સાથે મારો નિકાહ કરી આપો ! આ કુત્બુલ અક્તાબ બનીને ફરે છે, પણ એમણે જ તો મારી સાથે હરામકારી કરી છે. પેટની તરફ ઈશારો કરીને કહ્યું કે આ પેટ એમનું જ છે !

હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہને જૂઠો આક્ષેપ સાંભળીને પસીનો વળી ગયો અને બાદશાહ તથા અમીરો સહમી ગયા ! હઝરત કુત્બુદ્દીને તરત જ અજમેરની તરફ મોં કરીને અરજ કરી, હે મુર્શિદ ! મારી મદદ ફર્માવો ! અલ્લાહના હુકમથી હઝરત ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ આવ્યા. હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, શું વાત છે કે તમે મને યાદ કર્યો ? હઝરત કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ સઘળો બનાવ ખ્વાજા સાહબને કહી સંભળાવ્યો. હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہએ સ્ત્રીના પેટ તરફ ઈશારો કરીને કહ્યું, સાચે સાચુ બતાવ કે હે બાળક ! તારી માએ ખ્વાજા કુત્બુદ્દીન رحمۃ اللہ علیہ પર જે આક્ષેપ મૂક્યો છે તે સાચો છે કે ખોટો ? બાળક તરત જ પોતાની માના પેટથી બોલ્યું, "આ આક્ષેપ સદંતર ગલત છે. આ સ્ત્રી અતિશય બદ્કાર તથા ફાજિરા છે."

જેથી સ્ત્રીએ ખોટો આક્ષેપ કર્યાનું સ્વીકારી લીધું અને માફી માગી અને કહ્યું કે હઝરતના હસદખોરોએ મને લાલચ આપીને હઝરતને બદ્નામ કરવાના માટે મોકલી હતી.

### ★ મઝલૂમ મુડદાની મસીહાઈ ! ★

એક દિવસે એક સ્ત્રી રડતી કકડતી હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہની ખિદમતમાં આવી. આપ એ વખતે વુઝૂ કરી રહ્યા હતા. સ્ત્રીએ અર્ઝ કરી, હુઝૂર ! શહેરના હાકિમે મારા પુત્રને વિના વાંકે કત્લ કર્યો છે, જેથી આપની પાસે ફરિયાદ લઈને આવી છું. આપ વુઝૂથી ફારિગ થયા. અસા મુબારક (સ્ટીક) પોતાના હાથ મુબારકમાં લીધી અને વૃદ્ધા તથા પોતાના ખાદિમો સાથે રવાના થયા.

આપ શહેરના હાકિમની પાસે પહોંચ્યા અને એ છોકરાના માથા તથા ધડને મિલાવીને રાખી દીધું અને રબ તઆલાથી દુઆ કરી, "હે ખાલિકે દો જહાં ! જો આ છોકરો બેકસૂર કત્લ થયો છે તો તેને જીવતો કરી આપ !" આ દુઆ માગીને આપે છોકરાના શરીર પર અસા મુબારક રાખ્યો અને ફર્માવ્યું, ઉઠ ! ખુદાના હુકમથી ! તો તે તરત જ ઉઠી ગયો. મા તથા પુત્ર હુઝૂરના કદમોમાં પડી ગયાં. હાકિમ ખૂબ જ શર્મિંદા થયો અને તેણે તૌબા કરી અને આપની માફી માગી.

### ★ કરજદાર સાથે હમદર્દી ★

હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે મેં વીસ વરસની ખિદમતના અરસામાં કદી નથી જોયું કે હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہ કોઈના પર નારાજ થયા હોય, પણ એક દિવસ જોયા. આપ પોતાના મુરીદની સાથે તશરીફ લઈ જઈ રહ્યા હતા. એક શખ્સે એ મુરીદને રસ્તામાં પકડી લીધો અને કહ્યું, જ્યાં સુધી તું મારા રૂપિયા આપીશ નહીં ત્યાં સુધી હું તને છોડીશ નહીં. હઝરતે તે કરજ માગનારને મના કર્યું પણ તેણે મના કરવા છતાં કોઈ ધ્યાન ન આપ્યું. હઝરતે ગુસ્સામાં જે ચાદર આપના ખભા પર હતી તેને જમીન પર રાખી દીધી. એ જ વખતે તે ચાદર રૂપિયા પૈસા તથા અશરફીઓથી ભરાઈ ગઈ. આપે ફર્માવ્યું, જેટલું તારું આ શખ્સ પર કરજ છે એટલું તું લઈ લે. એ શખ્સના દિલમાં લાલચ આવી ગઈ. તે કરજની રકમ કરતાં વધુ ઉઠાવવા લાગ્યો તો તેનો હાથ સૂકાય ગયો ! તે ઘણો જ પરેશાન થયો અને અફસોસ કરતો તથા શર્મિંદો પણ થયો. હઝરતને દરખાસ્ત કરી કે મને માફ કરી દેવામાં આવે, હું તૌબા કરું છું ! હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہએ એના માટે દુઆ કરી તો તેનો હાથ પોતાની અસલી હાલતમાં આવી ગયો.

### ★ મઝલૂમની ફરિયાદે પહોંચવું ★

હઝરત ગરીનવાઝ رحمۃ اللہ علیہ એકવાર ઈબાદતમાં વ્યસ્ત હતા. આલમે ઉલૂવી આપના પર જાહેર થઈ રહ્યો હતો. એ જ અરસામાં આપના મુરીદોમાંથી એક શખ્સે આવીને કહ્યું, શહેરનો હાકિમ મને શહેરથી તડીપાર કરી રહ્યો છે. હઝરતે કહ્યું, તે હાકિમ ક્યાં છે અત્યારે ? તેણે કહ્યું, ઘોડા પર સવાર થઈને મેદાનમાં સૈર કરી રહ્યો છે. આપે ફર્માવ્યું, તું તારા ઘરે જા ! તે તો પોતાના ઘોડા પરથી પડીને મરી ગયો. જ્યારે તે બહાર આવ્યો તો ખબર મળી કે મુલ્કનો હાકિમ ઘોડા પરથી પડીને મરી ગયો છે.

### ★ અલ્તમશના બાદશાહ થવાની બશારત ★

''ફવાઈદુસ્સાલિકીન''માં હઝરત ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ લખે છે કે મારા મુર્શિદ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે એક દિવસ હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہ અને શયખ અવહદુદ્દીન કિર્માની અને શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہم اجمعین બગદાદમાં એક જગાએ બેસેલા હતા. એવામાં એમની સામેથી સુલ્તાન શમ્સુદ્દીન અલ્મતશ (જે ત્યારે બાદશાહ ન હતા) તીર તથા કમાન હાથમાં લઈને પસાર થયો. એમનામાંથી એક બુઝુર્ગે શમ્સુદ્દીન અલ્તમશ પાસે પાણી માગ્યું. શમ્સુદ્દીને અદબથી પેશ કર્યું. હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہએ એના પર નજર નાખી અને મુસ્કુરાયને એ બુઝુર્ગને કહ્યું, દિલ્હીના બાદશાહથી આ ખિદમત લો છો ?! જેથી એવું જ થયું. ઈતિહાસ સાક્ષી છે કે શમ્સુદ્દીન અલ્તમશ દિલ્હીનો બાદશાહ બન્યો, જ્યારે કે ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہએ કેટલાય અરસા પહેલાં એના વિશે ફર્માવ્યું હતું.

### ★ અદબ સંબંધી અનોખો બનાવ ★

એક દિવસ હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہ પોતાના સર્વ સાથીઓની સાથે એક જગાએ બેસેલા હતા અને સુલૂકની વાતો કરી રહ્યા હતા. કેટલીયેવાર હઝરત જમણી બાજુ જોતા અને તા'ઝીમના માટે ઉભા થઈ જતા. જેના લીધે આપની તા'ઝીમમાં સર્વ હાજરજનોએ ઉભા થવુ પડતું હતું.

જ્યારે આપ એ જગાએથી ચાલ્યા ગયા તો એક ખાદિમે એ ઉઠવાનું કારણ પૂછયું. આપે ફર્માવ્યું, આ બાજુ મારા મુર્શિદ હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની કબ્ર છે. જ્યારે હું એ બાજુ જોતો તો કબ્ર મને દેખાવા લાગતી અને કબ્રનો પર્દો ઉઠી જતો હતો. એટલા માટે અનાયાસે મારે મારા મુર્શિદની તા'ઝીમના માટે ઉઠી જવું પડતું હતું.

### ★ કા'બાનો તવાફ અને શબબેદારી ★

હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہ દરરોજ રાત્રે ખાનએ કા'બાના તવાફના માટે જતા હતા અને હાજી લોકો આપને ખાનએ કા'બામાં તવાફ કરતા જોતા હતા. અને ઘરના લોકો સમજતા હતા કે આપ ઘરમાં

રહેલા છે. જ્યારે લોકો હજ્જ કરીને બાદમાં અજમેર શરીફ આવ્યા તો જાણવા મળ્યું કે હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہ દરરોજ રાત્રે ખાનએ કા'બાનો તવાફ કરવા જતા હતા, અને ફજરની નમાઝ આવીને બાજમાઅત અજમેરમાં પઢતા હતા.

### ★ અગ્નિપૂજકો મુસલમાન બની ગયા ! ★

સાત બેદીન શખ્સો એવી રિયાઝત કરતા હતા કે છઠ્ઠા મહિને એક કોળીયો ખાતા હતા. લોકો તેમના અક઼ીદતમંદ થઈ ગયા હતા, એટલા માટે કે તેઓ ભવિષ્યની વાતો બતાવતા હતા.

આ સાતેવ જણા એક દિવસે હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہની ખિદમતમાં આવ્યા. આપે નજર ફેંકી તો તેઓ ક઼દમોમાં પડી ગયા. હઝરતે ફર્માવ્યું, હે બેદીનો ! ખુદાને જુઓ છો અને તેની શક્તિને પણ માનો છો અને છતાં પણ ગૈર ખુદાની ઈબાદત કરો છો ! એટલે કે આગની પૂજા કરો છો ? અર્ઝ કરી, અમે લોકો આગથી ડરીએ છીએ અને ક઼યામતના દિવસે એનાથી વાસ્તો પડશે તો એ અમારો લેહાઝ રાખશે અને સળગાવશે નહીં. આપે ફર્માવ્યું, જો તમે ખુદાને પૂજવાનું શરૂ કરી આપો તો આગ તમને સળગાવશે નહીં. એ બેદીનોએ કહ્યું, તમે તો ખુદાની પૂજા (ઈબાદત) કરો છો ! જો તમે આગમાં કૂદી જાવ અને તમને આગ ન સળગાવે તો અમે તમારી વાતને સાચી માનીશું. હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, આગની એટલી પણ શક્તિ નથી કે એ અમારી જૂતીને પણ સળગાવે તે અમને શું સળ ગાવશે ?! તેમણે કહ્યું કે જો આ વાતનો અનુભવ કરાવી દો તો અમે ઈમાન લઈ આવીશું. હઝરતે પોતાના જૂતાને આગમાં નાખી દીધો અને ફર્માવ્યું, "હે આગ ! મોઈનુદ્દીનના જૂતાની હિફાઝત કર !" જેથી આગ તરત જ ઠંડી પડી ગઈ અને ગયબથી અવાજ આવ્યો, "આગની શું તાક઼ત છે કે અમારા દોસ્તના જૂતાને સળગાવે !"

જ્યારે તે બેદીનોએ આ હાલત જોઈ તો તરત જ મુસલમાન થઈ ગયા અને હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہથી બયઅત થયા અને હઝરતની બરકતથી એ લોકો વલી બની ગયા.

### ★ ક઼ાતિલો ગુલામ બની ગયા ! ★

એકવાર હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہ એવી જગાએ પહોંચ્યા જ્યાં બેદીનોનો ગઢ હતો. એ લોકોને જ્યારે ખબર મળી તો આપને ક઼ત્લ કરવાના ઈરાદાથી આવ્યા. પણ જ્યારે હઝરતની જલાલી નિગાહ તેમના પર પડી તો તેઓ બેચૈન થઈ ગયા અને કહેવા લાગ્યા, અમો આપના ગુલામ છીએ, અમારા પર રહમ કરો ! અમો મુસલમાન થવા તૈયાર છીએ. હઝરતે તેમને કલમો પઢાવ્યો અને મુસલમાન બનાવ્યા.

*નિગાહે વલીમેં વો તાષીર દેખી*
*બદલતી હઝારોં કી તક઼દીર દેખી*

હઝરત ખ્વાજા ક઼ુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે હું વીસ વરસ સુધી હઝરત ગરીબનવાઝ رحمۃ اللہ علیہની ખિદમતમાં રહ્યો. મેં કદી નથી જોયું કે હઝરતે પોતાની પાસેથી કોઈને રૂપિયા પૈસા આપ્યા હોય. જ્યારે આપના બાવર્ચીખાનામાં કાંઈ કમી પડી જતી અને ખાદિમ કાંઈ માગતો તો આપ મુસલ્લો ઉઠાવીને ફર્માવતા કે આની નીચેથી ઉઠાવી લે, જેટલી તારે જરૂરત હોય. ખાદિમને જેટલી રકમની જરૂરત હોતી તેટલી તે મુસલ્લાની નીચેથી ઉઠાવી લેતો. જો કોઈ ગરીબ તથા બીમાર આપની ખિદમતમાં હાજર થતો તો તેની આગતા સ્વાગતા કરતા અને જતી વખતે મુસલ્લાની નીચેથી હાથ નાખીને જે કાંઈ નીકળતું તે તેને આપી દેતા. હુઝૂર ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہના હાથોની શક્તિનું વર્ણન કર્યું, જ્યારે કે અલ્લાહના દોસ્તોની તો નિગાહે કરમથી લોકોનાં મુક઼દ્દરોનું બદલાય જવું યક઼ીની છે. હદીષે ક઼ુદ્સી છે કે અલ્લાહ તેના દોસ્તનો હાથ બની જાય છે, આંખ, કાન, ઝબાન બની જાય છે. સારાંશ કે તેમના હાથ, આંખ, કાન, જીભ ખુદાની ગયબી શક્તિથી કામો કરે છે જેનાથી મખ્લૂક઼ અગણિત ભલાઈઓ પામે છે. –*(કિતાબ : તાજદારે અજમેર)*

# બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

## :: શાદી મુબારક ::

**વારાહી** : જનાબ હાજી રજબશાહ એન. દિવાનના નૂરે નઝર યાસીનશાહ તથા ગુલામ મદારની નિકાહખ્વાની તા. ૨૮–૧૨–૨૦૧૭ અને ૨૯–૧૨–૨૦૧૭ના રોજ પીરે તરીક઼ત હસ્સાનુલ હિંદ સૈયદ મહેઝર અલી બાપુ સજ્જાદાનશીન મકનપુર શરીફે અદા કરાવી હતી. ૩૧–૧૨–૨૦૧૭ના રોજ મેહફિલે નઅત તથા મહેમાનોની દા'વતે થઈ હતી. આ ખુશીના મૌક઼ા પર રૂપિયા ૧૦૦/– લિલ્લાહ ઈમદાદ "બરકાતે ખ્વાજા" (માસિક)ને મોકલ્યા છે. જઝાકલ્લાહ !

**વડોદરા** : ખાતે પટેલ હાફિઝ હાજી ઈલ્યાસ મૂસાની નેક દુખ્તર તબસ્સુમના નિકાહ તાંદલજા નિવાસી પટેલ યાકૂબભાઈ દાઉદભાઈના નેક ફરઝંદ મુનીર સાથે તા. ૬–રબીઉલ આખર હિ.સ. ૧૪૩૯, તા. ૨૫–૧૨–૨૦૧૭ સોમવારે યાકૂતપુરા, મદાર મહોલ્લામાં રાખવામાં આવ્યા.

**ટંકારીઆ** : ખાતે ઈમ્તિયાઝ વલી શેઠની નેક દુખ્તર સાહિસ્તાબાનુની નિકાહખ્વાની નબીપુર નિવાસી હાજી દાઉદ હાજી આદમ ડેમાના નેક ફરઝંદ રિઝવાન સાથે મદ્રસા હોલ ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૭, ૧૨ રબીઉલ આખર, હિ.સ. ૧૪૩૯ રવિવારના રોજ રાખવામાં આવી.

**વડોદરા** : ખાતે ટુંડાવના રહીશ સૈયદ મુહમ્મદહુસૈન ઈસામુદ્દીનની નેક દુખ્તર સૈયદ અસ્મતજહાંના નિકાહ અમદાવાદના રહીશ, ક઼ાદરી આફતાબઅહમદ ઈસા મિયાંની નેક દુખ્તર તાસીરઝરનામની સાથે તા. ૩૧–૧૨–૨૦૧૭, ૧૨–રબીઉલ આખર હિ.સ. ૧૪૩૯ રવિવારના રોજ રાખવામાં આવ્યા.

**થામ** : (જિ. ભરૂચ) ખાતે હાજી નૂરમુહમ્મદ અલીભાઈ વાડીવાળાના નેક ફરઝંદ મુખ્તારહુસૈનની નિકાહખ્વાની અમદાવાદ નિવાસી મુશ્તાકભાઈ કોઠીવાળાની નેક દુખ્તર હુમૈરાની સાથે અમદાવાદ મુક઼ામે તા. ૧૪–૦૧–૨૦૧૮, ૨૬ રબી. આખર હિ.સ. ૧૪૩૯ રવિવારે રાખવામાં આવ્યા. બીજા દિવસે થામ ખાતે વલીમાની દા'વત કરવામાં આવી.

**ખોજબલ** : ખાતે યૂનુસ અબ્દુલ પટેલના નેક ફરઝંદ તાહિરના નિકાહ ઈશાક વલી પટેલ ઉર્ફે મુહમ્મદ શાકભાજીવાળાની નેક દુખ્તર અફરોઝા સાથે તા. ૨૮–૧–૨૦૧૮, ૧૦ જ. અવ્વલ હિ.સ. ૧૪૩૯ રવિવારે ઝહોર બાદ રાખવામાં આવ્યા. ક઼ારી મક઼સૂદ કાવીવાળાના થકી સલાતો સલામ, નઅતો મન્ક઼બત પઢતાં પઢતાં સરઘસ દુલ્હનવાળાંના ત્યાં પહોંચ્યું હતું. સ્ટેજ પર નઅત બાદ મૌલાના સાદિક઼ સાબરી દહેગામીએ શાદીના ઈસ્લામી તરીક઼ા પર બયાન કરીને સાદગીથી શાદી કરવા નસીહત કરી હતી, બાદમાં નિકાહ પઢાવ્યા હતા. આ પ્રસંગે મૌલાના હાફિઝ ઈસ્માઈલ સાહબ (દુલ્હા–દુલ્હનના મોટાબાજી) તથા તેમના ફરઝંદ સલીમભાઈ (બોલ્ટન)એ ખાસ હાજરી આપી હતી. આ પ્રસંગે ઘણા મૌલાના તથા હુફ્ફાઝે કિરામે હાજરી આપી મુબારકબાદ તથા દુઆઓ આપી હતી.

**નબીપુર** : મદ્રસા હોલ ખાતે હાજી અહમદ (રૂસ્તમ) ઈબ્રાહીમ મલેકની નેક દુખ્તર શાહીનની શાદી નબીપુર નિવાસી હાજી વલી ઈબ્રાહીમ લાલશેઠ (ડે. સરપંચ)ના નેક ફરઝંદ જાવિદ સાથે તા. ૨૮–૧–૨૦૧૮, ૧૦–જ. અવ્વલ હિ.સ. ૧૪૩૯ રવિવારે ઝહોર બાદ રાખવામાં આવી.

**વડોદરા** : ખાતે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સુલ્તાન રઝાના ભાઈ ગુલઝાર અહમદ (S/o. અઝીઝઅહમદ મહેબૂબખાન)ના નિકાહ તા. ૪–૨–૨૦૧૮ રવિવારે પેટલાદ મુક઼ામે ફરહાનાબાનુ સાથે રાખવામાં આવ્યા.

**બડાપુરા** : ખાતે સુન્ની સક્રિય કાર્યકર, ખાદિમે અહલે સુન્નત માસ્તર ઈસુબમિયાં મુહમ્મદહુસૈન મલેકના નેક ફરઝંદ મુબારકના નિકાહ ભાલેજ ખાતે નેક ખાતૂન ગુલિસ્તાં સાથે તા. ૧૭–૨–૨૦૧૮ શનિવારે રાખવામાં આવ્યા.

**દયાદરા** : ખાતે જનાબ ઉષ્માન મુહમ્મદ શેઠના નેક ફરઝંદ ફઝલમુહમ્મદના નિકાહ અબ્દુર્રઝ્ઝાક યાકૂબ ઈપ્લીની નેક દુખ્તર કુલ્સૂમ સાથે તા. ૪–૨–૨૦૧૮ રવિવારના રોજ ટંકારીયા ફૈઝ કોલોની મસ્જિદમાં ઝહોર બાદ સાદગીપૂર્વક થયા.

દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ શહીદ તલબાના ચેહલૂમનો પ્રોગ્રામ યોજાયો ★

**દયાદરા** : ''દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા'' ખાતે ૩૧–૧૨–૨૦૧૭ના રોજ શહીદ થનાર પાંચ તલબાના ઈસાલે સવાબ અર્થે તા. ૯–૧–૨૦૧૮ શનિવારે ચેહલૂમનો પ્રોગ્રામ થયો જેમાં સવારે ૮ વાગ્યે કુર્આનખ્વાની થઈ, બાદમાં નાઝિમે આ'લા અલી માસ્તર તેમજ દારુલ ઉલૂમના સ્ટાફની નિગરાનીમાં હઝરત સૈયદ ફરીદબાવા સાબરી (દયાદરા)ની સદારતમાં નઅતો મન્કૃબતનો ક્રમ ચાલ્યો જેમાં દારુલ ઉલૂમના તલબા ઉપરાંત બહારથી આવેલ નઅતખ્વાં હુફ્ફાઝે કિરામે નઅતો મન્કબત તેમજ શહીદોની બારગાહમાં ખિરાજે અક્રીદત પેશ કરતાં બયાનો મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી, મૌલાના હસન અશરફી હલદરવી, મૌલાના મહેફૂઝ સાહબ (અમદાવાદ) વગેરે અનેક ઉલમાએ શહીદની તથા તાલિબે ઈલ્મની ફઝીલત કુર્આન હદીષની રોશનીમાં પેશ કરી હતી. વિવિધ દારુલ ઉલૂમોના ટ્રસ્ટી હઝરાત, ઉસ્તાદોએ હાજરી આપી હતી. ભરૂચથી હઝરત મૌલાના સૈયદ અશરફી બાપુ, સૈયદ મૌલાના શબ્બીરબાપુ આંતીવાળા તેમજ હાફિઝ ઈમ્તિયાઝ દહેગામી, હાફિઝ મુશ્તાક દહેગામી, મૌલાના ગુલામરસૂલ અશરફી–તરસાલવી, હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી, મૌલાના હુસૈન નજમી ચોકવાલા (સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ), પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક), યુ.કે.થી પધારેલ જનાબ દાઉદ પ્રેમી (બોલ્ટન), જનાબ અબ્દુલ્લાહ પટેલ (પ્રેસ્ટન), જનાબ હાજી મુશ્તાક મુહમ્મદ ઈસા (પ્રેસ્ટન), સલીમ ખોજબલવી (બોલ્ટન)... વગેરે અનેક સાદાત, ઉલમા, અવામે હાજરી આપી હતી. પ્રોગ્રામ સલાતો સલામ દુઆ પર ખત્મ થયો. છેવટમાં ન્યાઝ જમાડવામાં આવી હતી.


## બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**હજ્જ પ્રોગ્રામ–૨૦૧૮**



**લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.**

**ઉમરાહ ૨૦૧૭–૧૮નું બુકીંગ ચાલુ છે.**

**મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.**

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

## ★ ઈન્તેક઼ાલ પુરમલાલ ! ★

**પાલોદ** : (તા. માંગરોલ, જિ. સૂરત)થી જનાબ અહમદહુસૈન આર. પઠાણનો લખેલ પત્ર મળ્યો. તેમનો એકનો એક પુત્ર ઐયૂબખાન ભરયુવાનીમાં આ ફાની દુનિયાને છોડીને અલ્લાહની રહ્‌મતે પહોંચી ગયો છે. એ વાતને ૪ વરસ થઈ ગયા છતાં આપે અશ્રુમય આંખો સાથે દર્દભર્યા અંદાઝમાં પત્ર લખ્યો છે. એકના એક યુવાન બેટાના મૃત્યુનો ગમ એક બાપ જ સમજી શકે છે, એને શબ્દોમાં વર્ણવવું શક્ય જ નથી. તેમજ તેમણે સાથે રૂા. ૨૦૦૦/–નો ચેક પોતાનાં મર્હૂમ વાલિદૈન તથા પુત્રના ઈસાલે સવાબ અર્થે અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને ઈસાલે સવાબ અર્થે મોકલેલ છે.

દુઆ છે કે અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં તેમની આ નેકી ક઼બૂલ ફર્માવે અને તેમના પુત્ર તથા વાલિદૈનની મગફેરત ફર્માવી જન્નતુલ ફિરદૌસમાં જગા આપે તથા તેમને સબ્રે જમીલ અતા કરે. રબના ફૈસલા પર સબ્ર કરવી જોઈએ એનો બદલો બંને જહાનમાં રબ અતા ફર્માવે છે, જેથી મર્હૂમોના સવાબ અર્થે ઈસાલે સવાબ કરતા રહેવું અને સબ્રથી કામ લેવું જોઈએ. રબ્બે કરીમ પઠાન સાહબને બંને જહાનમાં બેહતરીન જઝા આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કુરચણ** : (તા. આમોદ) ખાતે જનાબ અલી મૂસાના અહલિયા સાહિબા (જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહીનાં વાલિદા મોહતરમા) હજીયાણી ફાતિમાબેન તા. ૬–૧૨–૨૦૧૭ ૨૪ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૯ના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયાં છે.

**વડોદરા** : મુક઼ામે હઝરત સૈયદ મૌલાના વજીહુદ્દીન સાહબ અશરફી (શહેર ક઼ાઝી, ખલીફાએ શૈખુલ ઈસ્લામ) તા. ૧૫–૧–૨૦૧૮ સોમવારના રોજ ૨૮ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૯ના રોજ અચાનક હાર્ટ એટેકનો દૌરો પડતાં આ ફાની જગતને અલવિદા કહી અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.

**ખેરાલુ** : થી અમારા મુખ્લિસ સફીર જનાબ હનીફભાઈ રઝવી જણાવે છે કે એમના મિત્ર જનાબ શોએબખાન ચૌહાણ (ફોરમેન) ભરયુવાનીમાં ૨૫ વરસની વયે કાર અકસ્મતામાં ઈન્તેક઼ાલ કરી ગયા છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## :: મફત કિતાબ મંગાવો ::



(કિતાબ) **ચાલીસ હદીષો**
(શરહ સાથે) (પેજીસ–૧૧૨)

**સંપાદક** : મુહમ્મદ અમીન એ. ચોલા નૂરી–જામનગર જેમાં ૪૦ હદીષોની ફઝીલત, હદીષોના પ્રકારો તથા વિવિધ વિષયે નિયત વિશે, ઈમાન વિશે તથા અન્ય વિષયે માહિતિસભર હદીષો વગેરેની માહિતી આપેલી છે સાથે વિવિધ વિષયે સિહાહ સિત્તહમાંથી ૪૦ હદીષો વર્ણવી છે. સંપાદક તથા પ્રકાશકને મુબારકબાદ ! આ કિતાબ મંગાવો, વાંચો અને અમલ કરવા કોશિશ કરો. (નીચેના સરનામે પોસ્ટકાર્ડ લખી કિતાબ મફત મંગાવો)

**પ્રકાશક : ગરીબ નવાઝ કમિટી**
C/o. આઈકોન કોમ્પ્યુટર, સફલ પ્લાઝા–૧૬,
ઈન્ડિયા બેંક સામે, જેલ રોડ, મોરબી–૩૬૩૬૪૧
મો. 9328088378